વચનામૃતમાં જ્ઞાન નિરૂપણ





શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજ
અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામી, ભગવાન શ્રી સ્વામિનારાયણ



સ્વામિનારાયણ અક્ષરધામ, નવી દિલ્હી

બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા

પવિત્ર નૈતિક જીવન માટે કટિબદ્ધ આ સંસ્થા એક વિશ્વવ્યાપી આધ્યાત્મિક સમાજ છે, એક શાંતિચાહક સમાજ છે. જીવનનો સાચો મર્મ સમજાવતી, શાશ્વત શાંતિ તરફ લઈ જતી આ ધર્મસંસ્થાનું લક્ષ્ય છે – માનવમાત્રનો ઉત્કર્ષ.

ભગવાન સ્વામિનારાયણ (સન ૧૭૮૧-૧૮૩૦) પ્રબોધિત વૈદિક આદર્શોને કેન્દ્રમાં રાખી બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજે સન ૧૯૦૭માં આ સંસ્થાની સ્થાપના કરી હતી. સંસ્થાનાં ૨૦,૦૦૦થી વધુ સત્સંગ સભાકેન્દ્રો(બાળ-યુવા-મહિલા-સંયુક્ત સભાકેન્દ્રો વગેરે)નો વિશ્વવ્યાપી આધ્યાત્મિક પરિવાર માનવ-ઉત્કર્ષની ગંગા વહાવે છે.

સંસ્થાના ૧,૦૦૦ સુશિક્ષિત સંતો તથા ૫૫,૦૦૦ યુવાનોનું વિરાટ સ્વયંસેવક દળ આધ્યાત્મિક અભિયાન ઉપરાંત અનેકવિધ રચનાત્મક પ્રવૃત્તિઓનું વહન કરે છે. ચાહે તે રાહત કાર્યો હોય કે શૈક્ષણિક અભિયાન હોય; ભૂકંપગ્રસ્ત ગામોનું પુનર્નિર્માણ હોય, વસ્ત્ર-વિતરણ કે જળસંચય અભિયાન હોય. શિક્ષણ સેવાઓમાં ગામડાંઓની પ્રાથમિક શાળાઓથી માંડી ઇંગ્લેન્ડમાં ભવ્ય વિદ્યાર્થી સંકુલ સુધી અનેક શૈક્ષણિક સોપાન સર કર્યાં છે. રોગનિદાન યજ્ઞો, વિક્રમસર્જક રક્તદાન યજ્ઞોથી માંડી હોસ્પિટલ સેવામાં સંસ્થાએ તબીબી સેવાઓ વિસ્તારી છે. વ્યસનમુક્તિથી લઈને એઈડ્સ અને પર્યાવરણ જેવી સમસ્યાઓના હલ માટે આંતરરાષ્ટ્રીય સ્તરે જાગૃતિનો શંખ ફૂંકતી આ સંસ્થા, યુનો(UNO) દ્વારા માન્ય થયેલી સામાજિક સેવાસંસ્થા છે.

લંડન (યુ.કે.), શિકાગો, હ્યુસ્ટન, એટલાન્ટા, લોસ એન્જલસ, રોબિન્સવીલ (યુ.એસ.એ.), ટોરન્ટો (કેનેડા), નૈરોબી (ઇસ્ટ આફ્રિકા), ઓકલેન્ડ (ન્યૂઝીલેન્ડ), સિડની (ઓસ્ટ્રેલિયા) વગેરે સહિત અનેક દેશોમાં અજાયબી સમાં મંદિરો રચીને સંસ્કાર-પ્રવૃત્તિ અને માનવસેવાની વિશિષ્ટ જ્યોત જગાવી છે.

ગાંધીનગર તથા નવી દિલ્હીમાં અભૂતપૂર્વ આંતરરાષ્ટ્રીય સાંસ્કૃતિક સંકુલ – અક્ષરધામનું નિર્માણ કરી સંસ્થાએ યુગસિદ્ધિ હાંસલ કરી છે.

વિશ્વવંદનીય પ્રમુખસ્વામી મહારાજની નિશ્રામાં વિકસિત થયેલી અને પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજના નેતૃત્વ તળે સનાતન સંસ્કૃતિને જનમાનસમાં પોષતી આ સંસ્થાએ વિશ્વવ્યાપી સ્તરે લોકહૃદયમાં નિરાળું સ્થાન પ્રાપ્ત કર્યું છે.

બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ શતાબ્દી ગ્રંથમાળા
વચનામૃત દ્વિશતાબ્દી ગ્રંથમાળા

વચનામૃતમાં જ્ઞાન નિરૂપણ

લેખક
સાધુ પ્રિયસ્વરૂપદાસ

પ્રકાશક
સ્વામિનારાયણ અક્ષરપીઠ
શાહીબાગ, અમદાવાદ – ૩૮૦ ૦૦૪.

VACHANAMRUTMA JNAN NIRUPAN (Gujarati Edition)

By Sadhu Priyaswarupdas

Inspired by: HH Mahant Swami Maharaj

Presented by:
B.A.P.S. SWAMINARAYAN SANSTHA
Shahibaug, Amdavad – 380 004. India.

Publishers:
SWAMINARAYAN AKSHARPITH
Shahibaug, Amdavad – 380 004. India.

1st Edition:
March 2020. Copies: 7,000

ISBN: 978-81-7526-956-9

રજૂકર્તા : બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા
શાહીબાગ, અમદાવાદ – ૩૮૦ ૦૦૪.

પ્રેરણામૂર્તિ : પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજ

પ્રથમ આવૃત્તિ : માર્ચ ૨૦૨૦

પ્રત : ૭,૦૦૦

કિંમત : રૂા. ૧૮-૦૦ (સ્વામિનારાયણ અક્ષરપીઠના સૌજન્યથી
મૂળ કિંમત **રૂા. ૨૨-૦૦**માંથી ઘટાડેલી કિંમત)

મુદ્રક અને પ્રકાશક :
સ્વામિનારાયણ અક્ષરપીઠ
શાહીબાગ, અમદાવાદ – ૩૮૦ ૦૦૪.

પ્રકાશકીય

પરબ્રહ્મ પુરુષોત્તમ ભગવાન શ્રી સ્વામિનારાયણે આ વસુંધરા પર અવતરીને એક વિરાટ અને શાશ્વત કલ્યાણમય આધ્યાત્મિક આંદોલન આદર્યું હતું. એ આંદોલનના એક ભાગરૂપે હતાં – એમનાં જ્ઞાનસત્રો. નિત્ય અહોરાત્ર ગુંજતાં એમનાં જ્ઞાનસત્રોમાં મોટે ભાગે માધ્યમ હતું – પ્રશ્નોત્તરીનું. ક્યારેક સંતો-ભક્તો આધ્યાત્મિક માર્ગે પ્રગતિ કરવા માટે મુમુક્ષુમાત્ર માટે ઉપયોગી એવા અદ્‌ભુત અને વ્યવહારુ પ્રશ્નો પૂછે અને ભગવાન સ્વામિનારાયણ તેનો ઉત્તર આપે. ક્યારેક ભગવાન સ્વયં પ્રશ્નો પૂછે અને સ્વયં ઉત્તર આપે. ક્યારેક પ્રશ્ન વગર પણ કૃપાવચન વરસાવે. ભગવાન સ્વામિનારાયણની એ પરાવાણીમાં વેદ, ઉપનિષદ, સ્મૃતિ, પુરાણ, ઈતિહાસ વગેરે તમામ શાસ્ત્રોનો અનુભવપૂર્ણ અને સાક્ષાત્કારયુક્ત અર્ક ટપકતો હતો.

એમની એ પરાવાણીને પ્રમાણિત રીતે સંગ્રહીને તેમના સમકાલીન વિદ્વાન અને સમર્થ સંતશિષ્યોએ તેનો સંપાદિત ગ્રંથ તૈયાર કર્યો. નામ આપ્યું – વચનામૃત, જેને સ્વયં ભગવાને નીરખીને પ્રમાણિત પણ કર્યો.

આ વચનામૃત ગ્રંથ આધ્યાત્મિક જગતના ઈતિહાસમાં એક અજોડ શાસ્ત્ર છે. આધ્યાત્મિક માર્ગે પ્રગતિ કરવા ઈચ્છતા કોઈપણ મુમુક્ષુ માટે વચનામૃત એક અનિવાર્ય ગ્રંથ છે. તેમાં સૌ કોઈને સમજાય તેવું સરળ અને અદ્‌ભુત અનુભવપૂર્ણ માર્ગદર્શન છે. આધ્યાત્મિક માર્ગે મુમુક્ષુને ઉદ્‌ભવતા પ્રશ્ન માત્રનું સર્વોત્તમ સમાધાન છે.

બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા દ્વારા ઊજવાઈ રહેલા આ વચનામૃત ગ્રંથના દ્વિશતાબ્દી પર્વે પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજની પ્રેરણાથી વચનામૃત વિષયક વિવિધ પ્રકાશનોની શ્રેણી પ્રકાશિત કરવામાં આવી રહી છે. વિદ્વાન સંતો અને ભક્તોએ તૈયાર કરેલી આ પ્રત્યેક પુસ્તિકાના સર્જન પાછળ ઊંડું અધ્યયન અને ચિંતન છે. સ્વામિનારાયણ અક્ષરપીઠ આ પુસ્તિકાના લેખક પ્રિયસ્વરૂપદાસ સ્વામીનો હાર્દિક આભાર માને છે.

ભગવાન શ્રી સ્વામિનારાયણે વચનામૃતમાં જ્ઞાન નિરૂપણ કરીને જીવ, ઈશ્વર, માયા, બ્રહ્મ અને પરબ્રહ્મની અદ્‌ભુત વિભાવના આપી છે. આ પાંચ તત્ત્વોનું જ્ઞાન સ્પષ્ટ કરીને શ્રીહરિએ અસંખ્ય જીવો માટે મોક્ષનાં દ્વાર ખોલ્યાં છે. પ્રસ્તુત પુસ્તિકામાં લેખક પૂજ્ય પ્રિયસ્વરૂપદાસ સ્વામીએ વચનામૃતમાં શ્રીહરિ દ્વારા નિરૂપિત જ્ઞાનની વિભાવના પાંચેય તત્ત્વોનાં જુદાં જુદાં પ્રકરણોમાં સ્પષ્ટ કરી છે. આ પુસ્તિકાના લેખનની સેવા કરવા બદલ અમે તેમના આભારી છીએ.

આશા છે, આપ સૌને અને વચનામૃતને સમજવા ઇચ્છતા મુમુક્ષુઓ માટે આ પુસ્તિકા અત્યંત ઉપયોગી નીવડશે.

– સ્વામિનારાયણ અક્ષરપીઠ,

વચનામૃત દ્વિશતાબ્દી મહોત્સવ, પુષ્પદોલોત્સવ, વિ.સં. ૨૦૭૬

ક્રમિકા

શબ્દ સંક્ષેપ સૂચિ

વચ.	-	વચનામૃત
ગ.પ્ર.	-	ગઢડા પ્રથમ પ્રકરણ
સા.	-	સારંગપુર પ્રકરણ
કા.	-	કારિયાણી પ્રકરણ
લો.	-	લોયા પ્રકરણ
પં.	-	પંચાળા પ્રકરણ
ગ.મ.	-	ગઢડા મધ્ય પ્રકરણ
વર.	-	વરતાલ પ્રકરણ
અમ.	-	અમદાવાદ પ્રકરણ
ગ.અં.	-	ગઢડા અંત્ય પ્રકરણ
સ્વા.વા.	-	મૂળ અક્ષરમૂર્તિ સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામીની વાતો

પૂર્વભૂમિકા

'રાજા ભી દુખિયા, રંક ભી દુખિયા;
ધનપતિ દુખિત વિકાર મેં...
જ્ઞાન વિના દુઃખ પાવત દુનિયા...'

સદ્‌ગુરુ મુક્તાનંદ સ્વામીની આ સુપ્રસિદ્ધ કાવ્ય-પંક્તિ છે.

આજે આપણી આસપાસ આ વાત અક્ષરશઃ સ્પષ્ટપણે જણાઈ આવે છે.

રાજાથી માંડીને રંક સુધી, કરોડપતિથી માંડીને રોડપતિ સુધી બધા જ દુઃખી જણાય છે, બધા જ પોતાને દુઃખી માને છે.

એક મહાત્મા ભિક્ષાટન કરતાં કરતાં એક એવી વ્યક્તિના દરવાજે પહોંચ્યા, જે સ્વયં ભિખારી જ હતો! તે ભિખારી અંદરથી બોલ્યો: 'હું પણ સ્વયં ભિખારી છું, તેથી શું આપું?'

મહાત્માએ કહ્યું: 'ઉદાર દિલ હોય તો માગેલી ભિક્ષામાંથી પણ આપી શકાય!'

ભિખારી કહે: 'પરંતુ કેટલાય દી'થી બીમાર છું, ભીખ માંગવાય ક્યાંય જઈ શકતો નથી. પહેલાંનું ભેગું થયેલું અન્ન પણ વપરાઈ ગયું છે.'

સંતને દયા આવી. તેઓ તેની સેવા માટે અંદર ગયા. ભિખારીની દશા જોઈ આંખમાંથી આંસુ આવી ગયાં. પરંતુ બીજી જ ક્ષણે તેઓ હસવા માંડ્યા!

ભિખારીને આશ્ચર્ય થયું: આમ કેમ?!

મહાત્મા કહે: 'તારા અજ્ઞાન પર હસું છું. તું પોતાને ભિખારી કહે છે, પણ તું તો મોટો સંપત્તિવાન છે.'

ભિખારીને આ મશ્કરી જેવું લાગ્યું.

મહાત્મા કહે: 'તારી નજર સામે જ છે, તે જો!'

ભિખારીને તેના જ ઘરમાં, તેની જ સામે પડેલો પારસમણિ બતાવ્યો. લોખંડને અડાડી સોનું કરી બતાવ્યું. ભિખારી રાજી થઈ ગયો. મહાત્મા કહે: 'તું આજથી ધનવાન નથી થયો, પહેલેથી ધનવાન જ હતો. કસર એ છે કે તું ઘરમાં રહેલી સંપત્તિને ઓળખી શક્યો નહીં. હવે તું ગરીબી દૂર કર.'

અહીં સદ્‌ગુરુ મુક્તાનંદ સ્વામીના કાવ્યની છેલ્લી પંક્તિ ચરિતાર્થ થતી જણાય છે:

'જ્ઞાન વિના દુઃખ પાવત દુનિયા...'

દુઃખ કોઈ પદાર્થના અભાવનું નથી, પરતું જ્ઞાનના અભાવનું છે.

જો જ્ઞાન થઈ જાય તો કેવો અનુભવ થાય, તે અંગે ભગવાન સ્વામિનારાયણે સમજાવ્યું છે:

- ''એવો જે હોય તે રાજ્યમાં હોય તો પણ વનમાં છે અને વનમાં હોય તો પણ તેને રાજ્ય કરતાં વધતો આનંદ છે. અને એવો જે જ્ઞાની તે રાજ્યમાં રહ્યો હોય ને હજારો મનુષ્ય પોતાની આજ્ઞામાં રહેતા હોય ને સમૃદ્ધિએ યુક્ત હોય, તેણે કરીને પોતાને કાંઈ એમ ન માને જે, 'હું બહુ મોટો થઈ ગયો.' અને તે રાજ્યનો નાશ થઈ જાય ને હાથમાં મૃત્તિકા(માટી)નું પાત્ર લઈને ઘરોઘર માગી ખાય, તેણે કરીને એમ ન માને જે, 'હું હવે તો ગરીબ થઈ ગયો.' કેમ જે, તે તો પોતાના કેફમાં મહાઅલમસ્ત રહે. તથા તેણે પોતાના સ્વરૂપનો તથા ભગવાનના સ્વરૂપનો મહિમા જાણ્યો છે; તે માટે એને સોનું, કૂચો, લોઢું, પાષાણ(પથ્થર) એ સર્વને વિષે સમબુદ્ધિ વર્તે છે તથા માન- અપમાનને વિષે સમબુદ્ધિ વર્તે છે. અને એવો જે જ્ઞાની તેને કોઈ પદાર્થ બંધન કરવા સમર્થ નથી.'' (વચ. લો. ૧૦)

'જ્ઞાન' શબ્દનું તાત્પર્ય : જ્ઞાન શું છે?

શબ્દકોશ કહે છે કે 'જ્ઞાન' એટલે 'જાણવું તે', 'સમજવું તે'.

'જ્ઞાન' શબ્દનો આ અર્થ સાંભળ્યા પછી અવશ્ય પ્રશ્ન થશે કે 'શું જાણવું?' કહેતાં કે 'આપણે શું જાણવાનું છે કે જેથી આપણને જ્ઞાન થયું

કહેવાય ?'

આ પુસ્તિકામાં આપણે 'વચનામૃત'ને આધારે જ્ઞાન સમજવાનું છે. સમગ્ર વચનામૃત ગ્રંથનો અભ્યાસ કરતાં સ્પષ્ટપણે સમજાય છે કે જીવના આત્યંતિક કલ્યાણ માટે અને પરમ આનંદની પ્રાપ્તિ માટે પાંચ બાબતો જાણવી અનિવાર્ય છે:

૧. પુરુષોત્તમનું સ્વરૂપ.
૨. અક્ષરબ્રહ્મનું સ્વરૂપ.
૩. માયાનું સ્વરૂપ.
૪. ઈશ્વરનું સ્વરૂપ.
૫. જીવાત્માનું સ્વરૂપ.

આ પાંચ જ્ઞાન પ્રાપ્ત કરીને આત્યંતિક કલ્યાણ પમાય છે, અને સાથે સાથે જીવનમાં પરમાનંદની પ્રાપ્તિ થાય છે.

'વચનામૃત' ગ્રંથમાં ભગવાન સ્વામિનારાયણે સર્વ શાસ્ત્રમાત્રના સારરૂપે આ પાંચ જ્ઞાન સમજાવ્યાં છે:

- "વેદ, શાસ્ત્ર, પુરાણ, ઇતિહાસ એ સર્વે ગ્રંથનો એ જ ગલિતાર્થ છે. આ જે અમે વાત કરી છે તે સર્વે શાસ્ત્રનું રહસ્ય છે." (વચ. ગ.મ. ૧)

શ્રીહરિએ અતિ શુદ્ધ હેતુથી આપણને જ્ઞાન પીરસ્યું છે:

- "અમારે પરમહંસ તથા સત્સંગી સમસ્ત પાસેથી કોઈ સ્વાર્થ સાધવો નથી... કોઈ રીતે આ વાત સમજાય તો બહુ સારું થાય... માટે આ વાર્તા છે તે સર્વે દૃઢ કરીને રાખજ્યો." (વચ. ગ.મ. ૧૩)
- "તમારે સર્વેને મારે વિષે વિશ્વાસ છે ને હું તમને જેવી-તેવી અવળી વાતે ચડાવી દઉં, તો જેમ સર્વેને કૂવામાં નાંખીને ઉપરથી પાણાની શિલા ઢાંકે ત્યારે તેને નીકળવાની આશા જ નહીં, તેમ તમે પણ મારા વચનને વિશ્વાસે કરીને અવળે માર્ગે ચઢી જાઓ તો એમાં મારું શું સારું થાય? માટે આ વાર્તા તમારા કલ્યાણની છે તે મેં તમને હેતે કરીને કહી છે; તે સારુ તમો સર્વે હવે આવી જ રીતે સમજીને દૃઢપણે વર્તજો." (વચ. ગ.મ. ૩૫)
- "તમે સર્વે મુનિમંડળ તથા બ્રહ્મચારી તથા ગૃહસ્થ સત્સંગી તથા પાળા તથા અયોધ્યાવાસી, એ તમે સર્વે મારા કહેવાઓ છો. તે જો

હું ખટકો રાખીને તમને વર્તાવું નહીં અને તમે કાંઈક ગાફલપણે વર્તો તે અમારા થકી દેખાય નહીં. માટે જે જે મારા કહેવાયા છો તેમાં મારે એક તલમાત્ર કસર રહેવા દેવી નથી.'' (વચ. ગ.મ. ૪૫)

કેવળ આપણા માનીને આપણું સર્વ પ્રકારે રૂડું કરવા માટે સર્વ શાસ્ત્રના સારરૂપ આ જ્ઞાન શ્રીહરિએ વચનામૃતમાં સમજાવ્યું છે.

વળી, શ્રીહરિ વચનામૃતમાં પણ સ્પષ્ટપણે કહે છે:

- ''શાસ્ત્રમાં જે શબ્દ છે તે એકાંતિક ભક્ત વિના બીજાને સમજાતા નથી.'' (વચ. ગ.પ્ર. ૬૬)
- ''સત્‌શાસ્ત્રનું શ્રવણ કરવું તે સત્પુરુષ થકી જ કરવું.'' (વચ. લો. ૧૧)

આમ, શ્રીહરિના મતે વચનામૃતના રહસ્યાર્થો પણ ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, માહાત્મ્યે સહિત ભગવાનની ભક્તિ, પંચ વર્તમાનરૂપ અણિશુદ્ધ વર્તને યુક્ત પરમ એકાંતિક સત્પુરુષ થકી જ યથાર્થ સમજાય છે. આવાં અનંત શુભ લક્ષણેયુક્ત અક્ષરબ્રહ્મ સત્પુરુષ એવા ગુણાતીતાનંદ સ્વામી, ભગતજી મહારાજ, શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજ, પ્રમુખસ્વામી મહારાજ અને વર્તમાનકાળે મહંત સ્વામી મહારાજે જે રીતે વચનામૃતમાંથી જ્ઞાનના સિદ્ધાંતો સમજાવ્યા છે, તે અનુસાર હવે પછી આપણે આ પાંચ પ્રકારનું જ્ઞાન પામીએ...

પુરુષોત્તમનું જ્ઞાન

ભગવાન સ્વામિનારાયણે પાંચ અનાદિ તત્ત્વોની વાત ગ.પ્ર. ૭, ગ.અં. ૧૦, સા. ૬ વગેરેમાં કરી છે. તેમાં માયા પરનાં બે તત્ત્વો અક્ષરબ્રહ્મ અને પરબ્રહ્મ છે. માયાની અંદરનાં બે તત્ત્વો ઈશ્વર અને જીવ છે. આમ, નીચેથી ગણીએ તો જીવ, ઈશ્વર, માયા, અક્ષરબ્રહ્મ અને પરબ્રહ્મ – આ પાંચ તત્ત્વોને સારી પેઠે, યથાર્થપણે જાણવાં તેને 'જ્ઞાન' કહેવાય છે.

અહીં આપણે ઊતરતા ક્રમમાં તે તત્ત્વો અંગે જાણીશું.

પરબ્રહ્મ - પુરુષોત્તમ

વચનામૃત ગ્રંથમાં 'પુરુષોત્તમ' માટે 'પરબ્રહ્મ', 'પરમેશ્વર', 'પરમાત્મા', 'ભગવાન' વગેરે શબ્દો પણ વપરાયા છે.

ભગવાન સ્વામિનારાયણે ઉપરોક્ત પાંચ નિત્ય તત્ત્વો ગણાવ્યાં છે; નિત્ય એટલે હંમેશાં અસ્તિત્વ ધરાવનાર, ક્યારેય ઉત્પન્ન ન થનાર કે ક્યારેય નાશ ન પામનાર, અનાદિ અને અનંત.

"પુરુષોત્તમ ભગવાન, અક્ષરબ્રહ્મ, માયા, ઈશ્વર અને જીવ એ જે પાંચ ભેદ તે અનાદિ છે." (વચ. ગ.પ્ર. ૭)

'ભેદ' એટલે એકબીજાથી હંમેશાં જુદા - ભિન્ન.

આ પાંચ તત્ત્વમાં; પુરુષોત્તમ ભગવાન, અક્ષરબ્રહ્મ, ઈશ્વર અને જીવ – એ ચાર ચેતન તત્ત્વો છે અને માયા જડ તત્ત્વ છે.

આ પાંચેય તત્ત્વોમાં સર્વશ્રેષ્ઠ અને સર્વોપરી તત્ત્વ 'પુરુષોત્તમ' છે.

તેથી જ તેમનાં સાર્થક નામો પ્રસિદ્ધ છે.

પુરુષોત્તમ એટલે ક્ષરપુરુષ (માયામાં બંધાયેલ પુરુષ-જીવ-ઈશ્વર) અને અક્ષર પુરુષ (માયાથી પર અક્ષરબ્રહ્મ) કરતાં ઉત્તમ –

પરબ્રહ્મ એટલે અક્ષરબ્રહ્મથી પર,
પરમેશ્વર એટલે ઈશ્વરથી પર,
પરમાત્મા એટલે જીવાત્માથી પર.
કેવું છે આ પુરુષોત્તમનું સ્વરૂપ?
તેમાં શું શું જાણવાનું છે? તે હવે ક્રમશઃ જોઈએ.

૧. પુરુષોત્તમ એક અને અદ્વિતીય

સંખ્યાની દૃષ્ટિએ જીવો અનંત છે, ઈશ્વરો અનંત છે, અક્ષરબ્રહ્મ એક છે, અને પરબ્રહ્મ પુરુષોત્તમ એક છે અને અદ્વિતીય છે.

ભગવાન સ્વામિનારાયણ કહે છે:

- ''ભગવાનનું સ્વરૂપ પણ એક જ છે. અને તે ભગવાન અતિ સમર્થ છે ને તે જેવો થવાને કાજે અક્ષર પર્યંત કોઈ સમર્થ થતો નથી, એ સિદ્ધાંત છે.'' (વચ. લો. ૪)
- ''જે ભગવાન છે તે જેવા તો એ એક જ છે અને ભગવાનને ભજી ભજીને ઘણાક ભગવાનના સાધર્મ્યપણાને પામ્યા છે, (ભગવાન જેવા ગુણોને પામ્યા છે) તો પણ તે ભગવાન જેવા તો થતા જ નથી.'' (વચ. ગ.અં. ૩૯)

આમ, અનાદિથી અનંત કાળ સુધીમાં જીવો, ઈશ્વરો કે અક્ષરબ્રહ્મ – કોઈ ક્યારેય પરબ્રહ્મ પુરુષોત્તમ ભગવાન જેવા થઈ શકતા જ નથી, પુરુષોત્તમ હંમેશાં એક અને અદ્વિતીય જ રહે છે.

૨. પુરુષોત્તમનાં બે સ્વરૂપો – અન્વય અને વ્યતિરેક

ભગવાન સ્વામિનારાયણે વચનામૃતમાં પુરુષોત્તમ ભગવાનનું અન્વય અને વ્યતિરેક સ્વરૂપ સ્પષ્ટ શબ્દોમાં સમજાવ્યું છે. ભગવાન હંમેશાં અન્વય પણ છે અને વ્યતિરેક પણ છે. અન્વય એટલે પોતાનાથી ભિન્ન પદાર્થમાં વ્યાપક; વ્યતિરેક એટલે બીજા પદાર્થમાં વ્યાપક ન હોય તેવું અલગ સ્વરૂપ.

દૃષ્ટાંતથી સમજીએ તો, ઓરડામાં ફેલાયેલો દીવાનો પ્રકાશ એ દીવાનું અન્વય સ્વરૂપ કહેવાય અને દીવાની જ્યોત એ દીવાનું વ્યતિરેક સ્વરૂપ કહેવાય.

પુરુષોત્તમ ભગવાન અન્વય સ્વરૂપે જીવ, ઈશ્વર, અક્ષરબ્રહ્મ, માયા અને માયામાંથી ઉદ્ભવેલાં અનંત કોટિ બ્રહ્માંડોમાં સર્વત્ર વ્યાપક છે, આ તેમનું અંતર્યામી (અન્યમાં પ્રવેશ કરીને નિયમન કરનાર) સ્વરૂપ પણ કહેવાય છે.

તેઓ વ્યતિરેક સ્વરૂપે સદાય પોતાના અક્ષરધામમાં દિવ્ય મનુષ્યાકારે મૂર્તિમાન વિરાજમાન છે, આ તેમનું પર સ્વરૂપ પણ કહેવાય છે.

ભગવાન સ્વામિનારાયણ અન્વય સ્વરૂપ વિષે કહે છે:

- "અક્ષરબ્રહ્મ, ઈશ્વર, જીવ, માયા અને માયાનાં કાર્ય જે બ્રહ્માંડ એમને વિષે જે શ્રીકૃષ્ણ ભગવાનને અંતર્યામીપણે કહેવા અને નિયંતાપણે કહેવા તે એ ભગવાનનું અન્વયપણું છે." (વચ. ગ.પ્ર. ૭)
- "એક પુરુષોત્તમ ભગવાન છે તે અંતર્યામીરૂપે કરીને એ સર્વેને વિષે પ્રવેશ કરીને રહ્યા છે." (વચ. ગ.પ્ર. ૪૧)
- "ભગવાન સર્વાંતર્યામી છે; તે એક ઠેકાણે રહીને સર્વેના અંતરને જાણે છે." (વચ. ગ.મ. ૨૭)

આમ, ભગવાન સર્વમાં રહીને સર્વને જાણે છે અને સર્વનું નિયમન (Control) કરે છે, આ તેમનું અન્વય સ્વરૂપ છે.

આ જ રીતે ભગવાન સ્વામિનારાયણ વ્યતિરેક સ્વરૂપ વિષે કહે છે:

- "એ સર્વથી પૃથક્પણે કરીને પોતાના ગોલોકધામને વિષે જે બ્રહ્મજ્યોતિ તેને વિષે રહ્યા છે એમ જે કહેવું તે એ ભગવાનનું વ્યતિરેકપણું છે." (વચ. ગ.પ્ર. ૭)
- "તે અક્ષરધામને વિષે પુરુષોત્તમ ભગવાન પોતે સદા વિરાજમાન છે, અને પોતાની અંતર્યામી શક્તિએ કરીને અક્ષરધામ અને અનંત કોટિ બ્રહ્માંડ અને તે બ્રહ્માંડના જે ઈશ્વર તે સર્વેને વિષે અન્વયપણે રહ્યા છે." (વચ. ગ.પ્ર. ૬૩)
- "ભગવાન પણ પોતાના અક્ષરધામને વિષે મૂર્તિમાન થકા પોતાની અંતર્યામી શક્તિએ કરીને જીવોને વિષે વ્યાપીને રહ્યા છે." (વચ. કારિ. ૪)

આમ, પુરુષોત્તમ ભગવાન અક્ષરધામમાં વ્યતિરેક સ્વરૂપે મૂર્તિમાન વિરાજમાન રહ્યા થકા જ અન્વય સ્વરૂપે - અંતર્યામી સ્વરૂપે સર્વત્ર વ્યાપીને રહ્યા છે, એટલે કે ભગવાનનાં અન્વય અને વ્યતિરેક બંને સ્વરૂપો હંમેશાં એક સાથે જ અસ્તિત્વ ધરાવે છે.

૩. પુરુષોત્તમ - સર્વકર્તાહર્તા

- **પુરુષોત્તમ ભગવાન જ સર્વકર્તાહર્તા છે, તેમની ઈચ્છા કે અનુમતિ વિના કંઈ પણ થઈ શકતું નથી.**

  આ અંગે ભગવાન સ્વામિનારાયણ જણાવે છે:

  - "ભગવાન વિના સૂકું પાંદડું પણ ફરવાને સમર્થ નથી." (વચ. ગ.પ્ર. ૩૭)
  - "તે ભગવાનના ડોલાવ્યા વિના એક તૃણ પણ ડોલવાને સમર્થ નથી. અને અનંત કોટિ બ્રહ્માંડને વિષે જે ઉત્પત્તિ, સ્થિતિ, પ્રલય થાય છે અને તેને વિષે સુખ-દુઃખનો જીવોને સંબંધ થાય છે, તે સર્વે પુરુષોત્તમ ભગવાનના હાથમાં છે. જેટલું ભગવાન કરે તેટલું જ થાય છે." (વચ. ગ.પ્ર. ૭૮)
  - "જેમ પ્રજા સર્વે રાજાને આધારે છે, તેમાં દીવાન હોય તથા વજીર હોય તેનું રાજા ચાલવા દે તેટલું ચાલે પણ ન ચાલવા દે ત્યારે એક અણુમાત્ર પણ ન ચાલે; તેમ દેશ, કાળ, કર્મ, માયા તેનું પરમેશ્વર ચાલવા દે તેટલું ચાલે પણ પરમેશ્વરના ગમતા બહાર અણુમાત્ર પણ ન ચાલે. માટે સર્વકર્તા તે પરમેશ્વર જ છે." (વચ. ગ.મ. ૨૧)

ટૂંકમાં, સૂકું પાંદડું કે ઘાસનું તણખલું પણ ભગવાન પુરુષોત્તમની મરજી વિના હલી શકે નહીં, તો બીજું તો શું થઈ શકે? આપણા જીવનમાં કે સમગ્ર વિશ્વમાં જે કંઈ ઈચ્છનીય કે અનિચ્છનીય પ્રસંગો બને છે, તે સઘળું ભગવાનની મરજીથી જ થતું રહે છે.

- **જગતની ઉત્પત્તિ-સ્થિતિ-પ્રલયના કર્તા એકમાત્ર પુરુષોત્તમ ભગવાન છે.**

  ભગવાન સ્વામિનારાયણ કહે છે:

  - "તે અક્ષર થકી પર અક્ષરાતીત એવા જે પુરુષોત્તમ ભગવાન તે

છે; તે સર્વેની ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલય તેના કર્તા છે ને તે સર્વના કારણ છે.'' (વચ. ગ.પ્ર. ૫૧)

- ''સર્વના કારણરૂપ એવા ભગવાન તે મનુષ્ય જેવા છે, તો પણ પોતાના અંગમાંથી યોગકળાએ કરીને અનંત કોટિ બ્રહ્માંડને ઉત્પન્ન કરવાને સમર્થ છે ને પાછાં પોતાને વિષે લય કરવાને સમર્થ છે. (પોતાના સ્વરૂપમાં સમાવી લેવા સમર્થ છે.)'' (વચ. લોયા. ૨)

આપણા શરીરથી માંડીને અનંત કોટિ બ્રહ્માંડો સુધી જે કંઈ સર્જન થયું છે તે તથા તે સર્વનો સમય આવ્યે વિનાશ એકમાત્ર પુરુષોત્તમ ભગવાનના હાથમાં છે.

- **આપણે સૌ તો કેવળ તેમની કઠપૂતળી માત્ર છીએ. આપણામાં જે વિવિધ શક્તિઓ છે તે તેમની જ આપેલી છે.**

જ્ઞાનશક્તિ : 'હું કોણ છું ? શું છું ? મેં શું કર્યું છે ને હવે શું કરવાનું છે ?' તે તમામનું જ્ઞાન તેમની આપેલી જ્ઞાનશક્તિથી આપણામાં ટકી રહે છે.

ઈચ્છાશક્તિ : આપણે જે જે ઇચ્છા કરીએ છીએ કે 'મારે આ કામ કરવું છે, ખાવું છે, સૂવું છે...' વગેરે તેમણે આપેલી ઇચ્છાશક્તિને જ માત્ર આધારિત છે.

ક્રિયાશક્તિ : એમણે આપેલી ક્રિયાશક્તિના બળ વિના આપણે એક તણખલું પણ હલાવી શકીએ તેમ નથી, અરે ! એક શ્વાસ પણ લઈ શકીએ તેમ નથી ! (વચ. ગ.પ્ર. ૬૫ને આધારે)

અહીં એક પ્રશ્ન થાય કે ભગવાન જો આ રીતે સર્વ પ્રકારે કર્તાહર્તા જ હોય, તો તેઓ એક વ્યક્તિને દુઃખી કરે છે અને બીજી વ્યક્તિને સુખી કરે છે, તો શું તેઓ ભેદભાવ રાખે છે ?, શું તેઓ સુખી માટે દયાળુ છે, અને દુઃખી માટે નિર્દય છે ?

આ અંગે પણ ભગવાન સ્વામિનારાયણે વચનામૃતમાં સ્પષ્ટપણે સમજણ આપી છે.

- **જીવ સાથે જોડાયેલો કર્મસિદ્ધાંત સમજાવતાં શ્રીહરિ કહે છે :**

- ''એ ભગવાન છે તે પોતાના ધામરૂપ એક દેશને વિષે રહ્યા થકા જ અન્વયપણે અનેક બ્રહ્માંડને વિષે રહ્યા જે સર્વે જીવના સમૂહ તેમને વિષે તેમના યથાયોગ્ય કર્મફળપ્રદાતાપણે અંતર્યામીરૂપે કરીને રહ્યા

છે અને સર્વ જીવના જીવન છે ને એ વિના એ જીવ કાંઈ કરવાને ને ભોગવવાને સમર્થ નથી થતો.'' (વચ. ગ.અં. ૩૭)

- ''કર્મને અનુસારે એ જીવને ભગવાન જે તે ઉદ્ભિજ્જ (વનસ્પતિ) જાતિના જે દેહ, જરાયુજ (ગર્ભમાંથી જન્મનાર સસ્તન) જાતિના જે દેહ, સ્વેદજ (માંકડ, મચ્છર વગેરે) જાતિના જે દેહ અને અંડજ (પક્ષી, સાપ વગેરે ઈંડાંમાંથી) જાતિના જે દેહ તેને પમાડે છે, અને સુખ-દુઃખરૂપ જે કર્મનાં ફળ તેને પમાડે છે, અને તે જીવના કર્મને અનુસારે તેના દેહ થકી બીજા દેહને સૃજે છે.'' (વચ. ગ.પ્ર. ૧૩)

આમ, જીવ અનંત જન્મ ધરીને જે જે સારાં અથવા નરસાં કર્મ કરે છે, તેને ભગવાન તે જીવને વિષે અંતર્યામી રૂપે રહ્યાં રહ્યાં જુએ છે, જાણે છે; અને તે તે કર્મ અનુસાર જ ભગવાન તે જીવને કર્મના ફળરૂપે જુદા જુદા દેહ આપે છે, અને સુખ-દુઃખનો અનુભવ કરાવે છે. જેમ રાજા કોઈ વ્યક્તિ પર કૃપા કરે, અથવા કોઈ વ્યક્તિને દંડ કરે – તેમાં રાજા ભેદભાવ રાખતા નથી કે નિર્દય પણ નથી, વ્યક્તિનાં પોતાનાં કર્મોનું ફળ જ આપે છે. પુરુષોત્તમ ભગવાન માટે પણ આ જ દૃષ્ટાંત વિચારી શકાય. અહીં એ વાત અવશ્ય સમજવા જેવી છે કે પૂર્વકર્મના ફળરૂપે આવનાર દુઃખ માટે ડિસ્કાઉન્ટ (Discount)ની વ્યવસ્થા કૃપાસાગર પુરુષોત્તમ ભગવાને રાખી છે.

ભગવાન સ્વામિનારાયણ કહે છે :

- ''અતિશય દુઃખ થવાનું હોય તો તેમાંથી પરમેશ્વરનો આશરો કરીએ તો થોડુંક ઓછું થાય ખરું, પણ એ જીવને એમ સમજાતું નથી. અને જો શૂળી લખી હોય (શૂળીએ ચડાવ્યા જેવું દુઃખ આવવાનું હોય) તો કાંટેથી ટળી જાય એટલો તો ફેર પડે છે... કાં જે, અમે રામાનંદ સ્વામી પાસે માગી લીધું છે જે, 'તમારા સત્સંગી હોય તેને એક વીંછીનું દુઃખ થવાનું હોય તો તે મને એક એક રૂંવાડે કોટિ કોટિ વીંછીનું દુઃખ થાઓ પણ તમારા સત્સંગીને તે થાઓ નહીં; અને તમારા સત્સંગીને પ્રારબ્ધમાં (પૂર્વકર્મમાં) રામપત્તર (ભીખ માગવાનું) લખ્યું હોય તે રામપત્તર મને આવે પણ તમારા સત્સંગી અન્ન-વસ્ત્રે કરીને દુઃખી ન થાય; એ બે વર મને આપો.' એમ મેં રામાનંદ સ્વામી પાસે માગ્યું, ત્યારે મને રામાનંદ સ્વામીએ

રાજી થઈને એ વર આપ્યો છે. માટે જે કોઈ સત્સંગ કરે છે તેને વ્યવહારે દુઃખ થવાનું લખ્યું હોય તે થાય નહીં.'' (વચ. ગ.પ્ર. ૭૦)

આમ, પુરુષોત્તમ ભગવાનનો દૃઢ આશ્રય - પ્રાર્થના - ભક્તિ કરવાથી 'શૂળીનું દુઃખ કાંટે મટે' એટલો મોટો લાભ થાય છે, ભગવાન તો અતિશય દયાળુ છે.

ભગવાનનો દૃઢ આશ્રય કર્યા પછી પણ જીવનમાં દુઃખો આવ્યાં કરે, તેનું કારણ જણાવતાં ભગવાન સ્વામિનારાયણ કહે છે:

■ ''ભગવાનનો જે ભક્ત હોય તેને તો જે જે પ્રકારનાં દુઃખ આવે છે તે દુઃખના દેનારા કાળ, કર્મ, માયા એમાંથી કોઈ નથી; એ તો પંડે ભગવાન જ પોતાના ભક્તની ધીરજ જોવાને અર્થે દુઃખને પ્રેરે છે અને પછી જેમ કોઈક પુરુષ પડદામાં રહીને જુએ, તેમ ભક્તની ધીરજને ભગવાન ભક્તના હૃદયમાં રહીને જોયા કરે છે. પણ કાળ, કર્મ, માયાનો શો ભાર છે જે, ભગવાનના ભક્તને પીડી શકે? એ તો ભગવાનની જ ઇચ્છા છે, એમ જાણીને ભગવાનનો ભક્ત હોય તેને મગન (પ્રસન્ન) રહેવું.'' (વચ. ગ.મ. ૬૨)

'જે ભણવા બેસે તેની જ પરીક્ષા લેવાય' – એ ન્યાયે, જે વ્યક્તિ ભગવાનનો દૃઢ આશરો કરે, ભગવાનની આજ્ઞા મુજબ મુક્તિ માટેની સાધના કરે, તેની આ રીતે ભગવાન કસોટી પણ કરે છે; એ ચકાસવા માટે કે 'આને મારો આશ્રય કેટલો દૃઢ થયો છે? સાંસારિક મુશ્કેલીમાં એ કેવળ મને જ વળગી રહે છે કે મારા સર્વકર્તાપણામાંથી વિશ્વાસ ખોઈ બેસે છે?'

આ તમામ ચર્ચાનો ટૂંકસાર એટલો જ છે કે સર્વકર્તા પુરુષોત્તમ ભગવાન જ છે, તેમની મરજી વિના સૂકું તણખલું પણ હલી શકે તેમ નથી, સઘળું કેવળ અને કેવળ તેમના જ, અને એકમાત્ર તેમના જ નિયંત્રણમાં છે. એ ચાહે તો કર્મફળ આપે, કે ચાહે તો કસોટી કરે... પણ કર્તૃત્વ તો એમનું જ છે.

- **સર્વકર્તાહર્તા પુરુષોત્તમ નારાયણ એટલે ભગવાન સ્વામિનારાયણ પોતે જ.**

આ અંગે ભગવાન સ્વામિનારાયણ સ્પષ્ટપણે જણાવે છે:

■ ''જેની આવી સમજણ હોય તેના હૃદયમાં ભગવાન સર્વ પ્રકારે નિવાસ કરીને રહે છે. તેની વિગત જે, જે એમ સમજતો હોય જે,

'આ પૃથ્વી જેની રાખી સ્થિર રહી છે ને ડોલાવી ડોલે છે તથા આ તારામંડળ જેનું રાખ્યું અધર રહ્યું છે તથા જેના વરસાવ્યા મેઘ વર્ષે છે તથા જેની આજ્ઞાએ કરીને સૂર્ય-ચંદ્ર ઉદય-અસ્તપણાને પામે છે તથા ચંદ્રમાની કળા વધે-ઘટે છે તથા પાળ વિનાનો સમુદ્ર જેની મર્યાદામાં રહે છે તથા જળના બિંદુમાંથી મનુષ્ય ઉત્પન્ન થાય છે અને તેને હાથ, પગ, નાક, કાન એ આદિક દસ ઈન્દ્રિયો થઈ આવે છે તથા આકાશને વિષે અધર જળ રાખી મૂક્યું છે અને તેમાં ગાજવીજ થાય છે, એવાં અનંત આશ્ચર્ય છે તે સર્વે મને મળ્યા એવા જે ભગવાન તેનાં કર્યાં જ થાય છે,' એમ સમજે, પણ પ્રગટ પ્રમાણ જે ભગવાન તે વિના બીજો કોઈ એ આશ્ચર્યનો કરનારો છે એમ માને નહીં. અને 'પૂર્વે જે જે અનંત પ્રકારનાં આશ્ચર્ય થઈ ગયાં છે તથા હમણાં જે થાય છે તથા આગળ થશે તે સર્વે મને મળ્યા એવા જે પ્રત્યક્ષ ભગવાન તે વતે જ થાય છે' એમ સમજે.'' (વચ. ગ.પ્ર. ૨૭)

'મને મળ્યા એવા જે ભગવાન', 'પ્રગટ પ્રમાણ ભગવાન', 'પ્રત્યક્ષ ભગવાન' આવા શબ્દો દ્વારા શ્રીહરિ પોતાના જ કર્તૃત્વ તરફ અંગુલીનિર્દેશ કરે છે.

વચનામૃત અમદાવાદ પ્રકરણ ૭માં તો 'હું' શબ્દ વાપરીને અસંદિગ્ધપણે તેઓ પોતાના કર્તાહર્તાપણાની વાત સમજાવે છે :

- ''સર્વે બ્રહ્માંડની ઉત્પત્તિ, સ્થિતિ ને પ્રલય તેનો કર્તા પણ હું જ છું.... અને વળી હું કેવો છું? તો મારા પગને અંગૂઠે કરીને પૃથ્વીને ડગાવું તો અસંખ્ય બ્રહ્માંડની પૃથ્વી ડગવા લાગે ને મારે તેજે કરીને સૂર્ય, ચંદ્રમા, તારા આદિક સર્વ તેજાયમાન છે. એવો જે હું તે મારે વિષે એમ સમજીને નિશ્ચય કરે તો ભગવાન એવો જે હું તે મારે વિષે મન સ્થિર થાય ને કોઈ કાળે વ્યભિચારને પામે નહીં.''

આમ, સર્વકર્તાહર્તા પુરુષોત્તમ, ભગવાન સ્વામિનારાયણ શ્રીહરિ પોતે જ છે.

- **ભગવાનને સર્વકર્તા સમજવાથી લાભ**

ભગવાન સ્વામિનારાયણ સમજાવે છે કે ભગવાન સર્વના અંતર્યામી, સર્વકર્તાહર્તા છે.

■ "ભગવાન જેવા પ્રત્યક્ષ પ્રમાણ છે તેવા ને તેવા અણુ-અણુ પ્રત્યે અંતર્યામીરૂપે વિરાજમાન છે. અને તે ભગવાનના ડોલાવ્યા વિના એક તૃણ પણ ડોલવાને સમર્થ નથી. અને અનંત કોટિ બ્રહ્માંડને વિષે જે ઉત્પત્તિ, સ્થિતિ, પ્રલય થાય છે અને તેને વિષે સુખ-દુઃખનો જીવોને સંબંધ થાય છે, તે સર્વે પુરુષોત્તમ ભગવાનના હાથમાં છે. જેટલું ભગવાન કરે તેટલું જ થાય છે." (વચ. ગ.પ્ર. ૭૮)

સર્વકર્તાહર્તા પુરુષોત્તમ ભગવાન સ્વામિનારાયણ સર્વત્ર અંતર્યામીરૂપે બિરાજમાન છે, સદાય આપણી સાથે જ છે, આ વિચાર દૃઢ થવાથી અનેક લાભ થાય છે –

૧. નિર્ભય થઈ જવાય

'આવા સમર્થ ભગવાન સદાય મારી સાથે જ છે, તો કોઈપણ વ્યક્તિ કે કોઈપણ પરિસ્થિતિથી ડરવાનું રહેતું જ નથી;' – આવા વિચારથી નિર્ભય અને નિશ્ચિંત થઈ જવાય.

વળી, વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણં ૭૦માં જણાવ્યા મુજબ, ભગવાન સ્વામિનારાયણે પોતાના ગુરુ રામાનંદ સ્વામી પાસેથી બે વરદાન માગીને ભક્તોનાં દુઃખ પોતાને માથે લીધાં છે, માટે અતિ દયાળુ પણ છે; આ વાતનું અંતરમાં સ્મરણ રાખવાથી વિશેષ નિશ્ચિંત થવાય છે કે 'એ આપણું સારું જ કરશે,' 'એ જે કરે છે અને કરશે, એમાં આપણું કંઈક સારું જ હશે.'

૨. ભગવાનની આજ્ઞા મુજબ વર્તાય

'આવા સમર્થ ભગવાન સદાય મારી સાથે જ છે, મારી દરેક ક્રિયાને જુએ છે અને જાણે છે. તેઓ મારા દરેક કર્મનું ફળ આપનારા છે.'

– આવા વિચારથી ભગવાનની સતત મર્યાદા રહે, તેમની પ્રત્યેક આજ્ઞા અને મરજી મુજબ વર્તાય, જીવન ઉન્નત બને, ભગવાનની પ્રસન્નતાનો સતત વિચાર રહે.

૩. સર્વનો આદર કરવાનો વિચાર રહે

વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૬૨ અનુસાર, 'ભગવાન સર્વમાં અંતર્યામીરૂપે કરીને રહ્યા છે, માટે ભક્તને અપમાને કરીને ભગવાનનું અપમાન થાય છે, અને ભક્તને સન્માને કરીને ભગવાનનું સન્માન થાય છે.' આવા અનુસંધાનથી દરેકનાં આદર, મર્યાદા જાળવવાનો વિચાર રહે. 'રખે ને

મારાથી કોઈ ભક્તનો અપરાધ થઈ જાય...' એવી સાવધાની રહે.

૪. દ્વંદ્વોમાં સ્થિરતા રહે

વચનામૃત ગઢડા અંત્ય પ્રકરણ ૧૩માં ભગવાન સ્વામિનારાયણ એક અદ્‌ભુત વિચાર દૃઢાવે છે:

- "તે ભગવાન છે તે જ આ દેહના પ્રવર્તાવનારા છે. તે ગમે તો દેહને હાથીએ બેસારો ને ગમે તો બંદીખાનામાં નંખાવો અને ગમે તો આ દેહમાં કોઈક મોટો રોગ પ્રેરો, પણ કોઈ દિવસ ભગવાન આગળ એવી પ્રાર્થના કરવી નથી જે, 'હે મહારાજ! આ મારું દુઃખ છે તેને ટાળો.' શા માટે જે, આપણે પોતાના દેહને ભગવાનના ગમતામાં વર્તાવવો છે; તે જેમ એ ભગવાનનું ગમતું હોય તેમ જ આપણે ગમે છે, પણ ભગવાનના ગમતા થકી પોતાનું ગમતું લેશમાત્ર પણ નોખું રાખવું નથી. અને આપણે જ્યારે તન-મન-ધન ભગવાનને અર્પણ કર્યું ત્યારે હવે ભગવાનની ઇચ્છા તે જ આપણું પ્રારબ્ધ છે, તે વિના બીજું કોઈ પ્રારબ્ધ નથી. માટે ભગવાનની ઇચ્છાએ કરીને ગમે તેવું સુખ-દુઃખ આવે, તેમાં કોઈ રીતે અકળાઈ જવું નહીં ને જેમ ભગવાન રાજી તેમ જ આપણે રાજી રહેવું."

ભગવાન અંતર્યામી છે, સર્વકર્તાહર્તા છે, સૌના પ્રેરક છે. સૌમાં રહીને કર્તાહર્તા તો એક ભગવાન જ છે. તેમની મરજીથી સુખ આવે કે દુઃખ; માન થાય કે અપમાન; આપણે તો તેમની મરજીમાં જ આપણી મરજી ભેળવીને સદાય પ્રસન્ન રહેવાનું છે. આ વિચારથી ગમે તેવા સંજોગોમાં સ્થિર અને આનંદિત રહેવાય; કોઈ અન્ય વ્યક્તિ માટે દ્વેષ ન થાય; પરસ્પર સંપ જળવાઈ રહે.

૫. માન-ઈર્ષ્યા ટળી જાય

આજે વિશ્વમાં કે વ્યક્તિના જીવનમાં ઉત્પન્ન થતા અનેક પ્રશ્નોનું અને અશાંતિનું મૂળ વ્યક્તિમાં રહેલા માન-ઈર્ષ્યા જેવા આંતરિક દોષો છે.

વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૬૫ અનુસાર કર્મફળપ્રદાતા ભગવાનની જ્ઞાનશક્તિ, ઇચ્છાશક્તિ અને ક્રિયાશક્તિનો આધાર લઈને જ કોઈ પણ જીવ કંઈ પણ વિચારી શકે છે કે કરી શકે છે. સ્વતંત્રપણે ભગવાનની શક્તિ વિના કોઈથી કંઈ પણ થઈ શકે તેમ નથી.

આપણે જે કંઈ છીએ – રૂપવાન, બળવાન, બુદ્ધિમાન, ધનવાન, સત્તાવાન – તે ભગવાનની આપેલી શક્તિથી જ છીએ. આ વિચારથી માન ટળી જાય. અન્ય વ્યક્તિ આપણાથી વધુ રૂપવાન, બળવાન, બુદ્ધિમાન, ધનવાન કે સત્તાવાન હોય; તે પણ ભગવાનની આપેલી શક્તિથી અને ભગવાનની ઇચ્છાથી જ હોય છે. આ વિચારથી ઈર્ષ્યાના ભાવો ટળી જાય.

૬. ભગવાનમાં સ્નેહ થાય

ભગવાનમાં અસાધારણ સ્નેહ થાય તો ભક્તને બીજું કંઈ કરવાનું રહેતું નથી; તે વાત ભગવાન સ્વામિનારાયણે ગઢડા પ્રથમ પ્રકરણ ૫૬, સારંગપુર પ્રકરણ ૧૫ વગેરે વચનામૃતોમાં સમજાવી છે.

ભગવાનને વિષે આવો અસાધારણ પ્રેમ થવાનું કારણ સમજાવતાં શ્રીહરિ, વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણના ૫૯મા વચનામૃતમાં, પ્રગટ પુરુષોત્તમ ભગવાનને સર્વકર્તાહર્તા અને સર્વના અંતર્યામી જાણવા કહે છે.

૭. તમામ કલ્યાણકારી ગુણો આવે

ભગવાન પુરુષોત્તમને સર્વના કર્તા અને સર્વના નિયંતા સમજવાથી ભક્તના જીવનમાં તમામ કલ્યાણકારી ગુણો આવે છે. આ વાત શ્રીહરિએ વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૬૨માં સમજાવી છે.

૮. ભગવાન પ્રસન્ન થાય

ભગવાન પુરુષોત્તમને જ એકમાત્ર સર્વના કર્તાહર્તા જાણવાથી ભગવાન રાજી થાય છે. (વચ. વર. ૨ પ્રમાણે)

વળી, શ્રીહરિ કહે છે :

- "એમ જાણે જે, 'એ ભગવાન વિના બીજો કોઈ જગતનો કર્તા છે જ નહીં,' અને એમ જાણે જે, 'ભગવાન વિના સૂકું પાંદડું પણ ફરવાને સમર્થ નથી,' એવી જેને ભગવાનને વિષે... દૃઢ પ્રતીતિ હોય ને તે જેવો-તેવો હોય તો પણ એ અમને ગમે છે." (વચ. ગ.પ્ર. ૩૭)

ભગવાનને ગમે, ભગવાન રાજી થાય, તો શું બાકી રહે? જીવને જન્મ-મરણનું બંધન છૂટી જાય, આત્યંતિક મુક્તિ થાય ને શાશ્વત સુખ મળી જાય.

૯. કલ્યાણ થઈ જાય

ભગવાન સ્વામિનારાયણ કહે છે :

- "જીવનું કલ્યાણ તો આટલી જ વાતમાં છે જે, 'પ્રકટ પ્રમાણ એવા

જે શ્રીકૃષ્ણ નારાયણ (પુરુષોત્તમ નારાયણ) તેનું જ કર્યું સર્વે થાય છે, પણ કાળ, કર્મ ને માયાદિક કોઈનું કર્યું કાંઈ થતું નથી.' એવી રીતે ભગવાનને વિષે જ એક કર્તાપણું સમજવું એ જ કલ્યાણનું પરમ કારણ છે." (વચ. કારિ. ૧૦)

પ્રગટ પુરુષોત્તમ ભગવાન શ્રી સ્વામિનારાયણને જ સર્વકર્તાહર્તા જાણવાથી આત્યંતિક કલ્યાણ નિશ્ચિતપણે થાય છે.

અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીથી માંડીને મહંત સ્વામી મહારાજ સુધીના આપણા ગુણાતીત ગુરુઓના જીવનમાં પળેપળે ભગવાન સ્વામિનારાયણના કર્તૃત્વનો વિચાર રહ્યા કરે છે, જે આપણો આદર્શ છે. ઉપરોક્ત તમામ લાભની અનુભૂતિઓ તેમના જીવનમાં જોવા મળતી રહી છે.

૪. પુરુષોત્તમ – સદા દિવ્ય સાકાર

ભગવાન સમર્થ છે, સર્વકર્તાહર્તા છે, એ તો સૌ આસ્તિકો માને છે; પણ તેમનું સ્વરૂપ કેવું છે? તે અંગે વિશ્વભરમાં અનેક મત-મતાંતરો પ્રવર્તે છે. જગતનો મોટો વર્ગ ભગવાનને નિરાકાર (આકાર વગરના) સમજે છે. વિશ્વના કેટલાક ધર્મો ભગવાનને નિરાકાર માને છે; હિંદુ ધર્મમાં સાકારવાદ છે તેમ છતાં કેટલાક લોકો ભગવાનને નિરાકાર પણ માનવાવાળા છે. હિંદુ ધર્મમાં ભગવાનને સાકાર (આકારવાળા) સમજનારામાં શૈવ અને વૈષ્ણવ સંપ્રદાયો મોખરે છે. એ તમામમાં પણ ભગવાન સ્વામિનારાયણે સૌથી વધુ આગ્રહપૂર્વક સાકારપણાનું નિરૂપણ કર્યું છે.

શ્રીહરિએ ભગવાનનું સ્વરૂપ કેવું નિરૂપ્યું છે, તે હવે જોઈએ.

• વ્યતિરેક સ્વરૂપે સાકાર

વ્યતિરેક સ્વરૂપ એટલે અક્ષરધામમાં બિરાજમાન પર સ્વરૂપ. આ સ્વરૂપ કેવું છે, તેનું વર્ણન કરતાં શ્રીહરિ કહે છે:

- "તે તેજના સમૂહ(અક્ષરધામ)ના મધ્ય ભાગને વિષે એક મોટું સિંહાસન છે ને તેની ઉપર દિવ્યમૂર્તિ એવા જે શ્રીનારાયણ પુરુષોત્તમ ભગવાન તે વિરાજમાન છે ને તે સિંહાસનને ચારે કોરે અનંત કોટિ મુક્ત બેઠા થકા તે નારાયણનાં દર્શન કરે છે." (વચ. લોયા. ૧૪)

- "તે તેજ(અતિ તેજસ્વી અક્ષરધામ)ને વિષે એક ભગવાનની મૂર્તિ દેખાય છે તે અતિ પ્રકાશમય છે; અને તે મૂર્તિ ઘનશ્યામ (વાદળ જેવી શ્યામ) છે તો પણ અતિશય તેજે કરીને શ્યામ નથી જણાતી, અતિશય શ્વેત જણાય છે. અને તે મૂર્તિ દ્વિભુજ (બે હાથવાળી) છે અને તે મૂર્તિને બે ચરણ છે અને અતિશય મનોહર છે, પણ ચાર ભુજ કે અષ્ટભુજ કે સહસ્રભુજ તે એ મૂર્તિને નથી. એ મૂર્તિ તો અતિ સૌમ્ય છે અને મનુષ્યના જેવી આકૃતિ છે ને કિશોર છે. તે એ મૂર્તિ ક્યારેક તો એ તેજમાં ઊભી દેખાય છે ને ક્યારેક બેઠી જણાય છે ને ક્યારેક હરતી-ફરતી દેખાય છે. અને એ મૂર્તિને ચારે કોરે મુક્તનાં મંડળ ભરાઈને બેઠાં છે; તે સર્વે મુક્ત છે તે એકનજરે તે ભગવાનની મૂર્તિ સામું જોઈ રહ્યા છે." (વચ. ગ.મ. ૧૩)

આમ, અક્ષરધામમાં બિરાજમાન વ્યતિરેક સ્વરૂપ મનુષ્ય જેવા જ આકારવાળું છે, તેવું સ્પષ્ટ થાય છે. તેઓ એક સ્પષ્ટતા કરે છે:

- "એ ભગવાનનો જેવો આકાર છે તેવો આ બ્રહ્માંડમાં કોઈનો આકાર નથી જેની એને ઉપમા દઈએ; કેમ જે, આ બ્રહ્માંડમાં જેટલા પુરુષપ્રકૃતિ થકી ઉત્પન્ન થયા જે આકાર તે સર્વે માયિક (માયામાંથી સર્જાયેલા) છે અને ભગવાન છે તે દિવ્ય છે ને અમાયિક છે, માટે એ બેયને વિષે અતિશય વિલક્ષણપણું (તદ્દન જુદાપણું) છે." (વચ. પં. ૪)
- "ભગવાન વિના બીજા સર્વને કાળ ભક્ષણ કરી જાય છે (કાળે કરીને – કોઈક સમયે નાશ પામી જાય છે) ને ભગવાનના સ્વરૂપમાં કાળનું સામર્થ્યપણું નથી ચાલતું (કોઈ પણ કાળે - કોઈપણ સમયે ક્યારેય નાશ પામે તેવા નથી) એવા ભગવાન છે." (વચ. ગ.અં. ૩૭)

અક્ષરધામસ્થ વ્યતિરેક સ્વરૂપ મનુષ્ય જેવા જ આકારવાળું છે, પણ કાળ-માયાથી પર, દિવ્ય છે.

• અન્વય સ્વરૂપે સાકાર

અન્વય સ્વરૂપ એટલે સર્વત્ર સર્વમાં વ્યાપીને રહેનાર અંતર્યામી સ્વરૂપ. આ સ્વરૂપ પણ સાકાર જેવું જ છે, તેમ શ્રીહરિ સમજાવે છે:

- "અંતર્યામીપણે કરીને જીવ-ઈશ્વરને વિષે વ્યાપક એવું જે પુરુષોત્તમ ભગવાનનું બ્રહ્મરૂપ તેજ તે નિરાકાર છે તો પણ જીવ-ઈશ્વર સર્વેને તેમનાં કર્મને અનુસારે યથાયોગ્યપણે કર્મનાં ફળને દેવાને વિષે નિયંતાપણું છે ને સાકારની પેઠે નિયંતારૂપ ક્રિયાને કરે છે, માટે તે તેજને પણ સાકાર જેવું જાણવું." (વચ. ગ.પ્ર. ૪૫)
- "ભગવાન પણ પોતાના અક્ષરધામને વિષે મૂર્તિમાન થકા પોતાની અંતર્યામી શક્તિએ કરીને (અન્વય સ્વરૂપે) જીવોને વિષે વ્યાપીને રહ્યા છે ને મૂર્તિમાનની પેઠે ક્રિયાને કરે છે, માટે એને પણ મૂર્તિમાન જાણવા." (વચ. કારિ. ૪)

આ પ્રમાણે જીવાત્મામાં ભગવાન મૂર્તિમાન રહ્યા છે. તેમને સાધના દરમ્યાન ધ્યાન-ભજન વખતે અંતરમાં મૂર્તિમાન જ ધારવાની વાત શ્રીહરિ કરે છે:

- "ભગવાનની મૂર્તિને હૈયામાં ધારવી તેમાં શૂરવીરપણું રહે. અને મૂર્તિ ધારતાં ધારતાં જો ન ધરાય તો પણ કાયર ન થાય." (વચ. ગ.પ્ર. ૧૫)

જ્યારે ભગવાનનો સાક્ષાત્કાર થાય છે, ત્યારે ભગવાન પોતાના જીવાત્મામાં મૂર્તિમાન સ્વરૂપે જ દેખાય છે, તેવું શ્રીહરિ કહે છે:

- "જે ભગવાનના પ્રતાપને વિચારીને અંતર્દષ્ટિ કરે છે, તે તો પોતાના સ્વરૂપને અતિશય ઉજ્જવલ પ્રકાશમાન જુએ છે અને તે પ્રકાશને મધ્યે પ્રત્યક્ષ એવા જે પુરુષોત્તમ ભગવાન તેની મૂર્તિને જુએ છે." (વચ. ગ.પ્ર. ૨૦)

આમ, ભગવાન સ્વામિનારાયણને મતે સર્વત્ર વ્યાપીને રહેનાર અન્વય – અંતર્યામી સ્વરૂપ પણ સાકાર-મૂર્તિમાન છે. જેમ આકાશ બધે જ વ્યાપેલો છે, પણ તેને કોઈ રૂપ કે આકાર નથી; ભગવાનનું અન્વય સ્વરૂપ આવું આકાશ જેવું નિરાકાર નથી.

- "ભગવાનને ગ્રંથમાં વ્યાપક કહ્યા છે, તે તો મૂર્તિમાન છે તે જ પોતાની સામર્થીએ કરીને એક ઠેકાણે રહ્યા થકા સર્વને દર્શન આપે છે, એમ વ્યાપક કહ્યા છે; પણ આકાશની પેઠે અરૂપ થકા વ્યાપક નથી." (વચ. વર. ૧૩)

ભગવાન સ્વામિનારાયણ સ્વયં સર્વકર્તાહર્તા પુરુષોત્તમ નારાયણ છે. તેમને તો પોતાનું સ્વરૂપ કેવું છે, તેનો ખ્યાલ હોય જ, તે સ્વાભાવિક છે. તેઓ વર્ણન કરે તે પછી અન્ય કોઈ તર્ક કે સાબિતીની આપણા માટે આવશ્યકતા રહેતી જ નથી. છતાં વિશ્વમાં પ્રવર્તતી નિરાકાર સમજણની અતિશય વ્યાપકતાને ધ્યાનમાં લઈને, તેઓ શાસ્ત્ર આધારિત તર્ક દ્વારા પણ ભગવાનનું સાકારપણું પ્રતિપાદિત કરે છે, તે હવે જોઈએ.

- **જો ભગવાન સાકાર ન હોય તો...**

૧. કર્તાપણું ન સંભવે

■ ''ભગવાનનું સ્વરૂપ નિરાકાર નથી. કાં જે, ભગવાન થકી જ સર્વ સ્થાવર-જંગમ સૃષ્ટિ થાય છે, તે જો ભગવાન નિરાકાર હોય તો તે થકી સાકાર સૃષ્ટિ કેમ થાય? જેમ આકાશ નિરાકાર છે તો તે થકી જેવા પૃથ્વી થકી ઘટાદિક આકાર થાય છે તેવા થતા નથી, તેમ બ્રહ્માદિક જે સૃષ્ટિ તે સાકાર છે તો તેના કરનારા જે પરમેશ્વર તે પણ સાકાર જ છે.'' (વચ. ગ.મ. ૧૦)

સૃષ્ટિ બધી જ કોઈ ને કોઈ આકાર ધરાવે છે, તો તેના કર્તા નિરાકાર ન જ હોય, જો નિરાકાર હોય તો તેમનામાં સાકાર સૃષ્ટિનું કર્તાપણું શક્ય ન બને.

૨. શાસ્ત્રવચનો ખોટાં થઈ જાય

શાસ્ત્રોનાં અનેક વર્ણનો એવાં છે કે જે દ્વારા ભગવાનના સાકાર સ્વરૂપનું પ્રતિપાદન થાય છે. જો ભગવાનને સાકાર ન સ્વીકારવામાં આવે, તો તે શાસ્ત્રવચનો ખોટાં થઈ જાય. શાસ્ત્રમાં ક્યાંક નિરાકાર જેવું વર્ણન આવતું હોય તો તેનો ભાવાર્થ સમજવો જોઈએ, તેવું શ્રીહરિ કહે છે:

■ ''શ્રુતિ(વેદના મંત્ર)એ પણ એમ કહ્યું છે જે, 'તે ભગવાન માયા સામું જોતા હવા,' અને જ્યારે જુએ ત્યારે તેને શું એકલી આંખ્ય જ હોય? હાથ-પગ પણ હોય; માટે સાકાર રૂપનું પ્રતિપાદન થયું... કોઈ એમ કહેશે જે, શ્રુતિમાં એમ કહ્યું છે જે, 'પરમેશ્વર તો કર-ચરણાદિકે રહિત છે ને સર્વત્ર પૂર્ણ (આકાશની જેમ વ્યાપક-નિરાકાર) છે,' તો એ જે શ્રુતિએ કર-ચરણાદિકનો નિષેધ કર્યો છે તે તો માયિક

(માયામાંથી ઉદ્‌ભવેલ) કર-ચરણાદિકનો નિષેધ કર્યો છે, અને ભગવાનનો આકાર છે તે તો દિવ્ય છે પણ માયિક નથી... એવી રીતે ભગવાન પુરુષોત્તમ તો સદા સાકાર જ છે પણ નિરાકાર નથી અને જે નિરાકાર કહે છે તે તો સમજતા નથી.'' (વચ. ગ.પ્ર. ૪૫)

૩. મૂર્તિ વગર તેજ ન હોય

શાસ્ત્રોમાં ભગવાનને તેજના પુંજરૂપ કે જ્યોતિઃસ્વરૂપ કહ્યા છે. તેથી આવા શબ્દોને આધારે કેટલાક લોકો ભગવાનને નિરાકાર સિદ્ધ કરે છે. શ્રીહરિ શાસ્ત્રના આવા શબ્દોને યથાર્થ સમજાવતાં કહે છે :

- ''તેજના પુંજરૂપ કહ્યા છે તે તો મૂર્તિ વિના તેજ હોય નહીં, માટે એ તેજ તે મૂર્તિનું છે.'' (વચ. ગ.પ્ર. ૬૬)

લૌકિક દૃષ્ટાંતથી પણ આ વાત સમજી શકાય તેમ છે. અજવાળું દેખાય તો તેનો આધાર સૂર્ય, ચંદ્ર, ટ્યૂબલાઈટ, ફાનસ કે દીવો અવશ્ય હોય જ, અજવાળું અધરપધર કેવી રીતે હોઈ શકે?

૪. એકદેશસ્થપણું - વ્યતિરેકપણું ન સંભવે

અગાઉ આપણે ભગવાનના અક્ષરધામમાં વિરાજમાન વ્યતિરેક સ્વરૂપ વિષે સમજી ચૂક્યા છીએ. જો ભગવાન સાકાર ન હોય અને તેજ-સમૂહ જેવા કે આકાશ જેવા જ નિરાકાર હોય, તો તેમનું એકદશસ્થપણું (એક સ્થાનમાં રહેવાપણું) કે વ્યતિરેકપણું સંભવે નહીં. શ્રીહરિ કહે છે :

- ''સાકાર ન હોય તેને વિષે આકાશની પેઠે કર્તાપણું ન કહેવાય તથા એક દેશને વિષે રહેવાપણું ન કહેવાય. માટે ભગવાન તો સદા સાકાર જ છે.'' (વચ. ગ.અં. ૩૫)

ભગવાનનું એક સ્થાનને વિષે રહેવાપણું ન રહે, તો તેની સાથે સાથે જ માયાથી પર એવા અક્ષરધામનું પણ અસ્તિત્વ ન રહે; શાસ્ત્રોમાં વર્ણન છે કે, ભક્ત મુક્તસ્થિતિને પામી ભગવાનના ધામમાં જાય છે, તેવું કોઈ જવા યોગ્ય સ્થાન કે મૃત્યુ બાદની જીવાત્માની કોઈ ગતિ જ ન રહે, શાસ્ત્રોનાં અનેક વચનો ખોટાં થઈ જાય. માટે ભગવાન વ્યતિરેક - પર સ્વરૂપે પોતાના દિવ્ય અક્ષરધામમાં મનુષ્યાકારે મૂર્તિમાન અખંડ વિરાજમાન છે જ, તેમ માનવું જ પડે.

• ભગવાનને સદા દિવ્ય સાકાર ન સમજવાથી નુકસાન

૧. નિરાકાર સમજવા એ ભગવાનનો ભયંકર દ્રોહ (અપમાન) છે

શ્રીહરિ દૃષ્ટાંત સાથે સમજાવે છે –

- "જેમ કોઈક એવા કાગળ લખી લખીને મેલે જે, 'અમારો રાજા છે તે નાક-કાન વિનાનો છે અથવા હાથ-પગ વિનાનો છે;' એવી રીતે રાજાનું રૂપ સંપૂર્ણ હોય, તેને ખંડિત કરીને વર્ણવે તે રાજાનો દ્રોહી કહેવાય. તેમ ભગવાન છે તે કર-ચરણાદિક સમગ્ર અંગે કરીને સંપૂર્ણ છે અને લેશમાત્ર પણ કોઈ અંગે વિકળ નથી અને સદા મૂર્તિમાન જ છે, તેને અકર્તા કહેવા તથા અરૂપ કહેવા... એ જ ભગવાનનો દ્રોહ છે." (વચ. વર.૨)

૨. મહાપાપ છે

- "ભગવાનને જે નિરાકાર સમજે એ તો પંચ મહાપાપ કરતાં પણ અતિ મોટું પાપ છે, એ પાપનું કોઈ પ્રાયશ્ચિત્ત નથી." (વચ. ગ.મ. ૩૯)

૩. સર્વે ગુણ દોષરૂપ થઈ જાય

- "સર્વે ગુણે સંપન્ન હોય ને જો ભગવાનને અલિંગ સમજતો હોય પણ મૂર્તિમાન ન સમજે એ મોટો દોષ છે, એણે કરીને એના બીજા સર્વે ગુણ દોષરૂપ થઈ જાય છે." (વચ. લોયા.૧૬)

• ભગવાનને સદા દિવ્ય સાકાર સમજવાથી લાભ

૧. સાકાર સમજવા એ જ સાચી ઉપાસના છે

- "ઉપાસના તો તેને કહીએ જે, ભગવાનના સ્વરૂપને વિષે સદા સાકારપણાની દૃઢ નિષ્ઠા હોય... એવી રીતે જેની દૃઢ સમજણ હોય તેને ઉપાસનાવાળો કહીએ." (વચ. ગ.પ્ર. ૪૦)

૨. અપાર મોટપને પમાય; પરમ મુક્તિ થઈ જાય

- "એવા જે પુરુષોત્તમ ભગવાન... તેને જે આવી રીતે સદા દિવ્ય મૂર્તિમાન જાણીને ઉપાસના-ભક્તિ કરે છે, તે તો એ ભગવાનના સાધર્મ્યપણાને (ભગવાન જેવા દિવ્ય ગુણોને) પામે છે અને અનંત ઐશ્વર્યને પામે છે. અને બ્રહ્મભાવને પામ્યો જે પોતાનો આત્મા તેણે

કરીને પ્રેમે સહિત નિરંતર પરમ આદર થકી પુરુષોત્તમ ભગવાનની સેવાને વિષે વર્તે છે.'' (વચ. ગ.પ્ર. ૬૪)

ભગવાનના સાકારપણાની કેવી દૃઢતા રાખવી તે અંગે શ્રીહરિ સમજાવે છે :

- ''ગમે એટલાં પુરાણ, ઉપનિષદ, વેદ ઇત્યાદિક ગ્રંથનું શ્રવણ થાય ને તેમાં નિરાકારપણા જેવું સાંભળ્યામાં આવે તો પણ એમ જાણે જે, 'કાં તો આપણને એ શાસ્ત્રનો અર્થ સમજાતો નથી, ને કાં તો એમાં કેમ કહ્યું હશે! પણ ભગવાન તો સદા સાકાર જ છે.'' (વચ. ગ.અં. ૩૫)

આવી પર્વતપ્રાય દૃઢતા કરવાની છે. આપણે શાસ્ત્રના અર્થ સમજી ન શકીએ કે કોઈને ન સમજાવી શકીએ, તોપણ સાકારપણાની દૃઢતા અંતરમાંથી ડગવી ન જ જોઈએ, તેવું શ્રીહરિ જણાવે છે; તો પછી અન્ય ગમે તેવી બુદ્ધિશાળી વ્યક્તિના કુસંગની અસર તો થાય જ કેમ!

પોતાના ભક્તોને નિરાકાર પ્રતિપાદન કરનારાં શાસ્ત્રો અથવા વ્યક્તિઓનો કુસંગ ન લાગી જાય, અને તેને લીધે તેમની અધોગતિ ન થાય; તેની ભગવાન સ્વામિનારાયણના અંતરમાં અપાર ચિંતા છે. વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણ ૧૯માં વર્ણન આવે છે કે શ્રીહરિ શુષ્કજ્ઞાનીનો મત જાણવા માટે તેના ગ્રંથોનું શ્રવણ કરવામાત્રથી અતિ દિલગીર થઈ ગયા, આંખમાંથી આંસુ પડવા લાગ્યાં. પોતાના આવા ચરિત્ર દ્વારા શ્રીહરિ સમજાવવા માગે છે કે ગમે તેવી સાકારપણાની દૃઢતા હોય, તોપણ નિરાકારવાદી વ્યક્તિ કે ગ્રંથનો સંગ તો ન જ કરવો, કારણ કે કદાચ જો તેની થોડી પણ અસર થઈ જાય, તો અધઃપતન નિશ્ચિત છે...

૫. પુરુષોત્તમ – સર્વોપરી - સર્વ અવતારના અવતારી

પુરુષોત્તમ ભગવાન સ્વામિનારાયણ સર્વકર્તાહર્તા છે, સર્વના નિયંતા છે, જીવમાત્રના કર્મફળપ્રદાતા છે – આ વાત આપણે અગાઉ જોઈ ગયા છીએ. જે સર્વોપરી સર્વોચ્ચ તત્ત્વ હોય તે જ સર્વકર્તાહર્તા - સર્વનિયંતા - સર્વકર્મ-ફળપ્રદાતા હોઈ શકે. આ રીતે સર્વકર્તાહર્તાપણાની સમજણમાં સર્વોપરીપણાની સમજણ આવી જ જાય છે. તેમ છતાં વચનામૃતને આધારે

ભગવાન સ્વામિનારાયણના સર્વોપરીપણા વિષે વિસ્તૃતપણે સમજીએ.

• વચનામૃતમાં વર્ણવેલ શ્રીહરિનું સર્વોપરીપણું

વચનામૃતમાં ભગવાન સ્વામિનારાયણે સ્વયં પોતાના સર્વોપરીપણાની સ્પષ્ટ ઓળખ આપી છે :

- "એવા સર્વોપરી જે પુરુષોત્તમ ભગવાન તે જ દયાએ કરીને જીવોના કલ્યાણને અર્થે આ પૃથ્વીને વિષે પ્રકટ થયા થકા સર્વ જનના નયનગોચર વર્તે છે ને તમારા ઈષ્ટદેવ છે ને તમારી સેવાને અંગીકાર કરે છે. અને એવા જે એ પ્રત્યક્ષ પુરુષોત્તમ ભગવાન તેના સ્વરૂપમાં ને અક્ષરધામને વિષે રહ્યા જે ભગવાન તેના સ્વરૂપમાં કાંઈ પણ ભેદ નથી; એ બે એક જ છે. અને એવા જે આ પ્રત્યક્ષ પુરુષોત્તમ ભગવાન તે અક્ષરાદિક સર્વના નિયંતા છે, ઈશ્વરના પણ ઈશ્વર છે ને સર્વ કારણના પણ કારણ છે ને સર્વોપરી વર્તે છે ને સર્વ અવતારના અવતારી છે ને તમારે સર્વેને એકાંતિક-ભાવે કરીને ઉપાસના કરવા યોગ્ય છે." (વચ. ગ.અં. ૩૮)
- "ભગવાનની મૂર્તિનું બળ અતિશય રાખવું જે, 'સર્વોપરી ને સદા દિવ્ય સાકારમૂર્તિ અને સર્વ અવતારનું અવતારી એવું જે ભગવાનનું સ્વરૂપ છે તે જ મને પ્રાપ્ત થયું છે.' ...તે માટે પોતાને સાક્ષાત્ મળ્યું જે ભગવાનનું સ્વરૂપ તેને સદા દિવ્ય સાકારમૂર્તિ ને સર્વ અવતારનું કારણ અવતારી એવું જાણવું." (વચ. ગ.મ. ૯)
- "એ જે એકરસ તેજ છે તેને આત્મા કહીએ તથા બ્રહ્મ કહીએ ને અક્ષરધામ કહીએ; અને એ પ્રકાશ(અક્ષરધામ)ને વિષે જે ભગવાનની મૂર્તિ છે તેને આત્માનું તત્ત્વ કહીએ તથા પરબ્રહ્મ કહીએ તથા પુરુષોત્તમ કહીએ... અને એ અક્ષરાતીત (અક્ષરથી પર) જે પુરુષોત્તમ ભગવાન છે તે જ સર્વે અવતારનું કારણ છે; અને સર્વે અવતાર પુરુષોત્તમમાંથી પ્રગટ થાય છે અને પાછા પુરુષોત્તમને વિષે લીન થાય છે... અને, 'જે તેજને વિષે મૂર્તિ છે તે જ આ પ્રત્યક્ષ મહારાજ છે,' એમ જાણજો." (વચ. ગ.મ. ૧૩)
- "આ સત્સંગને વિષે જે ભગવાન વિરાજે છે તે જ ભગવાનમાંથી

સર્વે અવતાર થયા છે ને પોતે તો અવતારી છે ને એ જ સર્વેના અંતર્યામી છે. ને એ જ અક્ષરધામને વિષે તેજોમય છે ને સદા સાકારરૂપ છે ને અનંત ઐશ્વર્યયુક્ત છે.'' (વચ. અમ. ૬)

- ''એ ભગવાન કેવા છે? તો ક્ષર (માયા અને માયાના બંધનમાં રહેલા જીવો) અક્ષર (અક્ષરબ્રહ્મ) થકી પર છે ને સર્વ કારણના પણ કારણ છે ને અક્ષરરૂપ એવા જે અનંત કોટિ મુક્ત તેમણે સેવ્યાં છે ચરણકમળ જેનાં એવા છે. અને એવા જે એ ભગવાન તે જ પોતે દયાએ કરીને જીવોનાં પરમ કલ્યાણ કરવાને અર્થે હમણાં પ્રકટ પ્રમાણ થકા તમારી સર્વેની દૃષ્ટિને ગોચર (દૃષ્ટિની સન્મુખ) સાક્ષાત્‌પણે વર્તે છે. માટે તે જે ધામમાં (અક્ષરધામમાં) રહી મૂર્તિ ને આ પ્રકટ શ્રીકૃષ્ણ(સ્વયં ભગવાન શ્રી સ્વામિનારાયણ)ની મૂર્તિ તેમાં અધિકપણે સાદૃશ્યપણું (એકતા) છે.'' (વચ. ગ.અં. ૩૧)

આમ, ભગવાન સ્વામિનારાયણ અક્ષરધામના અધિપતિ પુરુષોત્તમ નારાયણ છે, સર્વોપરી, સર્વ અવતારના કારણ અવતારી છે, સર્વશ્રેષ્ઠ તત્ત્વ છે.

• સર્વ અવતારના કારણ અવતારી એટલે શું?

'સર્વ અવતારના કારણ'; 'સર્વ અવતારના અવતારી',
'સર્વે અવતાર પુરુષોત્તમમાંથી પ્રગટ થાય છે...'
આવા શબ્દ સમૂહો ઉપરોક્ત વચનામૃત-સંદર્ભોમાં આપણે વાંચ્યા.
આવા શબ્દપ્રયોગનો અર્થ સમજવો અતિ મહત્ત્વનો છે.

અવતારવાદ એ ભારતીય સંસ્કૃતિનો એક પાયાનો સિદ્ધાંત છે. શ્રીમદ્‌-ભાગવત વગેરે શાસ્ત્રોમાં ભગવાનના અનેક અવતારોનું વર્ણન છે. ભૂમિ પર થતાં અનંત પ્રકારનાં પાપનો ભાર હળવો કરવા, અસુરોનો સંહાર કરીને પોતાના ભક્તોનું રક્ષણ કરવા, અને અધર્મનો નાશ કરી ધર્મનું સ્થાપન કરવા માટે અવતારો પ્રગટ થાય છે. મત્સ્ય, કૂર્મ, વરાહ, નૃસિંહ, વામન, પરશુરામ, રામ, કૃષ્ણ આદિ અનેક અવતારો પ્રત્યેક બ્રહ્માંડમાં સમયે સમયે પ્રગટ થતા રહે છે. આવાં અનંત કોટિ બ્રહ્માંડો છે. પ્રત્યેક બ્રહ્માંડમાં અનેક અવતારો પ્રગટ થતા હોઈ અનંત અનંત (કોટાનકોટિ) અવતારો થયા.

અગાઉ જોયા મુજબ પરબ્રહ્મ પુરુષોત્તમ આ સર્વ અવતારનું કારણ છે.

અહીં સ્વાભાવિકપણે પ્રશ્ન થાય કે –

'શું પુરુષોત્તમ ભગવાન પોતે જ આ અવતારો રૂપે થાય છે? પુરુષોત્તમ પોતે જ જુદા જુદા અવતારનાં શરીર ધારણ કરે છે? એટલે કે પુરુષોત્તમ નારાયણે પૂર્વે મત્સ્ય અવતારનો દેહ ધારણ કર્યો, રામચંદ્રજીનો દેહ ધારણ કર્યો, શ્રીકૃષ્ણનો દેહ ધારણ કર્યો, અને આજથી ૨૦૦ વર્ષ પહેલાં ભગવાન શ્રી સ્વામિનારાયણનો દેહ ધારણ કર્યો; એમ સમજવું?'

આ પ્રશ્નનો ઉત્તર મેળવવા માટે વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણ ૯ના શબ્દો પર વિચાર કરીએ:

- "પોતાને સાક્ષાત્ મળ્યું જે ભગવાનનું સ્વરૂપ તેને સદા દિવ્ય સાકારમૂર્તિ ને સર્વ અવતારનું કારણ અવતારી એવું જાણવું. અને જો એમ ન જાણે ને નિરાકાર જાણે ને બીજા અવતાર જેવા જાણે તો એનો દ્રોહ કર્યો કહેવાય."

અહીં, 'પોતાને સાક્ષાત્ મળ્યું જે ભગવાનનું સ્વરૂપ' એટલે કે પુરુષોત્તમ ભગવાન શ્રી સ્વામિનારાયણ શ્રીહરિ સ્વયં; કારણ કે તેઓ જે શ્રોતાઓને વાત કરી રહ્યા હતા, તેમને સાક્ષાત્ એટલે કે પ્રગટ ભગવાન તો શ્રીહરિ પોતે જ મળ્યા હતા. શ્રીહરિ અહીં સમજાવે છે કે તેમને બીજા અવતાર જેવા જાણવા એ તેમનો દ્રોહ થયા સમાન છે.

હવે જો પુરુષોત્તમ ભગવાને જ સ્વયં જુદા જુદા સમયે રામચંદ્રજીનો, શ્રીકૃષ્ણનો કે ભગવાન સ્વામિનારાયણનો દેહ ધારણ કર્યો હોય, તો તે અગાઉના અવતાર અને ભગવાન સ્વામિનારાયણ એક જ થયા, અર્થાત્ એ તમામ અવતાર અને શ્રીહરિનો ચૈતન્ય એક જ થયો. અહીં તો શ્રીહરિ એમ સમજાવે છે કે તેમને બીજા અવતાર જેવા જાણવા એ તેમનો દ્રોહ છે. આના પરથી એ સ્પષ્ટ થાય છે કે શ્રીહરિ સ્વયં પુરુષોત્તમ તત્ત્વ છે, અને અગાઉના અવતારોનાં ચૈતન્યો તેનાથી જુદાં અને ન્યૂન છે, તો જ 'દ્રોહ' શબ્દ વપરાય. જેમ દેશના વડાપ્રધાનને કોઈક રાજ્યના મુખ્યમંત્રી જેવા કહેવા તે વડાપ્રધાનનું અપમાન છે, દ્રોહ છે; તેમ એવું જ કંઈક પુરુષોત્તમ શ્રીહરિ અને અન્ય અવતારો માટે સમજી શકાય.

અવતારોનાં ચૈતન્ય તત્ત્વતઃ કોણ છે? આ સમજવા માટે પાંચ મૂળભૂત તત્ત્વોને યાદ કરીએ. ભગવાન શ્રી સ્વામિનારાયણે સર્વ સત્શાસ્ત્રોના સારરૂપે

સમજાવ્યું છે: "પુરુષોત્તમ ભગવાન, અક્ષરબ્રહ્મ, માયા, ઈશ્વર અને જીવ એ જે પાંચ ભેદ તે અનાદિ છે." (વચ. ગ.પ્ર. ૭)

અવતારોનું સંપૂર્ણ વર્ણન કરતાં શ્રીમદ્‌ભાગવતમાં સર્વ અવતારો વૈરાજપુરુષ (વિરાટ નારાયણ - ભૂમાપુરુષ - શેષશાયીનારાયણ) થકી થયા છે, તેમ સમજાવ્યું છે. (ભાગવત : ૧/૩/૫, ૩/૯/૨)

વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણ ૩૧માં શ્રીહરિ કહે છે: "ઈશ્વર જે વૈરાજપુરુષ ને આ જીવ એ સર્વેના પ્રકાશક તો પુરુષરૂપે કરીને પુરુષોત્તમ એવા વાસુદેવ છે."

આમ, વૈરાજપુરુષને ઈશ્વર કહ્યા છે. તેથી ફલિત થાય છે કે વૈરાજ-પુરુષમાંથી પ્રગટેલા સર્વે અવતારો ઈશ્વરકોટિનાં ચૈતન્યો જ છે.

જો અવતારો તત્ત્વતઃ ઈશ્વર હોય, તો તે અવતારો પરબ્રહ્મ પુરુષોત્તમ ભગવાનના છે, પુરુષોત્તમ સર્વે અવતારનું કારણ છે, પુરુષોત્તમ અવતારો રૂપે થાય છે, તેવું કઈ રીતે કહી શકાય? આ પ્રશ્નના સમાધાનરૂપે શ્રીહરિ કહે છે:

- "એ વૈરાજપુરુષ દ્વારા એ અવતાર થાય છે એમ શાસ્ત્રમાં કહ્યું છે, તે તો એમ સમજવું જે, 'એ જે વાસુદેવ નારાયણ તે પુરુષરૂપે કરીને વૈરાજપુરુષને વિષે આવીને વિરાજમાન હોય ત્યારે અવતાર કહ્યા છે.' માટે તે અવતાર તો સર્વે વાસુદેવ ભગવાનના જ છે. અને એ વાસુદેવ ભગવાન જ્યારે પ્રતિલોમપણે એ વૈરાજપુરુષ થકી નોખા પડી જાય ત્યારે એ કેવળ વૈરાજપુરુષ થકી અવતાર સંભવે જ નહીં; માટે એ થકી અવતાર તો એને વિષે વાસુદેવ આવ્યા છે તે સારુ કહ્યા છે." (વચ. ગ.મ. ૩૧)

વૈરાજપુરુષમાં પુરુષોત્તમ ભગવાનનો અનુપ્રવેશ થાય, તેમની અસાધારણ શક્તિનો સંચાર થાય, ત્યારે જ ઈશ્વર-ચૈતન્યના અવતારોનું પ્રાગટ્ય શક્ય છે. તેથી અવતારો ઈશ્વર-ચૈતન્યના હોવા છતાં તે સર્વે અવતારો પુરુષોત્તમના જ છે, એમ કહેવાય છે; કારણ કે એ પુરુષોત્તમ નારાયણનો જ્યારે કોઈક કાર્યને અર્થે જેમાં પ્રવેશ થાય છે, ત્યારે તેનાં પ્રકાશ-સામર્થ્યને લીન કરીને, તે રૂપે એ ભગવાન પોતે જ રહીને, જ્યાં જે કાર્ય કરવાનું હોય ત્યાં તે કાર્ય કરે છે.

આ હકીકત સમજાવતાં ભગવાન સ્વામિનારાયણ કહે છે:

■ "એવી રીતે અનેક પ્રકારનાં કાર્યને અર્થે જેને જેને વિષે એ પુરુષોત્તમ ભગવાનનો પ્રવેશ થાય છે, તેને તેને પોતાના પ્રકાશે કરીને લીન કરી નાંખીને પોતે જ તે રૂપે કરીને સર્વોત્કર્ષપણે (સર્વોપરીપણે) વિરાજમાન થકા રહે છે; અને જેને વિષે પોતે વિરાજમાન રહે છે તેના પ્રકાશને પોતે ઢાંકીને પોતાનો પ્રકાશ પ્રકટ કરે છે. જેમ અગ્નિ લોઢાને વિષે આવે છે ત્યારે લોઢાનો જે શીતળ ગુણ ને કાળો વર્ણ તેને ટાળીને પોતે પોતાના ગુણને પ્રકાશ કરે છે; તથા જેમ સૂર્ય ઉદય થાય છે, ત્યારે તેના પ્રકાશમાં સર્વે તારા, ચંદ્રમાદિકનાં તેજ લીન થઈ જાય છે ને એક સૂર્યનો જ પ્રકાશ રહે છે; તેમ એ ભગવાન જેને જેને વિષે આવે છે ત્યારે તેના તેજનો પરાભવ કરીને (તેના તેજને દબાવીને) પોતાના પ્રકાશને અધિકપણે જણાવે છે. અને જે કાર્યને અર્થે પોતે જેમાં પ્રવેશ કર્યો હતો તે કાર્ય કરી રહ્યા કેડે તેમાંથી પોતે નોખા નીસરી જાય છે, ત્યારે તો તે પંડે જેવો હોય તેવો રહે છે. અને તેમાં જે અધિક દૈવત જણાતું હતું તે તો પુરુષોત્તમ ભગવાનનું હતું એમ જાણવું." (વચ. પં. ૭)

અહીં સ્પષ્ટપણે સમજાય છે કે પુરુષોત્તમ ભગવાન અને ઈશ્વર-ચૈતન્યના અવતારો એક નથી, પરંતુ તદ્દન ભિન્ન છે; જેમ લોઢું અને તેમાં પ્રવેશ પામેલો અગ્નિ તદ્દન ભિન્ન જ છે, તેમ. પુરુષોત્તમ તો સર્વે અવતારોથી ભિન્ન, પર અને તે સૌના નિયંતા છે. અવતારોમાં પ્રવેશીને પુરુષોત્તમ ભગવાન જ કાર્ય કરતા હોવાથી અવતારો પુરુષોત્તમના છે, કે પુરુષોત્તમ અવતાર રૂપે થાય છે, એવું કહેવાય છે.

અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામી સમક્ષ એક ચર્ચા થઈ, જેમાં અવતાર અને અવતારી પુરુષોત્તમ ભગવાન વચ્ચેનો ભેદ સ્પષ્ટ થઈ જાય છે:

"એક વાર કહે જે, 'અવતાર અવતારીનો ભેદ કેમ સમજવો?' ત્યારે એક જણે કહ્યું જે, 'ભવાયો ને વેષ.' (એક જ એક્ટર જુદા જુદા રોલ ભજવે, તેમ એક જ પરબ્રહ્મ જુદા જુદા અવતારો ધારણ કરીને તેનો વેશ ભજવે છે.) ત્યારે પોતે કહ્યું કે, 'અવતાર અવતારીનો ભેદ એમ નહીં. રાજા ને રાજાનો ઉમરાવ (અમલદાર, અધિકારી), તીર ને તીરનો નાખનારો, ને તારા ને ચંદ્રમા, એમ ભેદ જાણવો." (સ્વામીની વાતો : ૬/૩૩)

આ જ રીતે યોગમૂર્તિ ગોપાળાનંદ સ્વામી પણ પોતાની વાતોમાં અવતાર-અવતારીના ભેદની સ્પષ્ટતા કરતાં કહે છે: ''પુરુષોત્તમને વિષે ને બીજા વિભૂતિ અવતારને વિષે કેમ ભેદ છે, તો જેમ તીર ને તીરના નાખનારામાં ભેદ છે ને જેમ ચક્રવર્તી રાજા ને ખંડિયા રાજામાં ભેદ છે ને જેમ સૂર્ય ને સૂર્યના મંડળમાં ભેદ છે, તેમ પુરુષોત્તમમાં ને એ કહ્યા તે સર્વેમાં ભેદ છે.'' (ગોપાળાનંદ સ્વામીની વાતો: ૧/૧૫૨)

વળી, સ્વામી કહે છે: ''આપણે તો કોઈ અવતારને વિષે મોટપ ન સમજવી અને મહારાજ સર્વ અવતારના અવતારી પોતે એક જ છે અને અવતાર માત્રના સ્વામી છે ને બીજા સર્વે અવતાર મહારાજના ભક્ત છે, એમ સમજવું અને બીજાને એમ સમજાવવું.'' (ગોપાળાનંદ સ્વામીની વાતો: ૧/૧૭)

તેથી જ વચનામૃત ગઢડા અંત્ય પ્રકરણ ૩૮માં શ્રીહરિ પોતાની ઓળખ 'ઈશ્વરના પણ ઈશ્વર' એટલે કે 'પરમેશ્વર' તરીકે આપે છે.

• ભગવાન સ્વામિનારાયણ સર્વ અવતારથી પર અને સર્વના કારણ કઈ રીતે?

અગાઉ આપણે શ્રીહરિનાં વચનોને આધારે જ તેઓની સર્વોપરિતા સમજ્યા. હવે તેઓનાં ઐશ્વર્યો તથા વિશિષ્ટ કાર્યોને આધારે તેઓની સર્વોત્કૃષ્ટતા વિચારીએ.

પુરુષોત્તમ નારાયણનાં અસાધારણ લક્ષણો જણાવતાં શ્રીહરિ કહે છે:

- ''અનેક જીવનાં પ્રાણ-નાડીનો સંકેલો કરીને જે તત્કાળ સમાધિ કરાવવી તે બીજાથી થાય નહીં ને લક્ષાવધિ મનુષ્ય નિયમમાં રહ્યા થકા વશ વર્તે તે બીજા કોઈથી થાય નહીં અને અક્ષરાદિક જે મુક્ત તેને પણ નિયમમાં રાખવાને સમર્થપણું તે પણ બીજામાં હોય નહીં. એવી રીતે પુરુષોત્તમ નારાયણનું અસાધારણ લક્ષણ છે.'' (વચ. અમ. ૫)

વળી, તેઓ પુરુષોત્તમ ભગવાનનું એક અદ્વિતીય લક્ષણ જણાવતાં કહે છે:

- ''એ અક્ષરાતીત જે પુરુષોત્તમ ભગવાન છે તે જ સર્વે અવતારનું કારણ છે; અને સર્વે અવતાર પુરુષોત્તમમાંથી પ્રગટ થાય છે અને

પાછા પુરુષોત્તમને વિષે લીન થાય છે.'' (વચ. ગ.મ. ૧૩)

૧. સમાધિ પ્રકરણ

અનેક જીવોને સહજપણે સમાધિ કરાવવારૂપ ઐશ્વર્ય શ્રીહરિને સર્વોપરી સિદ્ધ કરે છે. શ્રીજીમહારાજે જે રીતે, જેટલા પ્રમાણમાં અને જેવી સમાધિ કરાવી છે, તેવી સમાધિ કોઈ અવતારે કરાવી હોય, તેવું શાસ્ત્રોમાં ક્યાંય વર્ણન જોવા મળતું નથી. શ્રીહરિના આ સમાધિ પ્રકરણની નોંધ સંપ્રદાયના તમામ ચરિત્રગ્રંથોમાં ઉપલબ્ધ છે; કોઈ ગ્રંથ બાકી નથી. સમાધિમાં બધાને પોતપોતાના ઈષ્ટદેવનાં દર્શન થતાં, અને તે સૌ 'શ્રીહરિ સર્વ અવતારના અવતારી છે' તેવી ઓળખ પોતાના ભક્તોને આપતા.

સમાધિમાં કોઈ એક દિવસ, કોઈ દશ દિવસ, કોઈ મહિનો, તો કોઈ છ-છ મહિના સુધી શ્રીજીમહારાજની ઈચ્છાથી રહેતા; અને તેમના કાષ્ઠવત્ દેહના ઢગલા કરી રાખવામાં આવતા.

વળી, વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણ ૧૩માં જણાવ્યા મુજબ – વ્યાપકાનંદ સ્વામી, સ્વરૂપાનંદ સ્વામી કે પર્વતભાઈ જેવા અનેકને તમામ અવતારો શ્રીહરિમાંથી પ્રગટ થઈ પુનઃ શ્રીહરિમાં લીન થતા હોય તેવાં દર્શન થયેલાં. આવું ઐશ્વર્ય પૂર્વના કોઈ અવતારે ક્યારેય બતાવ્યું હોય, તેવું કોઈ શાસ્ત્રમાં નોંધાયું નથી.

૨. લક્ષાવધિ મનુષ્યોનું નિયમન

શ્રીહરિએ ૨,૦૦૦થી વધુ ધન-સ્ત્રીના ત્યાગી શુદ્ધ સંતો બનાવ્યા હતા, લાખોનો સત્સંગી સમાજ નિયમબદ્ધ કર્યો હતો. સૌ સ્થૂળ રીતે શ્રીહરિથી દૂર હોવા છતાં તેમને અંતર્યામી - સર્વજ્ઞ માનીને તેમની આજ્ઞા મુજબ વર્તતા.

શ્રીજીમહારાજે પાપી, દુરાચારી, આસુરી વૃત્તિવાળા અનેકનું સમૂળું પરિવર્તન કરીને તેમને ઉત્તમ ભક્તપણું બક્ષ્યું હતું, મોક્ષભાગી બનાવ્યા હતા. પૂર્વેના અવતારોએ પાપીઓનો નાશ કર્યો, જ્યારે શ્રીહરિએ પાપીઓની પાપ-વૃત્તિ - દુઃસ્વભાવોનો નાશ કરી નાખ્યો હતો; જે એક અજોડ ઐશ્વર્ય જ કહી શકાય. એ શૃંખલામાં જોબનપગી, તખાપગી, મૂળજી લુહાણા, સગરામ વાઘરી, શાર્દૂલ ખસિયા જેવા અનેકને ગણાવી શકાય.

૩. સમર્થ પરમહંસોનું નિયમન

✧ ગુણાતીતાનંદ સ્વામી અક્ષરબ્રહ્મનો અવતાર હતા.

- ગોપાળાનંદ સ્વામી અષ્ટાંગયોગ-સિદ્ધ હતા, ગ્રહોની ગતિને ફેરવી શકતા.
- સ્વરૂપાનંદ સ્વામીએ નરકના કુંડ ખાલી કરેલા.
- વ્યાપકાનંદ સ્વામીએ મરેલી ઘોડી જીવતી કરેલી.
- સચ્ચિદાનંદ સ્વામીએ ઇન્દ્રને વરસાદ પાડવા વિવશ કરેલા.
- મુક્તાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી વિદ્વત્તા-સાધુતાની દૃષ્ટિએ ભગવાન થઈને પૂજાય તેવા હતા.
- નિત્યાનંદ સ્વામી વેદ-વેદાંતના પ્રખર જ્ઞાતા હતા.

આવા તો અનેક પરમહંસ-મુક્તો કઠપૂતળીની જેમ શ્રીહરિની આંગળીના ઇશારે નાચ્યા છે, અતિ કઠિન એવા ૧૧૪ વિવિધ આદેશોમાંથી પસાર થયા છે; જે એક આશ્ચર્યકારક હકીકત છે, એક ઐશ્વર્ય જ છે. કારણ કે આજે દીકરા પણ સગા બાપનું અનુશાસન સ્વીકારવા તૈયાર નથી, તેમાં આ તો કોઈ લોહીની સગાઈ વિના શ્રીજીમહારાજના દિવ્ય પ્રેમ અને ઐશ્વર્યથી જ અંજાઈ-ખેંચાઈને તેમના ગુલામના ગુલામ બનીને રહ્યા !

આ ત્રણ અદ્વિતીય ઐશ્વર્યો શ્રીહરિને પુરુષોત્તમ પરબ્રહ્મ સિદ્ધ કરે છે.

આ ઉપરાંત તેઓનાં કેટલાંક વિશિષ્ટ કાર્યો પણ તેઓને અદ્વિતીય સિદ્ધ કરી શકે તેમ છે :

- પોતાની ઉપસ્થિતિમાં જ પોતાનું ભજન - સ્વામિનારાયણ મંત્ર - પ્રદાન.
- પોતાનાં શાસ્ત્રો - હજારો કીર્તનોની પરમહંસો દ્વારા રચના.
- મંદિરોની રચના; વરતાલમાં પોતાની જ મૂર્તિની સ્વહસ્તે સ્થાપના.
- વચનામૃતમાં ઉદ્‌બોધેલ આદર્શ બ્રાહ્મીસ્થિતિની અનેકના જીવનમાં સિદ્ધિ.
- આશ્રિતોને આત્યંતિક કલ્યાણનો કોલ અને તેની પ્રાપ્તિ.
- અખંડ પ્રાગટ્ય અને અતૂટ મોક્ષધારાનું વહન.

• ભગવાન સ્વામિનારાયણને સર્વોત્કૃષ્ટ માનવાથી લાભ, ન માનવાથી ગેરલાભ

શ્રીહરિને ભગવાન માનીને તો તેમના સૌ આશ્રિતો તેમનું ભજન કરે

જ છે; પરંતુ તેમને સર્વોપરી, સર્વ અવતારોથી ભિન્ન અને પર, સર્વાવતારના અવતારી, સર્વ કારણના કારણ માનીને તેમના સ્વરૂપની નિષ્ઠા દૃઢ કર્યા વગર ચાલે તેમ જ નથી. શ્રીહરિ પોતે જ પોતાના સર્વોપરીપણાની સમજણ દૃઢ કરવાની આવશ્યકતા સમજાવીને, તે દૃઢ કરવાનું સૌને આગ્રહપૂર્વક કહે છે.

• અક્ષરધામની પ્રાપ્તિ માટે સર્વોપરીપણાની નિષ્ઠા અનિવાર્ય

અક્ષરધામની પ્રાપ્તિરૂપ આત્યંતિક કલ્યાણ માટે અક્ષરધામના અધિપતિ શ્રીહરિને સર્વોપરી સમજવા એ એક અનિવાર્ય સિદ્ધાંત છે. શ્રીહરિ કહે છે:

- "જ્ઞાનમાર્ગ તો એવો સમજવો જે, કોઈ રીતે ભગવાનના સ્વરૂપનો દ્રોહ થાય નહીં. અને કોઈક કાળે ભગવાનના વચનનો લોપ થતો હોય તો તેની ચિંતા નહીં, પણ ભગવાનના સ્વરૂપનો દ્રોહ થવા દેવો નહીં. અને જો ભગવાનનું વચન કાંઈક લોપાયું હોય તો તે ભગવાનની પ્રાર્થના કરીને પણ છૂટકો થાય, પણ ભગવાનના સ્વરૂપનો દ્રોહ કર્યો હોય તો તેનો કોઈ રીતે છૂટકો થાય નહીં. માટે જે સમજુ હોય તેને ભગવાનના વચનમાં તો જેટલું પોતાની સામર્થી પ્રમાણે રહેવાય તેટલું અવશ્ય રહેવું, પણ ભગવાનની મૂર્તિનું બળ અતિશય રાખવું જે, 'સર્વોપરી ને સદા દિવ્ય સાકારમૂર્તિ અને સર્વ અવતારનું અવતારી એવું જે ભગવાનનું સ્વરૂપ છે તે જ મને પ્રાપ્ત થયું છે.' અને જે એમ જાણતો હોય ને તેથી જો કદાચિત્ સત્સંગથી બાહેર નીસરી જવાણું તોય પણ તેને ભગવાનની મૂર્તિમાંથી હેત ટળતું નથી અને તે હમણાં તો સત્સંગથી બાહેર છે પણ દેહ મૂકીને તો અંતે ભગવાનનું જે અક્ષરધામ તેને વિષે ભગવાનને સમીપે જશે. અને હમણે સત્સંગમાં રહેતો હશે અને શાસ્ત્રનાં વચનમાં પણ રહેતો હશે અને તેને જો ભગવત્સ્વરૂપની નિષ્ઠા પાકી નહીં હોય તો તે જ્યારે દેહ મૂકશે ત્યારે કાં તો બ્રહ્માના લોકમાં જશે ને કાં તો કોઈક બીજા દેવતાના લોકમાં જશે પણ તે પુરુષોત્તમ ભગવાનના ધામને વિષે નહીં જાય. તે માટે પોતાને સાક્ષાત્ મળ્યું જે ભગવાનનું સ્વરૂપ તેને સદા દિવ્ય સાકારમૂર્તિ ને સર્વ અવતારનું કારણ અવતારી એવું જાણવું. અને જો એમ ન જાણે ને નિરાકાર

જાણે ને બીજા અવતાર જેવા જાણે તો એનો દ્રોહ કર્યો કહેવાય.''
(વચ. ગ.મ. ૯)

જે ભગવાનનું ભજન કરીને જેમના ધામમાં જવાનું છે, તેમને સર્વોપરી ન સમજીને, બીજા અવતાર જેવા જાણવારૂપ દ્રોહ થાય, તો તેમના ધામમાં પહોંચી જ કેમ શકાય?

ટૂંકમાં, અક્ષરધામમાં જવા માટે ભગવાન સ્વામિનારાયણને સર્વ અવતારથી પર, સર્વોપરી, અક્ષરધામના પતિ જાણવા પડે.

● અક્ષરધામની સર્વોત્કૃષ્ટતા

ભગવાન સ્વામિનારાયણે વચનામૃતમાં ખૂબ જ સ્પષ્ટતાપૂર્વક સમજાવ્યું છે કે અક્ષરધામ અન્ય સર્વે ધામોથી પર અને સર્વશ્રેષ્ઠ સ્થાન છે. તે એક અને અદ્વિતીય છે.

૧. અક્ષરધામ – સર્વે લોકથી પર

શ્રીહરિ વચનામૃત અમદાવાદ પ્રકરણ ૭માં અન્ય સર્વ ધામોથી પર શ્રી પુરુષોત્તમ ભગવાનનું બ્રહ્મધામ - અક્ષરધામ દર્શાવે છે.

વચનામૃત ગઢડા અંત્ય પ્રકરણ ૨૧માં પણ અક્ષરધામને સર્વથી પર દિવ્ય કહેવામાં આવ્યું છે.

૨. અક્ષરધામ – કાળથી પર

મહામાયામાંથી અનંત કોટિ બ્રહ્માંડો સર્જાયાં છે. સર્વે ધામો પ્રત્યેક બ્રહ્માંડમાં આવેલાં છે. પ્રાકૃત પ્રલય વખતે એક બ્રહ્માંડ સંપૂર્ણ નાશ પામે છે, તેની સાથે જ તે બ્રહ્માંડમાંનાં આ સર્વે ધામો નાશ પામી જાય છે. આત્યંતિક પ્રલય વખતે અનંત કોટિ બ્રહ્માંડો એકસાથે નાશ પામે છે, તેની સાથે જ તમામ બ્રહ્માંડોમાં રહેલાં આ સર્વે ધામો પણ નાશ પામી જાય છે.

શ્રીહરિ સમજાવે છે :

- ''જેટલું પ્રકૃતિપુરુષ થકી થયું છે તે મહાપ્રલયમાં કાંઈ રહેતું નથી.''
  (વચ. ગ.અં. ૧૦)
  (અક્ષરધામ પ્રકૃતિ કહેતાં મહામાયાના કાર્યરૂપ તમામ બ્રહ્માંડોથી પર હોવાથી આત્યંતિક પ્રલય વખતે પણ તે નાશ પામતું નથી.)
- ''ભગવાનનું જે અક્ષરધામ ને તે ધામને વિષે રહી એવી જે

ભગવાનની મૂર્તિ ને તે ધામને વિષે રહ્યા એવા જે ભગવાનના ભક્ત તે વિના જે જે લોક છે ને તે લોકને વિષે રહ્યા એવા જે દેવ છે ને તે દેવના જે વૈભવ છે તે સર્વે નાશવંત છે.'' (વચ. ગ.મ. ૨૪)

આમ, એકમાત્ર અક્ષરધામ જ અવિનાશી છે, બીજાં તમામ ધામો કાળે કરીને નાશ પામે છે. આથી, અક્ષરધામ સિવાયનાં એ નાશવંત ધામોમાં ગયેલા જીવોને જન્મ-મરણ ઊભું રહે છે. પરિણામે, અક્ષરધામમાં ગયા સિવાય જન્મ-મરણ ટળતું જ નથી. અક્ષરધામ કાળથી પર - અવિનાશી છે, તેથી ત્યાં ગયા પછી ક્યારેય જન્મ-મરણમાં ભટકવું પડતું નથી. આવી વાત ઉપનિષદ, બ્રહ્મસૂત્ર વગેરે સનાતન શાસ્ત્રોમાં પણ નોંધાયેલી છે.

૩. અક્ષરધામ – માયાથી પર

અક્ષરધામ સિવાય અન્ય તમામ ધામોમાં માયા અને માયાના ત્રણ ગુણ – તમોગુણ, રજોગુણ અને સત્ત્વગુણના ભાવો જણાય છે; જે અંગેની વાતો શાસ્ત્રોમાં પ્રસિદ્ધ છે.

અક્ષરધામ પ્રકૃતિ-માયાથી પરનું દિવ્ય સ્થાન છે, ત્યાં આવા કોઈ જ સ્વભાવ-વાસના વગેરે માયિકભાવો નથી; એટલું જ નહીં, પરંતુ ગઢડા પ્રથમ પ્રકરણ ૨૧, સારંગપુર પ્રકરણ ૧૧, જેતલપુર પ્રકરણ ૩ વગેરે વચનામૃતોમાં તો સ્પષ્ટ ઉલ્લેખ છે કે થોડો પણ માયાનો ભાવ-સ્વભાવ, વાસના હોય તો અક્ષરધામમાં જઈ શકાતું નથી.

૪. અક્ષરધામ – દુઃખમાત્રથી પર - પરમ આનંદનું ધામ

ભગવાન સ્વામિનારાયણે સારંગપુર પ્રકરણનાં ૧, ૪ તથા ૧૧ વગેરે વચનામૃતોમાં, મહાભારત - શાંતિપર્વના મોક્ષધર્મનો સંદર્ભ આપીને સમજાવ્યું છે કે 'ભગવાનનું જે અક્ષરધામ છે તેની આગળ બીજા જે દેવતાના લોક છે તે નરકતુલ્ય છે.'

શ્રીહરિએ સુખનું તારતમ્ય દર્શાવીને અક્ષરધામનું સુખ સૌથી અધિક છે, તે સમજાવ્યું છે :

- ''પશુના સુખથી મનુષ્યમાં અધિક સુખ છે ને તે કરતાં રાજાનું સુખ અધિક છે ને તેથી દેવતાનું સુખ અધિક છે ને તેથી ઇન્દ્રનું અધિક છે ને તેથી બૃહસ્પતિનું ને તેથી બ્રહ્માનું ને તેથી વૈકુંઠલોકનું ને તેથી ગોલોકનું સુખ તે અધિક છે અને તેથી ભગવાનના અક્ષરધામનું

સુખ અતિ અધિક છે.'' (વચનામૃત પંચાળા ૧)

આ અક્ષરધામમાં પુરુષોત્તમ ભગવાન સ્વામિનારાયણ અખંડ બિરાજમાન છે. તેમની મૂર્તિનું સુખ કેવું છે? તે અંગે વચનામૃતમાં અદ્‌ભુત વર્ણન કરવામાં આવ્યું છે:

- ''તે ભગવાનનું જે એક નિમેષમાત્રનું (આંખના પલકારા જેટલું) દર્શન તે ઉપર અનંત કોટિ બ્રહ્માંડનાં જે વિષયસુખ છે તે સર્વેને વારીફેરીને નાંખી દેઈએ (કુરબાન કરી દઈએ) અને ભગવાનના એક રોમ(રૂંવાડા)માં જેટલું સુખ રહ્યું છે તેટલું સુખ જો અનંત કોટિ બ્રહ્માંડનાં વિષયસુખ ભેળાં કરીએ તો પણ તેના કોટિમા ભાગની બરોબર પણ થાય નહીં.'' (વચ. સા. ૧)
- ''જેના સુખની આગળ અનંત રૂપવાન સ્ત્રીઓને જોયાનું જે સુખ તે તુચ્છ થઈ જાય છે અને આ લોક-પરલોક સંબંધી જે પંચવિષયનાં સુખ તે ભગવાનની મૂર્તિના સુખ આગળ તુચ્છ થઈ જાય છે; એવું ભગવાનનું સ્વરૂપ છે.'' (વચ. લો. ૧૮)

તેથી જ ભગવાન સ્વામિનારાયણ કહે છે :

- ''એ ભગવાનના ધામને વિષે રહ્યા જે ભગવાનના ભક્ત તેને જેવું સુખ છે તેવું આ બ્રહ્માંડમાં કોઈ સુખ છે નહીં જેની એને ઉપમા દઈએ.'' (વચ. પં. ૪)

ટૂંકમાં સાર એટલો જ છે કે ''ભગવાનનું જે બ્રહ્મધામ (અક્ષરધામ) છે એને કોઈ ધામની ઉપમા ન દેવાય તેવું છે.'' (વચ. અમ. ૬)

આવા સર્વોત્કૃષ્ટ, અદ્વિતીય ધામમાં પહોંચવારૂપ આત્યંતિક કલ્યાણ પામવા માટેની અનિવાર્ય સમજણ છે – ભગવાન સ્વામિનારાયણને સર્વોપરી, સર્વ અવતારમાત્રથી ભિન્ન અને પર માનવા તે.

તેથી જ તો સૌ આશ્રિત સંતો-ભક્તો એમનું આ સર્વોપરીપણું સમજે – એવો એમણે આગ્રહ રાખ્યો છે. તેમને પોતાનું આવું સર્વોપરી સ્વરૂપ સમજાવવાનો કેટલો આગ્રહ છે તે વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણ ૧૩માં દેખાય છે:

- ''હે સંતો ! જે મોટેરા મોટેરા હો ને વાતમાં સમજતા હો તે આગળ બેસો, ને આ એક વાત કરું છું તે સર્વે ચિત્ત દઈને સાંભળજો. અને

આ જે મારે વાત કરવી છે તે કાંઈ દંભે કરીને નથી કરવી તથા માને કરીને નથી કરવી તથા પોતાની મોટ્યપ વધારવા સારુ નથી કરવી. એ તો એમ જાણીએ છીએ જે, 'આ સર્વે સંત તથા હરિભક્ત છે તેમાંથી એ વાત કોઈને સમજાઈ જાય તો તેના જીવનું અતિ રૂડું થાય,' તે સારુ કરીએ છીએ."

આવી પૂર્વભૂમિકા બાંધ્યા પછી પોતાના યથાર્થ સ્વરૂપની વાત કરીને અંતે આ વાતનું નિત્ય અનુસંધાન રાખવાનો આગ્રહ કરતાં કહે છે:

- "આ વાતને નિત્યે નવી ને નવી રાખજો, પણ ગાફલપણે કરીને વિસારી દેશો મા. આજ છે તેવી જ કાલ નવી રાખજ્યો અને તેવી જ દેહનો અંત થાય ત્યાં સુધી પણ દિન-દિન પ્રત્યે નવી ને નવી રાખજ્યો. અને જે જે ભગવાનની વાત કરો તે તે વાતને વિષે આ વાતનું બીજ લાવજ્યો, એમ અમારી આજ્ઞા છે. અને આ વાર્તા તો એવી જીવનદાર છે જે, દેહ રહે ત્યાં સુધી પણ નિત્ય પ્રત્યે કરવી અને દેહ મૂકીને ભાગવતી (દિવ્ય) તનુએ કરીને પણ આ જ વાર્તા કરવી છે."

જીવતે અને મરીને પણ જે વાતનું સતત અનુસંધાન રાખવાનું હોય, તે વાત કેટલી મહત્ત્વની હશે!!

• ભગવાન સ્વામિનારાયણે સ્વરૂપ વિષયક કરેલી વિભિન્ન વાતો અને તેનું રહસ્ય

'વચનામૃત' શ્રીહરિએ સત્સંગ સભાઓમાં કરેલી વાતોનો સંગ્રહ છે.

અગાઉ ચર્ચા મુજબ, અનેક વચનામૃતોમાં શ્રીહરિએ પોતાના સર્વાવતારી પુરુષોત્તમપણાની સ્પષ્ટપણે વાતો કરી છે.

તેની સાથે સાથે એવાં પણ અનેક વચનામૃતો છે કે જેમાં શ્રીહરિએ પોતે સાધક છે, પોતે સાધુ છે, પોતે એકાંતિક ભક્ત છે, પોતે આચાર્ય-ગુરુ-ઉપદેષ્ટા છે, પોતે નરનારાયણના આશ્રિત છે કે કૃષ્ણનારાયણના ભક્ત છે, પોતે જ નરનારાયણ છે કે કૃષ્ણ ભગવાન છે, સર્વાવતારી નરનારાયણ છે કે કૃષ્ણ ભગવાન છે... આવા અનેક પ્રકારના શબ્દો પણ કહ્યા છે. વચનામૃત ગ્રંથનો અભ્યાસ કરતાં આવાં અનેક શબ્દો-વાક્યો નજર સમક્ષ અવશ્ય આવે

છે. આનું શું કારણ હશે ?

શ્રીહરિ જણાવે છે :

- "ભગવાનનો નિશ્ચય થવો તે સૌથી મહાકઠણ છે. તે નિશ્ચયની વાર્તા અતિ અટપટી છે, માટે કહેતાં બીક લાગે છે જે, 'શું જાણીએ વાત કરીએ ને તેમાંથી કોઈને અવળું પડે ?'' (વચ. લો. ૧૮)

શ્રીહરિ ધર્મધુરા સંભાળ્યા પછી લગભગ ૧૯ વર્ષ બાદ આ વાત કરે છે. આટઆટલાં વર્ષો સુધી શ્રીજીમહારાજનાં અસાધારણ દિવ્ય વ્યક્તિત્વ તથા અલૌકિક ઐશ્વર્યોને નજરે જોનારા અને અનુભવ કરનારા સંતો-ભક્તોને પણ વાત કરતાં શ્રીજીમહારાજને બીક લાગે છે ! શા માટે ? કારણ કે –

પ્રગટ ભગવાનના સ્વરૂપનો યથાર્થ નિશ્ચય થવો તે અતિ કઠણ બાબત છે. શ્રીહરિને ભગવાન માનીને તેમનાં ચરણે તન-મન-ધન અર્પણ કરનારા તો લાખો ભક્તો એ સમયે હતા; પણ 'તેઓ સર્વ અવતારના અવતારી સર્વોપરી ભગવાન છે' એ બાબત સમજવી તે સમયે ઘણા સંતો-ભક્તોને અતિ કઠણ પડી હતી. અંતર્યામી શ્રીહરિ સૌના અંતરને યથાર્થ જાણતા હતા. તેથી સમય અને સંજોગો જોઈને તેમણે વિભિન્ન પ્રકારની વાતો કરી. પોતાની સમક્ષ જે પ્રકારના શ્રોતા બેઠા હોય, તેમની જે પ્રકારની આંતરિક દૃઢતા હોય, તે મુજબ વાતો કરીને; વિશેષે કરીને તો સૌને પોતાની સાથે હેત-જોડાણ રહે; તેવો અભિગમ તેમણે અપનાવ્યો. તદ્દન અભાવ આવીને કોઈ પાછો પડી જાય કે 'આમને જ સર્વશ્રેષ્ઠ બનીને પૂજાવું છે,' એવું તેમને થવા દેવું ન હતું. 'અત્યારે નહીં સમજાય તો ભવિષ્યમાં સમજાશે, જો મારી સાથે હેત જળવાઈ રહેશે તો...!' 'Later is better than never' – આવી વિશાળ કલ્યાણ-ભાવના શ્રીહરિએ કરેલ વિભિન્ન પ્રકારની વાતોમાં જણાય છે.

તેમ છતાં સર્વોપરી વાતોને પચાવી શકે તેવા યોગ્ય આશ્રિતોને તો પ્રસંગોપાત્ત એકાંતમાં વ્યક્તિગત કે સમૂહમાં પોતાના સર્વોપરીપણાની સ્પષ્ટ વાતો અનેક વખત શ્રીહરિએ કરી છે, જે આપણે અગાઉ જોઈ ગયા. આપણા આત્યંતિક કલ્યાણ માટે તો એ જ વાતો આપણે ગ્રહણ કરવાની છે.

૬. પુરુષોત્તમ – પ્રગટ-પ્રત્યક્ષ

ભગવાન શ્રી સ્વામિનારાયણે વચનામૃતમાં પુરુષોત્તમના પ્રત્યક્ષ કે

પ્રગટ સ્વરૂપને સમજવા અંગે સવિશેષ વાતો કરી છે, તે અંગે વિચાર કરીએ.

• 'પરોક્ષ' અને 'પ્રત્યક્ષ' શબ્દનું તાત્પર્ય

શબ્દકોશ અનુસાર –

પરોક્ષ એટલે આંખ, કાન, નાક, જીભ, ચામડી – આ પાંચ જ્ઞાનઇન્દ્રિયો દ્વારા ન જાણી શકાય તેવું; જ્યાં દૃષ્ટિ ન પહોંચે તેવું; ઇન્દ્રિયોને અગોચર.

પ્રત્યક્ષ એટલે આંખ, કાન, નાક, જીભ, ચામડી – આ પાંચ જ્ઞાન-ઇન્દ્રિયો દ્વારા જાણી શકાય તેવું; પ્રગટ; ઇન્દ્રિય-ગોચર.

વચનામૃતમાં ભગવાન સ્વામિનારાયણે વારંવાર આ બે શબ્દનો પ્રયોગ કર્યો છે, અને આ જ અર્થમાં પ્રયોગ કર્યો છે.

વચનામૃત અનુસાર, અક્ષરધામમાં વ્યતિરેક સ્વરૂપે બિરાજમાન પુરુષોત્તમ પરબ્રહ્મ એ ભગવાનનું પરોક્ષ સ્વરૂપ છે; ઇન્દ્રિયોને અગોચર છે; અને એ જ ભગવાન અક્ષરધામમાં રહ્યા થકા, અનંત જીવોના આત્યંતિક કલ્યાણ માટે અને પ્રેમી ભક્તોને સુખ આપવા માટે મનુષ્યદેહ ધારણ કરે છે, કે જે ઇન્દ્રિયો દ્વારા જોઈ-જાણી શકાય છે, તે ભગવાનનું પ્રત્યક્ષ સ્વરૂપ છે અર્થાત્ તે જ પ્રગટ ભગવાન છે. (વચ. પં. ૪ અને વર. ૧૮)

પૃથ્વી પર મનુષ્યરૂપે વિચરતા આ પ્રત્યક્ષ-પ્રગટ ભગવાન જ્યારે અંતર્ધાન થઈ જાય, દેહત્યાગ કરે, ત્યારે તેઓ પ્રત્યક્ષ રહેતા નથી (ઇન્દ્રિયો દ્વારા જોઈ-જાણી શકાતા નથી) અને 'પરોક્ષ થઈ ગયા' તેમ કહેવાય છે.

• પ્રત્યક્ષ - પ્રગટ ભગવાનની અનિવાર્યતા

આત્યંતિક કલ્યાણ પ્રગટ-પ્રત્યક્ષ ભગવાન વિના શક્ય જ નથી, આ વચનામૃત કથિત શ્રીહરિનો સિદ્ધાંત છે:

- "જીવનું જે કલ્યાણ થાય અને જીવ માયાને તરીને બ્રહ્મસ્વરૂપ થાય તેનું કારણ તો પુરુષોત્તમ એવા જે વાસુદેવ ભગવાન તેના પ્રત્યક્ષ સ્વરૂપનું જ્ઞાન, ધ્યાન, કીર્તન અને કથાદિક એ જ છે; ને એણે કરીને જ એ જીવ છે તે માયાને તરે છે અને અતિ મોટાઈને પામે છે અને ભગવાનનું જે અક્ષરધામ તેને પામે છે." (વચ. ગ.મ. ૩૨)

પ્રત્યક્ષ સ્વરૂપનું જ્ઞાન એટલે શું? તે અંગે શ્રીહરિ સમજાવે છે:

- "ભગવાનને તત્ત્વે કરીને સમજવા તે તો એમ છે જે, ઈન્દ્રિયો, અંતઃકરણ તથા અનુભવ એ ત્રણે કરીને યથાર્થપણે પ્રત્યક્ષ ભગવાનને જાણે ત્યારે પૂરો જ્ઞાની કહેવાય. અને એ ત્રણ પ્રકારમાંથી જો એકે ઓછો હોય તો તેને આત્યંતિક જ્ઞાન ન કહેવાય ને તેણે કરીને જન્મ-મૃત્યુને પણ ન તરે." (વચ. લો. ૭)

ભગવાનના પ્રત્યક્ષ સ્વરૂપનું જ્ઞાન એટલે ઈન્દ્રિયો, અંતઃકરણ અને અનુભવ (લોયા પ્રકરણ ૭ મુજબ સાક્ષાત્કારની સ્થિતિ અથવા અતિ દૃઢ વિશ્વાસ - 'ઠાવકી આંટી') એ ત્રણે કરીને યથાર્થપણે પ્રત્યક્ષ ભગવાન - ઈન્દ્રિયગોચર ભગવાનને જાણવા તે; ત્રણમાંથી એકેય પ્રકાર ઓછો હોય તો યથાર્થ જ્ઞાન ન કહેવાય; અને માયાને કે જન્મ-મૃત્યુને ન તરાય, અક્ષરધામને ન પમાય.

શ્રીહરિ જ્યારે આ વાક્યો બોલી રહ્યા હતા, ત્યારે તો પ્રત્યક્ષ ભગવાન - ઈન્દ્રિયગોચર ભગવાન પોતે જ હતા, કે જેમનો ઈન્દ્રિયોથી સંપૂર્ણ અનુભવ કરી શકાય, જેમને અંતઃકરણથી ચિંતવી શકાય અને જેમનો અનુભવથી સાક્ષાત્કાર કે વિશ્વાસ દૃઢ કરી શકાય.

તેઓ અંતર્ધાન થયા પછી, અંતઃકરણ ને અનુભવ તો કદાચ શાસ્ત્રોમાંથી તેમનું વર્ણન વાંચીને કે સાંભળીને પહોંચાડી શકાય, પણ ઈન્દ્રિયો – આંખ, કાન, નાક, જીભ, ચામડીથી કેવી રીતે અનુભવાય? માટે અધૂરું જ્ઞાન રહે, મોક્ષ ન જ થાય.

માટે, તેમણે અંતર્ધાન થયા બાદ અન્ય સ્વરૂપે પ્રત્યક્ષ રહેવું જ પડે, તો જ મોક્ષમાર્ગ ચાલુ રહે.

શ્રીહરિ વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણ ૨૧માં કહે છે:

- "કલ્યાણને અર્થે તો ભગવાનને સર્વકર્તાહર્તા જાણવા એ જ છે. અને જેવું પરોક્ષ ભગવાનના રામ-કૃષ્ણાદિક અવતારનું માહાત્મ્ય જાણે છે તથા નારદ, સનકાદિક શુકજી, જડભરત, હનુમાન, ઉદ્ધવ ઈત્યાદિક જે પરોક્ષ સાધુ તેનું જેવું માહાત્મ્ય જાણે છે તેવું જ પ્રત્યક્ષ એવા જે ભગવાન તથા તે ભગવાનના ભક્ત સાધુ તેનું માહાત્મ્ય સમજે તેને કલ્યાણના માર્ગમાં કાંઈયે સમજવું બાકી રહ્યું નહીં. તે આ વાર્તા એક વાર કહ્યે સમજો અથવા લાખ વાર કહ્યે સમજો,

આજ સમજો અથવા લાખ વર્ષ કેડે સમજો પણ એ વાત સમજ્યે જ છૂટકો છે.''

આ વાક્યો પરથી ફલિત થાય છે કે –

✧ કલ્યાણને અર્થે ભગવાનને સર્વકર્તાહર્તા જાણવા, આ જ ભગવાનનું મુખ્ય માહાત્મ્ય છે.

✧ પરોક્ષ ભગવાન(અક્ષરધામમાં રહેલા ભગવાન)ના રામ-કૃષ્ણાદિક અવતારને વિષે તો સર્વકર્તાહર્તાપણા રૂપ માહાત્મ્યનો ભાવ તો ઘણાને છે જ; તેમના સંબંધે કરીને પરોક્ષ ભક્તોનો મહિમા તો અનેકને છે જ. પરંતુ શ્રીહરિ કહે છે કે પ્રત્યક્ષ એટલે કે ઇન્દ્રિય-ગોચર એવા તેમને વિષે સર્વકર્તાહર્તાપણાનો ભાવ દૃઢ થવો જોઈએ; અને તેમના સંબંધે કરીને પ્રત્યક્ષ ભક્તો - તેમના ભક્તોને વિષે ભાવ રહેવો જોઈએ.

✧ 'આ વાર્તા આજ સમજો' એટલે કે શ્રીહરિ વર્તમાનકાળનો પ્રયોગ કરીને પોતાનો મહિમા સમજવાનો આગ્રહ સેવે છે.

✧ 'આ વાર્તા લાખ વર્ષ કેડે સમજો, પણ એ વાત સમજ્યે જ છૂટકો છે.' ભવિષ્યકાળનો અહીં પ્રયોગ કર્યો છે. લાખ વર્ષ પછી તો શ્રીહરિ પોતે સ્થૂળ દેહે પ્રત્યક્ષ નહીં જ હોય તે સ્વાભાવિક છે. અહીં કહે છે કે તે સમયે પણ પ્રત્યક્ષ ભગવાનનું કર્તાહર્તાપણારૂપ માહાત્મ્ય કલ્યાણ માટે સમજ્યે જ છૂટકો છે. એનો અર્થ એ થયો કે શ્રીહરિએ લાખ વર્ષ પછી પણ અન્ય સ્વરૂપે પ્રત્યક્ષ-પ્રગટ રહેવું જ પડે, તો જ કલ્યાણનો માર્ગ ચાલુ રહે.

આ ત્રણ વચનામૃતોને આધારે આપણે સમજ્યા કે આત્યંતિક કલ્યાણ માટે પ્રત્યક્ષ, પ્રગટ, ઇન્દ્રિયગોચર ભગવાનનું સ્વરૂપ અનિવાર્ય છે જ.

અત્યારે ભગવાનનું પ્રત્યક્ષ સ્વરૂપ, જેને ઇન્દ્રિયો દ્વારા અનુભવી શકીએ એવું સ્વરૂપ કોણ છે?

● શ્રીહરિનું પ્રગટપણું સંત દ્વારા

અનંત જીવોના આત્યંતિક કલ્યાણ માટે શ્રીહરિ આ લોકમાં પધાર્યા હતા. તેમના અંતર્ધાન પછી તેમની અનુપસ્થિતિમાં પણ તેમના જેવું જ જો કોઈ

જીવનું આત્યંતિક કલ્યાણ કરી શકે, તે જ તેમનું પ્રત્યક્ષ કે પ્રગટ સ્વરૂપ કહેવાય.

પોતાની ઉપસ્થિતિ અને અનુપસ્થિતિમાં કલ્યાણની વ્યવસ્થા અંગે શ્રીહરિ સમજાવે છે :

- "જેને પોતાનું કલ્યાણ ઇચ્છવું તેને તે તે લક્ષણે કરી તે ભગવાનને ઓળખીને તે ભગવાનને શરણે થવું અને તેનો દૃઢ વિશ્વાસ રાખવો ને તેની આજ્ઞામાં રહીને તેની ભક્તિ કરવી, એ જ કલ્યાણનો ઉપાય છે. અને ભગવાન જ્યારે પૃથ્વીને વિષે પ્રત્યક્ષ ન હોય ત્યારે તે ભગવાનને મળેલા જે સાધુ તેનો આશ્રય કરવો, તો તે થકી પણ જીવનું કલ્યાણ થાય છે." (વચ. વર. ૧૦)

અહીં 'ભગવાનને મળેલા સાધુ'ના આશ્રય થકી પણ કલ્યાણ થાય છે, તેમ જણાવ્યું. 'ભગવાનને મળેલા સાધુ' કોણ ? મુક્તાનંદ સ્વામી ? ગોપાળાનંદ સ્વામી ? ગુણાતીતાનંદ સ્વામી ? શ્રીહરિનો આવો અભિપ્રાય હશે ? તો તો આત્યંતિક કલ્યાણની આ વ્યવસ્થા અત્યારે ઉપયોગી ન થઈ શકે, કારણ કે શ્રીહરિને મળેલા એક પણ સાધુ અત્યારે ઉપસ્થિત નથી. શ્રીજીમહારાજે આત્યંતિક કલ્યાણની વ્યવસ્થા પૃથ્વીનું તળ રહે ત્યાં સુધીની જ કરી હોય, અધૂરી હોય જ નહીં. માટે 'ભગવાનને મળેલા સાધુ' કોણ ? તે સમજવું જરૂરી છે.

બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજે યોગીગીતામાં કહે છે : 'ભગવાનને મળેલા એટલે શું ? એકાત્મભાવને પામેલા. બસ્સો વરસ પહેલાંના નંદ સંત અત્યારે કોઈ નથી. મહારાજનો અભિપ્રાય પ્રવર્તાવે તે મળેલા. તેની હજારો પેઢીઓ હાલે તોય મળેલા કહેવાય.'

આમ, ભગવાનને મળેલા એટલે ભગવાન સાથે એકાત્મભાવને પામેલા. ભગવાનના અખંડ ધારક.

ભગવાન સ્વામિનારાયણ કહે છે :

- "એવી જાતનાં જ્ઞાન, ભક્તિ, વૈરાગ્યાદિક જે અનંત શુભ ગુણ તેણે યુક્ત જે ભક્ત હોય તેના હૃદયમાં ભગવાન નિવાસ કરે છે. પછી તે ભક્ત જે તે ભગવાનને પ્રતાપે કરીને અનંત પ્રકારનાં ઐશ્વર્યને પામે છે ને અનંત જીવના ઉદ્ધારને કરે છે... એ સમર્થ તો કેવો જે, એનાં નેત્રમાં ભગવાન જોનારા છે તે માટે બ્રહ્માંડમાં જેટલાં જીવપ્રાણી છે તેનાં નેત્રને પ્રકાશ કરવાને સમર્થ થાય છે, અને એના

પગમાં ચાલનારા ભગવાન છે તે માટે બ્રહ્માંડમાં સર્વ જીવના પગને વિષે ચાલવાની શક્તિને પોષણ કરવાને એ સમર્થ થાય છે; એમ એ સંતની સર્વે ઇન્દ્રિયોમાં ભગવાન રહ્યા છે, તે માટે એ સંત તો બ્રહ્માંડમાં સર્વે જીવોનાં ઇન્દ્રિયોને પ્રકાશ કરવાને સમર્થ થાય છે. માટે એ સંત તો સર્વ જગતના આધારરૂપ છે.'' (વચ. ગ.પ્ર. ૨૭)

અહીં શ્રીહરિ પોતાનું સંપૂર્ણ પ્રગટપણું જ્ઞાન-ભક્તિ-વૈરાગ્યાદિક અનંત શુભ ગુણે યુક્ત સંત દ્વારા સમજાવે છે કે જે અનંત જીવનો ઉદ્ધાર ભગવાનની પેઠે જ કરે છે.

ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ જેવા અનંત શુભ ગુણે યુક્ત સંત દ્વારા ભગવાનના પ્રાગટ્યનો નિર્દેશ શ્રીહરિએ બીજાં અનેક વચનામૃતોમાં કર્યો છે, જેને અત્રે ટૂંકમાં જ જોઈએ –

- ✧ સંતમાં ભગવાનનો અખંડ નિવાસ – ગઢડા પ્રથમ પ્રકરણ ૫૬, ૬૮; ગઢડા અંત્ય પ્રકરણ ૩૫.
- ✧ સંતનો ભગવાન જેવો જ પ્રતાપ – ગઢડા મધ્ય પ્રકરણ ૨૨.
- ✧ સંતનું દર્શન એટલે ભગવાનનું જ દર્શન – ગઢડા પ્રથમ પ્રકરણ ૩૭, સારંગપુર પ્રકરણ ૧૦.
- ✧ સંતની સેવા એટલે ભગવાનની જ સેવા – ગઢડા અંત્ય પ્રકરણ ૨૬, ૩૫.

'સંત હું ને હું તે વળી સંત રે, એમ શ્રીમુખે કહે ભગવંત રે;
સંત માનજો મારી મૂરતી રે, એમાં ફેર નથી એક રતી રે.'

(સદ્‌ગુરુ નિષ્કુળાનંદ સ્વામી, પુરુષોત્તમ પ્રકાશ : ૪૧/૯)

આ તમામ સારરૂપે અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામી કહે છે:

''જેમાં ભગવાન સર્વ પ્રકારે રહ્યા હોય એવા જે સંત તે જ પ્રત્યક્ષ ભગવાન છે.'' (સ્વામીની વાતો : ૫/૩૯૨)

● અક્ષરબ્રહ્મ દ્વારા પ્રાગટ્ય

અગાઉ વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૨૭માં ઉલ્લેખ આવ્યો કે 'એ સંત તો સર્વ જગતના આધારરૂપ છે.' સમગ્ર જગતના આધાર તો અક્ષરબ્રહ્મ છે (વચ. ગ.પ્ર. ૪૬, ૭૩) અને પરબ્રહ્મ પુરુષોત્તમ ભગવાન છે (વચ. ગ.પ્ર. ૭૮)

– આ બે જ છે, અન્ય કોઈ નહીં. હવે સંત એ તત્ત્વતઃ પુરુષોત્તમ તો નથી જ, તેથી તેઓ અક્ષરબ્રહ્મ છે, તેવું સિદ્ધ થાય છે.

પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણ વ્યતિરેક સ્વરૂપે અક્ષરધામમાં મૂર્તિમાન બિરાજમાન થકા અન્વય સ્વરૂપે અક્ષરબ્રહ્મ, અક્ષરધામમાં રહેલા અક્ષરમુક્તો, ઈશ્વરો, જીવો અને અનંત કોટિ બ્રહ્માંડની સ્થાવર-જંગમ (સ્થિર-અસ્થિર) સૃષ્ટિમાં રહ્યા છે. (વચ. ગ.પ્ર. ૭)

તેમ છતાં તેઓ જેવા અક્ષરબ્રહ્મમાં રહ્યા છે, તેવા અન્ય કોઈને વિષે રહ્યા નથી, અર્થાત્ તેઓ જેવું અક્ષરબ્રહ્મ દ્વારા પોતાનું સામર્થ્ય પ્રગટ કરે છે, તેવું અન્ય કોઈ દ્વારા પ્રગટ કરતા નથી. (વચ. ગ.પ્ર. ૪૧)

અનંત જીવોનો ઉદ્ધાર કરવારૂપ સામર્થ્ય તો અન્ય સંતમાં ન જ હોઈ શકે, માટે પુરુષોત્તમનું સમ્યક્ પ્રાગટ્ય અક્ષરબ્રહ્મ દ્વારા જ છે.

તેથી જ 'શ્રીહરિચરિત્રામૃતસાગર'માં શ્રીહરિ કહે છે :

'અક્ષર એ ભગવાનને રહેવાનું પાત્ર છે.' (પુરુષોત્તમ બોલ્યા પ્રીતે : ૧૦/૪૧)

'વેદરસ' ગ્રંથમાં શ્રીહરિ કહે છે :

'વેદ એ બ્રહ્મનું ગાન કરે છે, તે કલ્યાણનો માર્ગ પણ એ (બ્રહ્મ) થકી જ છે.' (વેદરસ, પૃષ્ઠ ૧૬૫)

વચનામૃત ગ્રંથમાં લખેલા આશીર્વાદમાં બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજે જણાવ્યું છે : '(વચનામૃતમાં) મોક્ષનું દ્વાર સંતને જ કહેલા છે, તે અનાદિ સંત મૂળ અક્ષરમૂર્તિ ગુણાતીતાનંદ સ્વામીને મહારાજે કહ્યા છે.'

સંપ્રદાયમાં ઈતિહાસ-પ્રસિદ્ધ હકીકત છે કે ભગવાન શ્રી સ્વામિનારાયણે સદ્ગુરુ ગુણાતીતાનંદ સ્વામીની અનેક પ્રસંગે અક્ષરબ્રહ્મ તરીકે ઓળખાણ કરાવી છે. પોતાનું પ્રાગટ્ય અને મોક્ષમાર્ગ અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામી દ્વારા દર્શાવવા માટે જ શ્રીહરિએ દર વર્ષે ૧ મહિનો ગુણાતીતાનંદ સ્વામીનો સમાગમ કરવાનો સૌ સંતો-ભક્તોને આદેશ આપેલો.

એ જ ગુણાતીતાનંદ સ્વામીએ જણાવ્યું :

"હું તો ચિરંજીવી છું ને તમારા બધાના દેહ પાંચ-દસ વરસમાં પડી જાશે." (સ્વામીની વાત : ૫/૬૭)

આના પરથી સમજી શકાય છે કે અક્ષરબ્રહ્મ તત્ત્વ આ પૃથ્વી પરથી ક્યારેય જવાનું જ નથી, અને તે દ્વારા પરબ્રહ્મ પુરુષોત્તમ ભગવાન પણ

હંમેશાં પ્રગટ રહેવાના જ છે.

પુરુષોત્તમ ભગવાનના પ્રાગટ્યના પાત્ર સમાન અક્ષરબ્રહ્મ સંતને ઓળખવા કઈ રીતે ? એ પણ સમજવું જરૂરી છે.

અક્ષરબ્રહ્મ તત્ત્વ અનાદિકાળથી માયાથી પર છે, આપણે સૌ જીવો માયામાં ડૂબેલા છીએ, માટે આ દિવ્ય તત્ત્વને ઓળખવું અશક્ય જ છે.

ભગવાનના પ્રત્યક્ષ સ્વરૂપ એવા સંતમાં જ્ઞાન, ભક્તિ, વૈરાગ્યાદિક અનંત શુભ ગુણો હોય છે. (વચ. ગ.પ્ર. ૨૭, ગ.મ. ૨૨ વગેરે) આવા સદ્‌ગુણો તો મુક્તસ્થિતિને પામેલા સંતો-ભક્તોમાં પણ દેખાય. તો ભગવાનના પ્રાગટ્યના પાત્ર સમાન અક્ષરબ્રહ્મ સત્પુરુષને ઓળખવા કઈ રીતે ?

આ પ્રશ્નનો ઉત્તર એ જ છે કે જ્ઞાન-ભક્તિ-વૈરાગ્ય વગેરે સદ્‌ગુણો જે સંતમાં દેખાય તે સંત સત્યવક્તા જ હોય. તેમના વચને જ તેમની ઓળખાણ થાય. તેઓ જ આપણા આત્યંતિક કલ્યાણ માટે પોતાની યથાર્થ ઓળખાણ આપે છે. આવા અક્ષરબ્રહ્મ સ્વરૂપ ગુરુ જ્યારે અંતર્ધાન થવાનો સંકલ્પ કરે છે, ત્યારે તેઓ જ આપણા મોક્ષાર્થે કરુણાએ કરીને પોતે અન્ય કયા સ્વરૂપે પ્રગટ રહેવાના છે, તેની પણ અવશ્ય ઓળખાણ કરાવે જ છે. જેમ કે,

ગુણાતીતાનંદ સ્વામીએ ભગતજી મહારાજને ઓળખાવ્યા, ભગતજી મહારાજે શાસ્ત્રીજી મહારાજને ઓળખાવ્યા, શાસ્ત્રીજી મહારાજે યોગીજી મહારાજને ઓળખાવ્યા, યોગીજી મહારાજે પ્રમુખસ્વામી મહારાજને ઓળખાવ્યા, અને પ્રમુખસ્વામી મહારાજે મહંત સ્વામી મહારાજને અક્ષરબ્રહ્મ સત્પુરુષ, ભગવાનના પ્રગટ સ્વરૂપ તરીકે ઓળખાવ્યા.

આમ, વિશ્વાસથી જ ઓળખાણ અને પ્રતીતિ કરવાની છે. સાથે સાથે વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૨૭ પ્રમાણે અનંત ઐશ્વર્યો, પ્રભાવ, અનંત અદ્વિતીય કાર્યો દ્વારા પ્રતીતિ વિશેષ દૃઢ થતી રહેતી હોય છે.

યાદ રહે, ઉપરોક્ત અક્ષરબ્રહ્મ સત્પુરુષોની પરંપરાએ જ સ્પષ્ટપણે સમજાવ્યું છે કે એક સમયે એક સત્પુરુષ દ્વારા જ ભગવાન પ્રગટ હોય છે.

• પ્રત્યક્ષમાં પ્રતીતિથી લાભ

જીવોના આત્યંતિક કલ્યાણ માટે પુરુષોત્તમ ભગવાન અક્ષરબ્રહ્મ સત્પુરુષ એવા ગુરુ દ્વારા સદાય સર્વકાળે પ્રગટ હોય છે. જ્યારે એવી પ્રતીતિ

દૃઢ થાય કે 'મને આ સત્પુરુષ રૂપે સર્વકર્તાહર્તા, સર્વોપરી, સર્વસુખમય એવા પુરુષોત્તમ ભગવાન સાક્ષાત્ પ્રાપ્ત થયા છે;' ત્યારે અનેક લાભ થતા હોય છે; મુખ્ય લાભ આત્યંતિક કલ્યાણરૂપ અક્ષરધામની પ્રાપ્તિ છે. આ ઉપરાંત –

૧. સ્વભાવો - માયાના ભાવ ટળે

શ્રીહરિ કહે છે :

- "તે સ્વરૂપને તો તમે પણ દેખો છો પણ તમારા સમજ્યામાં પરિપૂર્ણ આવતું નથી. અને જ્યારે એ વાર્તા સમજ્યામાં આવશે ત્યારે પંચવિષય કે કામ, ક્રોધાદિક સ્વભાવ તે જીત્યામાં પ્રયાસ થશે નહીં, સહજે જિતાઈ જશે." (વચ. ગ.મ. ૧૩)

જીવને કારણ દેહરૂપે માયા વળગેલી છે; તેને કારણે જ સર્વ સ્વભાવો, વાસનાઓની ઉત્પત્તિ થાય છે. આ માયા ટાળવાનો ઉપાય સમજાવતાં શ્રીહરિ કહે છે :

- "તે માયા તરવાનો ઉપાય એ છે જે, જ્યારે સર્વ કર્મ અને માયા તેનો નાશ કરનારા ને માયાથી પર જે સાક્ષાત્કાર શ્રીપુરુષોત્તમ ભગવાન અથવા તે ભગવાનના મળેલ સંત તેમની જીવને પ્રાપ્તિ જ્યારે થાય છે ત્યારે તેમના આશ્રયથી માયા ઉલ્લંઘાય છે." (વચ. જેત. ૧)

૨. કૃતાર્થપણું - પૂર્ણકામપણું અનુભવાય

આ અંગે શ્રીહરિ કહે છે :

- "જેને માહાત્મ્યે સહિત નિશ્ચય હોય તેને તો એમ સમજાય જે, 'જે દિવસે ભગવાનનું દર્શન થયું તે દિવસથી જ કલ્યાણ તો થઈ રહ્યું છે અને જે જીવ ભાવે કરીને મારું દર્શન કરે તથા મારું વચન માને તેનું પણ કલ્યાણ થઈ જાય તો મારે કલ્યાણનો શ્યો સંશય છે? હું તો કૃતાર્થ છું અને જે કાંઈ સાધન કરું છું તે તો ભગવાનની પ્રસન્નતાને અર્થે કરું છું.'' (વચ. ગ.પ્ર. ૭૨)

આવા વિચારથી પ્રાપ્તિના બળે સ્વભાવ-માયા સામે ઝઝૂમતા રહીને સાધના કરવાનું બળ પ્રાપ્ત થાય છે, અને અગાઉ જણાવ્યા મુજબ માયાને તરી પણ જવાય છે.

વળી, શ્રીહરિ જણાવે છે :

■ "જે ભક્ત એમ સમજે જે, 'આ ભગવાન ને આ સંત તે સર્વે વૈકુંઠ, ગોલોક અને બ્રહ્મપુર તેના નિવાસી છે. તે સંત ને પરમેશ્વર જ્યાં વિરાજમાન છે ત્યાં જ એ સર્વે ધામ છે અને એ સંત ભેળો મારો નિવાસ થયો છે તે મારું અતિ બડું ભાગ્ય છે.' એવી રીતે સમજે તો આઠે પહોર આશ્ચર્ય સરખું રહે અને આઠે પહોર આનંદના સમુદ્રમાં ઝીલતો રહે." (વચ. ગ.પ્ર. ૭૮)

આવા વિચારથી સતત આનંદ રહે, પરિણામે શારીરિક, આર્થિક, કૌટુંબિક, સામાજિક – કોઈપણ વિપરીત સંજોગોમાં સ્થિરતા રહે. અનેક મુશ્કેલીઓ વચ્ચે પણ શ્રીહરિના સમયના પરમહંસોનાં કીર્તનોમાં આવો અનહદ આનંદ દેખાય છે...

'આનંદ આપ્યો અતિ ઘણો રે, આ સમામાં અલબેલ,
પુરુષોત્તમ પ્રગટી રે...'

(નિષ્કુળાનંદ સ્વામી)

'હરિવર મળિયા, આનંદ ઓઘ વળિયા,
પ્રેમાનંદના સ્વામી આજ અઢળક ઢળિયા...'

(પ્રેમાનંદ સ્વામી)

'રાજ મારે દિન દિન દિવાળી રે,
વહાલા મળતા તમને વનમાળી રે...'

(બ્રહ્માનંદ સ્વામી)

૭. પુરુષોત્તમ – સદા દિવ્ય

દિવ્ય એટલે કાળ, કર્મબંધન અને માયાથી પર.

પુરુષોત્તમ ભગવાન આ ત્રણેય પરિબળોથી સદૈવ રહિત છે.

અક્ષરધામમાં વ્યતિરેક સ્વરૂપે મૂર્તિમાન એવા પુરુષોત્તમ ભગવાન કાળ-માયાથી રહિત છે; એ વાત આપણે 'પુરુષોત્તમ – સદા દિવ્ય સાકાર' એ મુદ્દામાં સમજ્યા હતા.

અનંત જીવોના આત્યંતિક કલ્યાણ માટે આ પુરુષોત્તમ ભગવાન મનુષ્યદેહ ધારણ કરે છે, ત્યારે તેઓ માયિક મનુષ્ય જેવા જ સર્વે ભાવો ગ્રહણ કરે છે; અને મનુષ્ય જેવાં જ ચરિત્રો કરે છે.

શ્રીહરિ કહે છે:

- "એ ભગવાન મનુષ્યના દેહને ધારણ કરે છે ત્યારે મનુષ્યના જેવી જ ક્રિયા કરે છે... અને જેમ મનુષ્યમાં કામ, ક્રોધ, લોભ, સ્વાદ, માન, સ્નેહ, મદ, મત્સર, ઈર્ષ્યા, દ્વેષ, રાગ, મોહ, સુખ, દુઃખ, ભય, નિર્ભય, શૂરતા, કાયરતા, ભૂખ, તરસ, આશા, તૃષ્ણા, નિદ્રા, પક્ષપાત, પારકું, પોતાનું, ત્યાગ, વૈરાગ્ય ઈત્યાદિક સ્વભાવ છે; તેમ તેવા જ એ સર્વે સ્વભાવ મનુષ્ય દેહને ભગવાન ધારે ત્યારે તેમાં જણાય છે." (વચ. પં. ૪)

પરંતુ બુદ્ધિમાન ભગવાનનો ભક્ત આ સામાન્ય મનુષ્ય જેવાં જણાતાં ચરિત્રોમાં કંઈક તફાવત સમજી શકે છે:

- "એ જ દિવ્યરૂપ એવા ભગવાન મનુષ્યના દેહનું ધારણ કરે છે ત્યારે મનુષ્યના જેવા સ્વભાવે યુક્ત વર્તતા હોય; પણ જે બુદ્ધિવાન હોય તેને એમ જણાય ખરું જે, 'એમાં કામ છે તે બીજા મનુષ્યના જેવો નથી તથા ક્રોધ, લોભ, સ્વાદ, માન ઈત્યાદિક મનુષ્યના સ્વભાવ તે એ ભગવાનમાં છે પણ બીજા માણસ જેવા તો નથી.' એમાં કાંઈક દિવ્યભાવ છે તે બુદ્ધિવાનના જાણ્યામાં આવે છે; તેણે કરીને ભગવાનપણાનો નિશ્ચય કરે છે." (વચ. પં. ૪)

ભગવાનનાં મનુષ્ય જેવાં જણાતાં ચરિત્રોમાં તેઓ મનુષ્ય કરતાં ક્યાં અને કેવી રીતે જુદાપણું છે, તે શ્રીહરિ સમજાવે છે:

- "ભગવાન તો મનુષ્ય જેવા જણાતા હોય તો પણ એને માયિક પદાર્થ બાધ કરવાને સમર્થ થાય નહીં અને ગમે તેવા વિષય હોય તો તેમાં કોઈ દિવસ લોપાય નહીં. એવું ભગવાનનું અલૌકિક સામર્થ્ય છે." (વચ. ગ.મ. ૪)

આ વાક્યોનો ભાવાર્થ એવો છે કે ભગવાન કોઈ કાર્ય નિમિત્તે વિષય કે સ્વભાવ ગ્રહણ કરે છે, પણ તેમાં બંધાતા નથી, સ્વતંત્રપણે સ્વીકારીને સ્વતંત્રપણે ગમે ત્યારે ત્યાગ પણ કરી શકે છે. સામાન્ય મનુષ્ય માટે આ શક્ય નથી.

વળી, વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૭૨ પ્રમાણે ભગવાનનાં સર્વ ચરિત્રો કલ્યાણકારી જ છે; એટલે કે કોઈક ભક્તને કલ્યાણને માર્ગે આગળ

વધારવાના જ એકમાત્ર હેતુથી ભગવાન મનુષ્ય જેવાં ચરિત્રો કરતા હોય છે, તેમાં તેમનો પોતાનો કોઈ અંગત હેતુ હોતો નથી.

શ્રીહરિએ અનેક વચનામૃતોમાં પોતાનાં નિઃસ્વાર્થભાવ, અનાસક્ત પ્રકૃતિ તથા સ્વભાવરહિતપણાનું વર્ણન કર્યું છે.

આમ, તેઓ મનુષ્યની જેમ વર્તે છતાં અમાયિક અને નિર્બંધ કહેતાં દિવ્ય જ છે.

અક્ષરબ્રહ્મ સત્પુરુષ પણ પુરુષોત્તમ ભગવાનનું પ્રત્યક્ષ સ્વરૂપ છે, તેથી તેઓ પણ આ જ રીતે સંપૂર્ણ દિવ્ય જ છે.

૧. પ્રત્યક્ષ ભગવાનને દિવ્ય માનવાથી સાધનામાર્ગમાં અનેક લાભ થાય છે

ભગવાનને નિર્દોષ માનવાથી નિર્દોષ થઈ જવાય. (વચ. ગ.પ્ર. ૨૪, ૭૩)

ભગવાનને માયા પર માનવાથી માયા પર થઈ જવાય. (વચ. લો. ૪, પં. ૭, વર. ૫)

૨. પ્રત્યક્ષ ભગવાનને દિવ્ય ન માનવાથી અનેક નુકસાન થાય છે

ભગવાનને વિષે જે દોષ કલ્પે તે દોષ પોતાને જ દુઃખ દે છે. (વચ. ગ.પ્ર. ૨૪, ગ.મ. ૩૩)

કલ્યાણના માર્ગમાંથી પડી જવાય છે. (વચ. લો. ૧૮, વર. ૧૨)

પુરુષોત્તમ ભગવાનનું જ્ઞાન દૃઢ કરવાના ઉપાય

પુરુષોત્તમ ભગવાન અમાયિક – દિવ્ય છે. આપણાં ઇન્દ્રિયો-અંતઃકરણ માયિક છે. આથી, આપણે આપણા બળે ભગવાનને જાણી શકીએ તેમ જ નથી.

તેથી ભગવાનના સ્વરૂપને જાણવા માટે સાક્ષાત્ પુરુષોત્તમ ભગવાનની વાણીરૂપ શાસ્ત્ર 'વચનામૃત'માં અતિશય શ્રદ્ધા અને વિશ્વાસ જોઈએ.

શ્રીહરિ કહે છે: "જેને શાસ્ત્રના વચનનો વિશ્વાસ હોય તેને જ ભગવાનના સ્વરૂપનો નિશ્ચય અડગ થાય છે." (વચ. સા. ૧૩)

વળી, શ્રીહરિએ એવી પણ વાત સ્પષ્ટપણે કરી છે કે શાસ્ત્રના અર્થો એકાંતિક સત્પુરુષને જ સમજાય છે. (વચ. ગ.પ્ર. ૬૬)

તેથી જ શ્રીજીમહારાજ કહે છે:

- "આવી ભગવત્સ્વરૂપ સંબંધી જે વાર્તા તે તો શાસ્ત્રમાંથી પણ પોતાની મેળે સમજાય નહીં. અને સદ્ગ્રંથોમાં આવી વાર્તા તો હોય

પણ જ્યારે સત્પુરુષ પ્રગટ થાય છે ત્યારે તેમના મુખ થકી જ વાત સમજ્યામાં આવે છે, પણ પોતાના બુદ્ધિબળે કરીને સદ્‌ગ્રંથોમાંથી પણ સમજાતી નથી.'' (વચ. ગ.મ. ૧૩)

ભગવાનનું યથાર્થ જ્ઞાન સાચા સંત થકી જ થાય છે:

- ''શાસ્ત્રે કહ્યાં જે નિષ્કામ, નિર્લોભ, નિર્માન, નિઃસ્વાદ, નિઃસ્નેહ ઈત્યાદિક સંતનાં લક્ષણ તેને સાંભળીને એવાં લક્ષણ જ્યાં દેખાય એવા જે સંત તેને ને ભગવાનને સાક્ષાત્ સંબંધ હોય; માટે એવા સંતના વચને કરીને ભગવાનનો નિશ્ચય કરવો ને તેના વચનમાં દૃઢ વિશ્વાસ કરવો તેને નિશ્ચય કહીએ.'' (વચ. ગ.અં. ૨૭)

આમ, સત્પુરુષ થકી વચનામૃત આદિ શાસ્ત્રો સમજી ભગવાનનું સ્વરૂપ જાણવાનું છે. આ રીતે ભગવાનનું સ્વરૂપ જાણ્યા પછી તેનું મનન અને નિદિધ્યાસ કરવાથી તે જ્ઞાનનો સાક્ષાત્કાર થાય છે. (વચ. સા. ૩, ગ.અં. ૨૭)

અક્ષરબ્રહ્મનું જ્ઞાન

સર્વ શાસ્ત્રમાત્રના સારરૂપે ભગવાન શ્રી સ્વામિનારાયણે પાંચ અનાદિ - અવિનાશી તત્ત્વો ગણાવ્યાં છે:

- "વેદ, પુરાણ, ઈતિહાસ ને સ્મૃતિઓ એ સર્વ શાસ્ત્રમાંથી અમે એ સિદ્ધાંત કર્યો છે જે, જીવ, માયા, ઈશ્વર, બ્રહ્મ અને પરમેશ્વર એ સર્વે અનાદિ છે." (વચ. ગ.અં. ૧૦)

'પરમેશ્વર' - 'પરબ્રહ્મ' - 'પરમાત્મા' - 'પુરુષોત્તમ' - 'ભગવાન' વગેરે શબ્દોથી શાસ્ત્રોમાં અને વચનામૃતમાં જેમને વર્ણવ્યા છે, તે સહજાનંદ શ્રીહરિ શ્રી સ્વામિનારાયણ ભગવાન છે; જે એક, અદ્વિતીય, સર્વકર્તાહર્તા, સર્વોપરી, સદા સાકાર, સદા પ્રગટ અને સદા માયાથી પર - દિવ્ય એવું સર્વોત્તમ તત્ત્વ છે. આ અંગે આપણે વિસ્તારથી સમજ્યા.

હવે શાસ્ત્રોમાં જેને 'અક્ષર' - 'બ્રહ્મ' - 'અક્ષરબ્રહ્મ' કહે છે; તે અંગે વિચારીએ...

વચનામૃતમાં અક્ષરબ્રહ્મને નિરૂપતા ૧,૧૦૦ કરતાં પણ વધારે સંદર્ભો છે. ઉપનિષદ, બ્રહ્મસૂત્ર, ભગવદ્‌ગીતા જેવાં સનાતન શાસ્ત્રોમાં અક્ષરબ્રહ્મનું વર્ણન કરતા સેંકડો સંદર્ભો મળી આવે છે. શું છે આ 'બ્રહ્મ'?

- ✧ પરબ્રહ્મ, અક્ષરબ્રહ્મ, ઈશ્વર અને જીવ – આ ચેતન તત્ત્વો છે. માયા જડ તત્ત્વ છે.
- ✧ પરબ્રહ્મ અને અક્ષરબ્રહ્મ અનાદિ કાળથી માયાપર તત્ત્વો છે, જ્યારે જીવ અને ઈશ્વર અનાદિ કાળથી માયાના બંધનમાં છે.

- ✧ પરબ્રહ્મ પુરુષોત્તમ એક અને અદ્વિતીય છે. તે જ રીતે અક્ષરબ્રહ્મ એક જ છે – શાસ્ત્રોમાં અનેક સ્થળે તેમનો એકવચનમાં પ્રયોગ થયો છે. જેમ કે –
  - ■ "અક્ષર તે આવો છે ને આવું એ અક્ષર સંબંધી સુખ છે." (વચ. લો. ૧૭)
  - ■ "અક્ષર પોતે એક છે." (વેદરસ: પૃ. ૨૧૩)
- ✧ સંખ્યાની દષ્ટિએ જીવો અને ઈશ્વરો અસંખ્ય-અનંત છે, શાસ્ત્રોમાં તે બંનેનો બહુવચનમાં જ પ્રયોગ થયેલો છે.
- ✧ અક્ષરબ્રહ્મ જીવ, ઈશ્વર, માયાથી પર અને એકમાત્ર પુરુષોત્તમ પરબ્રહ્મથી ન્યૂન છે. (વચ. ગ.મ. ૩)

અક્ષરબ્રહ્મનાં ચાર સ્વરૂપો

અક્ષરબ્રહ્મ તત્ત્વતઃ એક જ છે, પરંતુ પરબ્રહ્મના સંકલ્પ અનુસાર આ એક જ અક્ષરબ્રહ્મ ચાર રૂપે કાર્ય કરે છે:

૧. અક્ષરબ્રહ્મ – ચિદાકાશરૂપે

'ચિદ્' એટલે 'ચેતન'; 'આકાશ' એટલે 'પ્રકાશમાન'.

'ચિદાકાશ' એટલે અતિશય પ્રકાશમાન ચેતન તત્ત્વ.

અક્ષરબ્રહ્મ ચિદાકાશરૂપે અનંત કોટિ બ્રહ્માંડોની અંદર અને બહાર વ્યાપીને રહે છે, તથા તેને ધારણ કરી રાખે છે.

શ્રીહરિ કહે છે:

- ■ "એવો જે આકાશ તે પ્રકૃતિપુરુષ અને તેનું કાર્ય પિંડ-બ્રહ્માંડ એ સર્વને માંહી પણ રહ્યો છે ને સર્વનો આધાર થઈને બહાર પણ રહ્યો છે... સર્વનો આધાર જે આકાશ છે તે નિર્વિકારી છે ને અનાદિ છે. અને એવો સર્વાધાર જે આકાશ છે તે આકાશને બ્રહ્મ કહીએ, ચિદાકાશ કહીએ... બ્રહ્માંડની ચારે પાસે ચિદાકાશ છે અને બ્રહ્માંડની માંહી પણ છે... અને એ ચિદાકાશ છે તે અતિ પ્રકાશવાન છે અને તે ચિદાકાશ અનાદિ છે ને તેની ઉત્પત્તિ-વિનાશ નથી." (વચ. ગ.પ્ર. ૪૬)

આ જ ચિદાકાશને વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૭માં અક્ષરબ્રહ્મનું અન્વય સ્વરૂપ કહ્યું છે, તથા વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણ ૪૨માં અક્ષરબ્રહ્મનું નિર્ગુણ સ્વરૂપ કહ્યું છે.

આ જ ચિદાકાશ સ્વરૂપનો અપરંપાર મહિમા કહેતાં યાજ્ઞવલ્ક્ય ઋષિ ગાર્ગીને કહે છે:

'एतस्य वा अक्षरस्य प्रशासने गार्गि!
सूर्याचन्द्रमसौ विधृतौ तिष्ठतः।
एतस्य वा अक्षरस्य प्रशासने गार्गि!
द्यावापृथिव्यौ विधृते तिष्ठतः॥'

અર્થ : "હે ગાર્ગી! આ અક્ષરબ્રહ્મના પ્રશાસનમાં સૂર્ય અને ચંદ્ર પોતપોતાના સ્થાનમાં સ્થિર રહ્યા છે. હે ગાર્ગી! આ જ અક્ષરબ્રહ્મના પ્રશાસનમાં દ્યુલોક (સ્વર્ગલોક) અને પૃથ્વી પોતપોતાના સ્થાનમાં સ્થિર રહે છે." (બૃહદારણ્યક ઉપનિષદ: ૩/૮/૯)

૨. અક્ષરબ્રહ્મ – ધામરૂપે

ધામ એટલે સ્થાન, રહેઠાણ. અક્ષરબ્રહ્મ ધામરૂપે પરબ્રહ્મ અને તેમની સેવામાં રહેલા મૂર્તિમાન અક્ષરબ્રહ્મ તથા અનંત કોટિ અક્ષરમુક્તોનું દિવ્ય નિવાસસ્થાન છે. આ અક્ષરધામ એક જ છે, નિત્ય અવિનાશી છે, માયાના ગુણમાત્રથી પર છે.

- "અક્ષરરૂપ જે બ્રહ્મ છે તે જ શ્રીપુરુષોત્તમ નારાયણને રહેવા સારુ ધામરૂપ થયું છે." (વચ. અમ. ૬)
- "જે અક્ષરબ્રહ્મ છે તે તો એ ભગવાનને રહેવાનું ધામ છે." (વચ. પં. ૧)
- "એ સર્વેનું (અનંત કોટિ બ્રહ્માંડનું) કારણ અક્ષરબ્રહ્મ છે. અને તે અક્ષર તો પુરુષોત્તમ ભગવાનનું ધામ છે. અને એ અક્ષરની સંકોચ ને વિકાસ અવસ્થા થતી નથી (એ અક્ષરધામનું માપ વધ-ઘટ થતું નથી), સદાય એકરૂપે રહે છે. અને તે અક્ષર મૂર્તિમાન છે પણ અતિ મોટા છે, માટે કોઈની નજરે અક્ષરનું રૂપ આવતું નથી... તે શા માટે જે, એવાં એવાં બ્રહ્માંડ એક એક રોમમાં અસંખ્યાત ઊડતાં

જ ફરે છે; એવડા મોટા છે.'' (વચ. ગ.પ્ર. ૬૩)

વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૭ પ્રમાણે આ અક્ષરનું વ્યતિરેક સ્વરૂપ છે, અને વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણ ૪૨ પ્રમાણે આ અક્ષરનું સગુણ સ્વરૂપ છે:

- ''સગુણ સ્વરૂપે તો જેટલું મોટું પદાર્થ કહેવાય તે થકી પણ અતિશય મોટું છે. તે અક્ષરના એક એક રોમને વિષે અણુની પેઠે અનંત કોટિ બ્રહ્માંડ રહ્યાં છે, તે કાંઈ બ્રહ્માંડ અક્ષરને વિષે નાનાં થઈ જતાં નથી, એ તો અષ્ટાવરણે સહવર્તમાન હોય; પણ અક્ષરની અતિશય મોટ્યપ છે તે આગળ બ્રહ્માંડ અતિશય નાનાં દેખાય છે... માટે અણુ સરખાં કહેવાય છે.'' (વચ. ગ.મ. ૪૨)

આમ, અક્ષરધામ અતિશય વિશાળ છે, તેથી તેની મર્યાદા-સીમા આપણી નજરમાં આવી શકે તેમ નથી. છતાં શ્રીહરિ સ્પષ્ટપણે જણાવે છે: ''તે અક્ષરને ઉપર, હેઠે ને ચારે પડખે સર્વ દિશામાં બ્રહ્માંડની કોટિઓ છે.'' (વચ. ગ.મ. ૪૨)

આ અક્ષરધામ માટે 'બ્રહ્મપુર' - 'બ્રહ્મલોક' - 'બ્રહ્મધામ' - 'બ્રહ્મમહોલ' - 'પરમધામ' - 'પરમલોક' - 'પરમપદ' - 'તેજનો રાશિ' - 'તેજનો સમૂહ' - 'તેજનું મંડળ' વગેરે અનેક શબ્દો વપરાયા છે.

આ અક્ષરધામ અતિ તેજસ્વી (વચ. વર. ૧૨) તથા અતિ આનંદમય ધામ છે (વચ. પં. ૧). આ ધામ અવિનાશી (વચ. ગ.મ. ૨૪) અને સર્વથી પર સર્વશ્રેષ્ઠ ધામ (વચ. પં. ૪) છે.

૩. અક્ષરબ્રહ્મ – ધામમાં પરબ્રહ્મના સેવકરૂપે

અક્ષરબ્રહ્મ એ જ અક્ષરધામમાં પરબ્રહ્મના સેવકરૂપે પણ રહે છે.

- ''જે એકાંતિક ભક્ત તે દેહનો ત્યાગ કરીને સર્વે માયાના ભાવથી મુક્ત થઈને અર્ચિમાર્ગે (ભગવાનના ધામના તેજસ્વી માર્ગે) કરીને ભગવાનના અક્ષરધામને પામે છે. તે અક્ષરનાં બે સ્વરૂપ છે – એક તો નિરાકાર એકરસ ચૈતન્ય છે તેને ચિદાકાશ કહીએ, બ્રહ્મમહોલ કહીએ; અને એ અક્ષર બીજે(સાકાર)રૂપે કરીને પુરુષોત્તમ નારાયણની સેવામાં રહે છે.'' (વચ. ગ.પ્ર. ૨૧)

[અહીં ભગવાનના નિવાસસ્થાન અક્ષરધામ માટે વિવિધ શબ્દપ્રયોગ થયા છે:

- ✧ 'નિરાકાર' – અક્ષરધામ ચોક્કસ આકારવાળું સાકાર જ છે, પણ અતિ વિશાળ હોવાથી તેનો સાકાર નિશ્ચિત થઈ શકે તેમ નથી, માટે 'નિરાકાર'.
- ✧ 'એકરસ ચૈતન્ય ચિદાકાશ' – અક્ષરધામ અતિ તેજસ્વી ચૈતન્યની ભૂમિ હોવાથી 'એકરસ ચૈતન્ય ચિદાકાશ' કહ્યું છે.

અત્રે વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૪૬માં વર્ણવેલ અનંત કોટિ બ્રહ્માંડમાં વ્યાપક અને તેના આધારરૂપ 'ચિદાકાશ'નો ઉલ્લેખ ન સમજવો; કારણ કે એ 'ચિદાકાશ' તો અહીં-તહીં બધે છે જ, તો દેહનો ત્યાગ કરીને જવાનું રહેતું જ નથી.]

આમ, વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૨૧ને આધારે સ્પષ્ટપણે સમજાય છે કે એકાંતિક ભક્ત જ્યારે દેહનો ત્યાગ કરીને અક્ષરધામને પામે છે, ત્યારે ત્યાં જ બે સ્વરૂપે અક્ષરબ્રહ્મ વિદ્યમાન છે; એક તો ભગવાનનું દિવ્ય નિવાસ-સ્થાન - બ્રહ્મમહોલ કે અક્ષરધામ; અને બીજું, ભગવાનની અખંડ સેવામાં રહેલ, ભગવાનના જેવું જ દિવ્ય મનુષ્યાકાર સાકાર સ્વરૂપ. આ સેવકરૂપે અક્ષરબ્રહ્મ સદાય પુરુષોત્તમના દાસ થઈને રહે છે. સદા તેમની ઉપાસનામાં રત રહે છે. સદાય તેમની ઈચ્છાને અનુસરે છે. અક્ષરબ્રહ્મ પુરુષોત્તમના ઉત્તમ અને અતિ પ્રિય ભક્ત છે.

પુરુષોત્તમ નારાયણ સૃષ્ટિ સમયે સૌ પ્રથમ પોતાની સેવામાં રહેલા આ અક્ષર સામે સૃષ્ટિ કરવાના સંકલ્પ સાથે દૃષ્ટિ કરે છે. ત્યારે આ અક્ષર પુરુષોત્તમની દૃષ્ટિમાત્રથી તેમના સંકલ્પને ધારણ કરે છે. પછી તે અક્ષર અક્ષરધામમાં સ્થિત મુક્તવૃંદ સામે દૃષ્ટિ કરે છે. ત્યારે તે મુક્તવૃંદમાંથી એક મુક્ત મૂળપ્રકૃતિ (માયા) સાથે જોડાય છે, અને સૃષ્ટિનો આરંભ થાય છે. આમ, પુરુષોત્તમની નિત્ય ઈચ્છાથી અક્ષરબ્રહ્મ સકળ સૃષ્ટિઓનું કારણ બને છે. (વચ. ગ.પ્ર. ૪૧ના આધારે)

૪. અક્ષરબ્રહ્મ – બ્રહ્મસ્વરૂપ ગુરુરૂપે

પુરુષોત્તમ ભગવાન જ્યારે જીવોના કલ્યાણને અર્થે આ પૃથ્વી પર

મનુષ્ય શરીર ધારણ કરે છે, ત્યારે અક્ષરબ્રહ્મને પણ પોતાની સાથે લાવે છે.

શ્રીહરિ કહે છે:

- "ભગવાન જીવના કલ્યાણને અર્થે જ્યારે મૂર્તિ ધારણ કરે છે ત્યારે પોતાનું જે અક્ષરધામ અને ચૈતન્યમૂર્તિ એવા જે પાર્ષદ અને પોતાનાં જે સર્વે ઐશ્વર્ય તે સહિત જ પધારે છે... માટે ભગવાનના ભક્તને ભગવાનનું સ્વરૂપ અક્ષરધામ સહિત પૃથ્વી ઉપર વિરાજમાન છે એમ સમજવું અને બીજા આગળ પણ એવી રીતે વાર્તા કરવી." (વચ. ગ.પ્ર. ૭૧)

અહીં પ્રશ્ન થાય કે પુરુષોત્તમ ભગવાન જે અક્ષરધામ કે અક્ષરબ્રહ્મને પોતાની સાથે પૃથ્વી પર લાવ્યા, તે કેવા સ્વરૂપે લાવ્યા હશે? ચિદાકાશ સ્વરૂપે? તે તો સર્વત્ર વ્યાપક સ્વરૂપ છે, તે તો પ્રથમથી જ બ્રહ્માંડમાં અણુ-અણુમાં બિરાજમાન છે, માટે સાથે લાવવાનો મુદ્દો જ ઉપસ્થિત થતો નથી. તો શું પોતાના નિવાસસ્થાનરૂપ અક્ષરધામને સાથે લાવ્યા હશે? એ અક્ષરધામ તો અતિ અતિ વિશાળ - વિરાટતમ છે, તેની આગળ તો અનંત કોટિ બ્રહ્માંડ પણ અણુ જેવાં નાનાં દેખાય છે. તેને કેવી રીતે પૃથ્વી પર સાથે લાવી શકાય? માટે અક્ષરબ્રહ્મનું જે તૃતીય સ્વરૂપ - મનુષ્યાકારે સેવક સ્વરૂપ છે, તેવા જ સ્વરૂપને ભગવાન પોતાની સાથે લાવે છે. આ સ્વરૂપ પણ પરબ્રહ્મની જેમ જ મનુષ્ય જેવું શરીર ધારણ કરવા છતાં દિવ્ય જ છે, માયિક તત્ત્વો અંગીકાર કરવા છતાં તેમને તે કદાપિ બંધનકારી નથી.

પરબ્રહ્મની સાથે જ્યારે અક્ષરબ્રહ્મ પૃથ્વી પર મનુષ્ય શરીર ધારણ કરે છે, ત્યારે પરબ્રહ્મની જેમ જ ધામમાં રહ્યા થકા જ અવતરે છે; એટલે કે અક્ષરધામમાં પરબ્રહ્મના સેવક સ્વરૂપે તો અક્ષરબ્રહ્મ અખંડ બિરાજમાન હોય જ છે. અન્ય સ્વરૂપે અક્ષરબ્રહ્મ પરબ્રહ્મ સાથે આ પૃથ્વી પર અવતરે છે, એટલું જ નહીં, પરંતુ પરબ્રહ્મના આ પૃથ્વી પરથી અંતર્ધાન બાદ પણ પૃથ્વીનું તળ રહે ત્યાં સુધી અખંડ પૃથ્વી પર પ્રગટ જ રહે છે. લૌકિક આયુષ્યની મર્યાદાને સ્વીકારીને શરીર જરૂર બદલે છે, પરંતુ અક્ષરતત્ત્વ પૃથ્વી પરથી ક્યારેય જતું નથી. આથી જ, અક્ષરબ્રહ્મ ગુરુ કે બ્રહ્મસ્વરૂપ ગુરુ તરીકે ઓળખાતું આ અક્ષરબ્રહ્મનું ચતુર્થ સ્વરૂપ ગણાય છે.

અગાઉ 'પુરુષોત્તમ – પ્રગટ-પ્રત્યક્ષ' એ મુદ્દામાં જોઈ ગયા તે મુજબ,

પુરુષોત્તમ પરબ્રહ્મ આ લોકમાંથી અંતર્ધાન થયા પછી, જીવના આત્યંતિક કલ્યાણ માટે આ જ બ્રહ્મસ્વરૂપ ગુરુ દ્વારા પૃથ્વી પર સમ્યક્પણે અન્વય સ્વરૂપે અખંડ પ્રગટ રહે છે.

આ બ્રહ્મસ્વરૂપ ગુરુ પરમાત્માના પ્રગટપણાની અખંડ અનુભૂતિ કરાવે છે, પરમાત્માનો ઉત્તમ નિર્વિકલ્પ નિશ્ચય દૃઢ કરાવી જીવનું આત્યંતિક કલ્યાણ કરે છે.

અક્ષરબ્રહ્મ-સ્વરૂપ ગુરુઓની પરંપરામાં ભગવાન શ્રી સ્વામિનારાયણ સાથે પ્રથમ ગુરુ તરીકે ગુણાતીતાનંદ સ્વામી મહારાજ પ્રગટ થયા. તેમની અક્ષરબ્રહ્મ તરીકેની ઓળખાણ આપીને અનેક પ્રસંગે શ્રીહરિએ તેમનો મહિમા કહેલો. આ વાત તેઓના સમકાલીન મુખ્ય પરમહંસ સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામી, સદ્‌ગુરુ શુકાનંદ સ્વામી, સદ્‌ગુરુ વિજ્ઞાનાનંદ સ્વામી, સદ્‌ગુરુ નૃસિંહાનંદ સ્વામી વગેરે તેમજ વંથળીના કલ્યાણભાઈ, સારંગપુરના રાઠોડ ધાધલ વગેરે ભક્તોએ સત્સંગમાં પ્રવર્તાવી, જે ઈતિહાસ-પ્રસિદ્ધ છે.

સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામી મહારાજે સ્વયં પણ પોતાની ઓળખ સ્પષ્ટપણે આપી છે :

"બીજું અધિક કાંઈ સમજવાનું નથી ને એટલું જ સમજવાનું છે જે, મહારાજને પુરુષોત્તમ જાણવા ને આ સાધુને અક્ષર જાણવા." (સ્વામીની વાત : ૩/૩૮)

"આ સાધુમાં તો ભગવાન રહ્યા છે." (સ્વામીની વાત : ૫/૧૬૫)

ત્યારબાદ ભગતજી મહારાજ, શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજ અને પ્રમુખસ્વામી મહારાજ પ્રગટ થયા છે. અને આજે વર્તમાન ગુરુહરિ મહંત સ્વામી મહારાજ પ્રગટ છે.

બ્રહ્મસ્વરૂપ ગુરુઓની આ પરંપરા અખંડ ચાલુ જ રહે છે. ગુરુરૂપ અક્ષરબ્રહ્મને ભગવાન સ્વામિનારાયણે વચનામૃતમાં 'મોટાપુરુષ', 'સત્પુરુષ', 'ઉત્તમ લક્ષણવાળા સંત', 'વડવાનળ અગ્નિ જેવા સંત' વગેરે શબ્દોથી ઓળખાવ્યા છે.

અક્ષરબ્રહ્મના સ્વરૂપને યથાર્થ જાણવાની આવશ્યકતા

આપણે અગાઉ જોયું તેમ, અક્ષરબ્રહ્મ પુરુષોત્તમ ભગવાનની નિત્ય

ઈચ્છાથી અનંત કોટિ બ્રહ્માંડરૂપ સૃષ્ટિના કારણ, આધાર, પ્રેરક છે.

પરંતુ પુરુષોત્તમ ભગવાન તો અક્ષરબ્રહ્મના પણ કારણ, આધાર અને પ્રેરક છે (વચ. ગ.મ. ૩); સર્વોત્કૃષ્ટ તત્ત્વ છે.

વળી, ભગવાન સ્વામિનારાયણ કહે છે :

"ભગવાનના સ્વરૂપનું જ્ઞાન અને ભગવાનનું માહાત્મ્ય જાણવું એ બે અસાધારણ મોક્ષના હેતુ છે." (વચ. ગ.પ્ર. ૫૭)

તેથી જ તેઓ કહે છે:

"તત્ત્વે કરીને ભગવાનનું સ્વરૂપ જાણ્યા પછી એને કાંઈ જાણવું રહેતું નથી... એવી રીતે તત્ત્વે કરીને જે ભગવાનને જાણે તેને કાંઈ કરવું રહ્યું નથી." (વચ. ગ.પ્ર. ૬૩)

આમ, પુરુષોત્તમ સર્વોત્કૃષ્ટ તત્ત્વ છે, આત્યંતિક કલ્યાણ માટે તેમને યથાર્થ જાણવા એ જ મુખ્ય સાધન છે, અને તેમને યથાર્થ જાણ્યા પછી કોઈ સાધન બાકી રહેતું જ નથી; વળી, આત્યંતિક કલ્યાણમાં પામવા યોગ્ય તત્ત્વ પણ એકમાત્ર પુરુષોત્તમ ભગવાન જ છે. તો અક્ષરબ્રહ્મ તત્ત્વને જાણવાની શી જરૂર? આ મુદ્દાને સમજવા પ્રયત્ન કરીએ.

- અક્ષરબ્રહ્મ જીવકોટિથી પર છે; ઈશ્વરકોટિથી પર છે કહેતાં અવતારમાત્રથી પર છે; માયા અને માયાના કાર્યરૂપ અનંત કોટિ બ્રહ્માંડથી પર છે. સર્વ થકી પર એવા અક્ષરને જાણ્યા વિના અક્ષરથી પણ પર અક્ષરાતીત એવા પુરુષોત્તમને કેવી રીતે યથાર્થ જાણી શકાય? રાજ્યના મુખ્યમંત્રીની સત્તાને યથાર્થ જાણ્યા વિના રાષ્ટ્રના પ્રધાનમંત્રીની સત્તાને કઈ રીતે સમજી શકાય?
- ધારો કે બે મણિ છે. પહેલા મણિની કિંમત વિશ્વની તમામ સંપત્તિ કરતાં અનેકગણી વધુ છે. બીજા મણિની કિંમત પહેલા મણિ કરતાં અનેકગણી વધુ છે. હવે જો પહેલા મણિની કિંમત યથાર્થ સમજ્યા ન હોઈએ, તો બીજા મણિનું મૂલ્ય ધારી ધારીને પહેલા મણિના મૂલ્યથી વધુ આંકી શકીશું જ નહીં. પરિણામે, બીજા મણિનું અવમૂલ્યન ગણાશે.

  તે જ રીતે અક્ષરબ્રહ્મ પુરુષોત્તમ સિવાય અન્ય તમામ તત્ત્વમાત્રથી પર છે. અને પુરુષોત્તમ અક્ષરબ્રહ્મથી અનંતગણા પર. આથી જો

અક્ષરબ્રહ્મને યથાર્થ ન સમજીને પુરુષોત્તમને ઉપમાઓ આપવા બેસીએ, તો તે તમામ ઉપમાઓ અક્ષરબ્રહ્મને જ લાગુ પડશે. જેમ કે, 'સર્વકર્તાહર્તા', 'સર્વ કારણના કારણ', 'ઈશ્વરના પણ ઈશ્વર' – આમ જોઈએ તો આ તમામ વિશેષણો અક્ષરબ્રહ્મને લાગુ પડે છે. પુરુષોત્તમ તો અક્ષરબ્રહ્મથી અનંતગણા પર છે, માટે અક્ષરને આપવા યોગ્ય વિશેષણો કે ઉપમાઓ પુરુષોત્તમને આપીએ તો પુરુષોત્તમનું અવમૂલ્યન થાય, એક પ્રકારનું અપમાન થાય. પુરુષોત્તમ માટે તો એક જ વિશેષણ ઘટે – 'અક્ષરથી પર'.

શ્રુતિ પણ કહે છે: अक्षरात् परतः परः । અર્થાત્ 'સૌથી પર એવા જે અક્ષર, તેનાથી પણ તેઓ પર છે.'

માટે પુરુષોત્તમને યથાર્થ જાણવા માટે અક્ષરબ્રહ્મને યથાર્થપણે જાણવા જ રહ્યા.

અક્ષરબ્રહ્મની અપાર મોટપ જાણવાથી જ પુરુષોત્તમને યથાર્થ સમજી શકાય છે, અક્ષરબ્રહ્મ પુરુષોત્તમના સ્વરૂપજ્ઞાન રૂપી ખજાનાની 'કૂંચી' સમાન છે. આ વાત શ્રીહરિએ વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણ ૪૨માં સુસ્પષ્ટ કરી છે.

માયાનું જ્ઞાન

માયા એટલે જગત. આપણે જે જગતમાં વસીએ છીએ, તેને જેમ છે તેમ યથાર્થ ઓળખવું જરૂરી છે. તેને સાંખ્યજ્ઞાન પણ કહે છે.

સાંખ્યજ્ઞાન એટલે શું?

સાંખ્યજ્ઞાનમાં મુખ્યત્વે ત્રણ બાબતો આવે છે:

૧. નાશવંતપણાનું જ્ઞાન

આ દેહ, દેહનાં સગાં-સંબંધી, દેહના સંબંધમાં આવતા પદાર્થો તથા આ સમગ્ર જગત નાશવંત છે. આ અંગે ભગવાન સ્વામિનારાયણ કહે છે:

- "ભગવાનનું જે અક્ષરધામ ને તે ધામને વિષે રહી એવી જે ભગવાનની મૂર્તિ ને તે ધામને વિષે રહ્યા એવા જે ભગવાનના ભક્ત તે વિના જે જે લોક છે ને તે લોકને વિષે રહ્યા એવા જે દેવ છે ને તે દેવના જે વૈભવ છે તે સર્વે નાશવંત છે." (વચ. ગ.મ. ૨૪)

વળી, તેઓ કહે છે:

- "માયાના કાર્યમાંથી ઉત્પન્ન થયા જે આકારમાત્ર તે સર્વે મિથ્યા છે. કેમ જે, એ સર્વે આકાર કાળે કરીને નાશ પામે છે." (વચ. ગ.અં. ૩૮)

આમ, અનંત કોટિ બ્રહ્માંડમાં જે કાંઈ છે, તે બધું જ પુરુષોત્તમ ભગવાને માયા નામે જડતત્ત્વમાંથી ઉપજાવ્યું છે. અને તે સમયે સમયે નાશ પામતું જ

રહે છે, કંઈ જ કાયમી નથી. આ વિચારને સાંખ્યજ્ઞાન કહે છે.

૨. દુઃખરૂપપણાનું જ્ઞાન

માયામાંથી ઉત્પન્ન થયેલ જે કાંઈ છે તે તમામમાં ક્યાંય સાચું સુખ નથી, બધું જ દુઃખરૂપ છે; સુખ જેવું જણાય છે તે કેવળ આભાસમાત્ર છે.

આ અંગે ભગવાન સ્વામિનારાયણ કહે છે:

"માયિક વિષયમાં ભિન્નભિન્નપણે સુખ રહ્યું છે અને તે સુખ તો તુચ્છ (ભગવાનના અપાર સુખની સરખામણીમાં ન ગણ્ય) છે ને નાશવંત ને અંતે અપાર દુઃખનું કારણ છે." (વચ. ગ.અં. ૨૭)

"જેટલું કાંઈ માયામય સુખ છે તે સર્વે દુઃખ વિનાનું હોય નહીં, એ વાત પણ એક જાણી રાખવી." (સ્વામીની વાત : ૧/૨૫)

આમ, અનંત કોટિ બ્રહ્માંડમાં જે કાંઈ છે, તે બધું જ દુઃખદાયી છે, આ વિચારને સાંખ્યજ્ઞાન કહે છે.

૩. દેહાદિકની અસારતાનું જ્ઞાન

આ દેહ નરકરૂપ છે. (વચ. સા. ૧)

"આ દેહમાં તો હાડકાં, પરુ, પાચ, લાળ ને લીંટ ભર્યાં છે ને નવદ્વારે નરક ઝરે છે ને કેવળ નર્કની કોથળી છે ને ઉપર ચર્મ મઢ્યું છે ને ક્ષણભંગુર કહ્યો છે. માટે કાંઈ જ માલ નથી. તેમાંથી હેત તોડીને આત્મામાં કરવું." (સ્વામીની વાત : ૬/૫૧)

સાંખ્યજ્ઞાનથી લાભ

સાંખ્યજ્ઞાન દૃઢ થાય તો નીચે મુજબ લાભ અનુભવાય છે:

(૧) કોઈપણ વ્યક્તિ કે પદાર્થ ગુમાવવાથી દુઃખ ન થાય.

આ અંગે અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામી કહે છે: "સર્વ ક્રિયા કરવામાં નાશવંતપણાનું અનુસંધાન રાખવું તો દુઃખ ન થાય." (સ્વામીની વાત: ૨/૨૪)

આ સંસારમાં શરીર અને શરીરને ભોગવવાના પદાર્થમાત્ર નાશવંત જ છે, એમ મનાય તો કોઈપણ વ્યક્તિ કે પદાર્થ

ગુમાવવાથી દુઃખ ન થાય.

(૨) સંસારનું બંધન ન થાય.

આ અંગે અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામી કહે છે: "સંસારમાં સુખ જેવું જણાય છે પણ તેમાં તો દુઃખ છે. જેમ શેરડીના સાંઠામાં ઈયળ પડે તે સુખ માને છે, પણ ચિચોડામાં ભૂકા નીસરશે. ને કાગડાને શ્રાદ્ધના સોળ દિવસનું સુખ ને પછી બંધૂકની ગોળિયું ખાવાની છે તેમ." (સ્વામીની વાતઃ ૨/૪૭)

વળી, તેઓ કહે છે: "સાંખ્યવાળાને તો આ લોક સર્વે નર્ક જેવું લાગે છે, પણ ક્યાંઈ માલ મનાય નહીં." (સ્વામીની વાત : ૧/૧૨૭)

આમ, આ સંસારમાં શરીર અને શરીરને ભોગવવાના પદાર્થમાત્ર દુઃખરૂપ જ છે, એમ મનાય તો ક્યાંય બંધન ન થાય, અને કોઈપણ પદાર્થ ન મળે તો અસંતોષ ન થાય.

નોંધ : અહીં પ્રશ્ન થાય કે ભગવાને આવી નાશવંત અને દુઃખમય સૃષ્ટિ બનાવી શા માટે? તેના જવાબમાં કહી શકાય કે અનાદિ કાળથી માયામાં લીન પડેલા જીવો તથા ઈશ્વરોને દેહ-ઈન્દ્રિયો-અંતઃકરણ પ્રાપ્ત થાય. અને તે દ્વારા તેઓ સાધના કરી, માયાના ભાવથી રહિત અક્ષરરૂપ થઈ, પુરુષોત્તમની પરાભક્તિને પામે, સદાયને માટે અક્ષરધામના અપાર દિવ્યાનંદના અધિકારી બને, તેવી અપાર કરુણાથી પ્રેરાઈને ભગવાને આ સૃષ્ટિ રચી છે. (વચ. પં. ૧ને આધારે)

ઈશ્વરનું જ્ઞાન

ભગવાન શ્રી સ્વામિનારાયણે સમજાવેલાં પાંચ નિત્ય અનાદિ તત્ત્વો પૈકી ચાર તત્ત્વો ચૈતન્ય છે : જીવ, ઈશ્વર, બ્રહ્મ અને પરબ્રહ્મ. માયા જડ પણ નથી ને ચૈતન્ય પણ નથી, એટલે તેને અનિર્વચનીય કહી છે. તેનું બીજું નામ પ્રકૃતિ છે.

ઈશ્વર તત્ત્વ માયાની નીચે છે. તેને પણ ત્રણ શરીર, ત્રણ અવસ્થા છે. જીવના દેહને આયુષ્યની અવધિ છે, તેમ ઈશ્વરના દેહને પણ આયુષ્યની સીમા છે. તેના નિયંતા અક્ષરબ્રહ્મ છે, તેઓ જીવો-ઈશ્વરોને કર્માનુસાર યથાયોગ્ય ફળ આપે છે. (ગ.પ્ર. ૪૫)

અનંત કોટિ બ્રહ્માંડોમાં અનંત કોટિ ઈશ્વરો છે. (ગ.પ્ર. ૬૩)

જીવને કારણશરીર રૂપ માયા વળગી છે, તેમ ઈશ્વરને અવ્યાકૃત શરીર રૂપ માયા વળગી છે. (કા. ૧૨)

જીવની જેમ તે પણ બદ્ધ છે ને અસમર્થ છે. (ગ.મ. ૩૧)

પરબ્રહ્મની ઉપાસના સિવાય તેને ઉત્પત્તિ-સ્થિતિ ને પ્રલયરૂપ માયાનો સંબંધ ટળતો નથી. (ગ.મ. ૩૧)

પ્રલય ચાર પ્રકારના છે: નિત્ય, નિમિત્ત, પ્રાકૃત અને આત્યંતિક.

નિત્ય પ્રલયમાં જીવની ઉપાધિ લીન થાય છે.

નિમિત્ત પ્રલયમાં વિરાજપુરુષરૂપ ઈશ્વરની ઉપાધિ લીન થાય છે.

પ્રાકૃત પ્રલયમાં વિરાજપુરુષરૂપ ઈશ્વરથી પર પ્રધાનપુરુષરૂપ ઈશ્વરની ઉપાધિ લીન થાય છે.

આત્યંતિક પ્રલયમાં પ્રકૃતિનું કાર્યમાત્ર લીન થઈ જાય છે.

આમ, જીવો-ઈશ્વરો અનાદિ છે, છતાં માયાથી બદ્ધ છે. બ્રહ્મ અને પરબ્રહ્મ બે જ તત્ત્વો માયાથી પર છે. અવતારમાત્ર વૈરાજપુરુષમાંથી થયા છે. એટલે જ આપણાં સનાતન શાસ્ત્રો કહે છે : 'अवतारा: असंख्येया:'

ઈશ્વરનું સ્વરૂપ જાણવાનું એટલું જ પ્રયોજન છે કે જીવો તેની ઉપાસના કરે; તેનાથી માયાનું કાર્ય જન્મ-મરણ ટળે નહીં. તે ટાળવા માટે તેણે બ્રહ્મરૂપ થઈને પરબ્રહ્મની ઉપાસના કરવી આવશ્યક બની રહે છે. ટૂંકમાં –

- ઈશ્વર સંખ્યાની દૃષ્ટિએ અનેક છે.
- જીવની જેમ જ ઈશ્વરને પણ 'અવ્યાકૃત' નામે માયાનું આવરણ અનાદિ કાળથી વળગેલું છે.
- જીવની સરખામણીમાં ઈશ્વરનું સામર્થ્ય વધુ હોવાથી પુરુષોત્તમ ભગવાન ઈશ્વરોને સૃષ્ટિના સર્જન, પોષણ, પ્રલયની પ્રવૃત્તિમાં જોડે છે.
- વિરાટ પુરુષ અને તેમાંથી પ્રગટેલા તમામ અવતારો ઈશ્વર-ચૈતન્ય છે.
- વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણ ૩૧ મુજબ ઈશ્વરો માયાથી બંધાયેલા હોવાથી તેમણે પણ પોતાની મુક્તિ માટે જીવની જેમ જ અક્ષરબ્રહ્મ-પરબ્રહ્મના સંબંધમાં રહીને ઉપરોક્ત તમામ સાધના કરવી જ પડે છે. અને તે પણ મનુષ્યદેહમાં જ શક્ય છે. કારણ કે મૃત્યુલોક સિવાય અવાંતર કોઈ લોકમાં અક્ષરબ્રહ્મ-પરબ્રહ્મનું પ્રગટપણું હોતું નથી. આથી જ ભાગવત આદિ સત્શાસ્ત્રોમાં મનુષ્યદેહ પ્રાપ્ત કરવા તેઓની સ્મૃતિઓ વારંવાર જોવા મળે છે.
- ઈશ્વર તત્ત્વનું યથાર્થ જ્ઞાન એટલા માટે જરૂરી છે કે જીવ તેની પ્રાપ્તિને ઇતિશ્રી ન માની બેસે.

જીવાત્માનું જ્ઞાન

જીવ, ઈશ્વર, માયા, અક્ષરબ્રહ્મ અને પુરુષોત્તમ – આ પાંચ શાશ્વત તત્ત્વોમાંના 'જીવ' કે 'જીવાત્મા' પણ અવિનાશી શાશ્વત તત્ત્વ છે.

ચાર પ્રકારના દેહ (શરીર) છે:

ઉદ્‌ભિજ્જ : જમીન ભેદીને જન્મનાર - વનસ્પતિઓ.

સ્વેદજ : પરસેવો કે પાણીની ગંદકીમાંથી જન્મનાર – જૂ, માંકડ, મચ્છર વગેરે જંતુઓ.

અંડજ : ઈંડાંમાંથી જન્મનાર – પક્ષી, સાપ વગેરે.

જરાયુજ : ગર્ભમાંથી જન્મનાર – પશુ, મનુષ્ય વગેરે.

આ ચાર પ્રકારના દેહમાં રહીને તેમને જીવંત રાખનાર જીવાત્મા છે. વચનામૃતને આધારે તેનો પરિચય કેળવીએ.

જીવાત્મા સંખ્યાની દૃષ્ટિએ અસંખ્ય - અનંત છે

જીવાત્મા માટે શ્રીહરિએ વારંવાર બહુવચન પ્રયોગ કર્યો છે:

"એ ભગવાન છે તે... અન્વયપણે અનેક બ્રહ્માંડને વિષે રહ્યા જે સર્વે જીવના સમૂહ તેમને વિષે તેમના યથાયોગ્ય કર્મફળપ્રદાતાપણે અંતર્યામીરૂપે કરીને રહ્યા છે." (વચ. ગ.અં. ૩૭)

આ ઉપરાંત અન્ય અનેક વચનામૃતોમાં જીવો માટે બહુવચન પ્રયોગ થયેલો છે, જેનાથી સિદ્ધ થાય છે કે જીવાત્મા અનેક છે, પ્રત્યેક શરીર દીઠ ભિન્ન-ભિન્ન જીવાત્મા છે.

જીવાત્મા અણુ જેવો સૂક્ષ્મ છે

શ્રીહરિ કહે છે :

- "જીવ જે તે એકદેશસ્થ (એક જ સ્થાનમાં રહેનાર) જણાય છે અને બરછીની અણી જેવો તીખો (સૂક્ષ્મ) જણાય છે." (વચ. કારિ. ૧)
- "જીવ તો... અવિનાશી, ચૈતન્યરૂપ, અણુમાત્ર એવો છે." (વચ. જેત. ૨)

શિક્ષાપત્રીમાં પણ જીવને 'અણુ સરખો સૂક્ષ્મ' કહ્યો છે. (શ્લોક : ૧૦૫)

જીવાત્મા હૃદયરૂપી એક સ્થાનમાં રહેલો છે

શિક્ષાપત્રીમાં જીવને 'હૃદયમાં રહેલો' કહ્યો છે. (શ્લોક : ૧૦૫)

વચનામૃતમાં શ્રીહરિ કહે છે :

- "હૃદયને વિષે ક્ષેત્રજ્ઞ (શરીરરૂપી ક્ષેત્રને જાણનાર) જે જીવ તેનો નિવાસ છે." (વચ. કારિ. ૧૨)
- "પંચમહાભૂતના વિકારરૂપ એવું એક હૃદયને વિષે માંસનું ચક્ર છે, તેને વિષે જીવ રહ્યો છે... માંસના ચક્રને વિષે જીવ જે તે વિશેષ સત્તાએ કરીને વ્યાપી રહ્યો છે અને સામાન્ય સત્તાએ કરીને બધા (આખા) દેહને વિષે વ્યાપી રહ્યો છે." (વચ. ગ.અં. ૪)

અહીં શ્રીહરિ સ્પષ્ટ સમજાવે છે કે જીવ સ્વરૂપતઃ હૃદયમાં જ રહ્યો છે, અને ત્યાં રહ્યો રહ્યો પોતાની જ્ઞાનશક્તિથી સમગ્ર શરીરમાં વ્યાપીને રહ્યો છે, અને સમગ્ર શરીરને ચેતનવંતું રાખે છે.

વળી, શ્રીહરિ સ્પષ્ટપણે જીવાત્માનું કાર્ય સમજાવતાં કહે છે :

- "તે જીવ ક્યાં રહે છે ? તો હૃદાકાશને વિષે (હૃદયમાં) રહે છે અને ત્યાં રહ્યો થકો વિવિધ ક્રિયાને કરે છે. અને તેમાં જ્યારે રૂપ જોવું હોય ત્યારે નેત્ર દ્વારે કરીને જુએ છે; અને શબ્દ સાંભળવો હોય ત્યારે કાન દ્વારે આવીને સાંભળે છે; ને નાસિકા દ્વારે સારો-નરસો ગંધ લે છે; ને રસના દ્વારે રસ લે છે; ને ત્વચા દ્વારે સ્પર્શનું સુખ લે છે; ને મન દ્વારે મનન કરે છે; ચિત્ત દ્વારે ચિંતવન કરે છે; બુદ્ધિ દ્વારે નિશ્ચય કરે છે; એમ દસ ઇન્દ્રિયો દ્વારે તથા ચાર અંતઃકરણ દ્વારે

સર્વે વિષયનું ગ્રહણ કરે છે. ને નખથી શિખા પર્યંત શરીરમાં વ્યાપીને રહ્યો છે ને એથી નોખો પણ છે. એવી રીતે જીવનું સ્વરૂપ છે.'' (વચ. જેત. ૨)

જીવાત્મા અવિનાશી છે

જીવાત્મા પાંચ અવિનાશી તત્ત્વોમાંનો એક હોવાથી તે અવિનાશી છે.

- ''જીવ તો અછેદ્ય, અભેદ્ય, અવિનાશી, ચૈતન્યરૂપ, અણુમાત્ર એવો છે.'' (વચ. જેત. ૨)
- ''અછેદ્ય, અભેદ્ય, અજર, અમર, જ્ઞાનરૂપ, સુખરૂપ, સત્તારૂપ એ જે સર્વે આત્માના ભાવ છે.'' (વચ. સા. ૧૨)

અહીં –

અછેદ્ય : એટલે કાપી ન શકાય તેવો.

અભેદ્ય : એટલે જેમાં કાણું ન પાડી શકાય તેવો.

અજર : એટલે વૃદ્ધ ન થાય તેવો.

અમર : એટલે મૃત્યુ ન પામે તેવો.

અવિનાશી : એટલે કોઈપણ રીતે નાશ ન પામે તેવો.

તો જન્મ અને મૃત્યુ શું છે ?

જીવાત્માનો કોઈપણ દેહમાં પ્રવેશ એ જન્મ છે, અને જીવાત્માની કોઈપણ દેહમાંથી વિદાય એ મૃત્યુ છે.

જીવાત્મા જ્ઞાતિ-જાતિથી પર છે

જો વિવિધ પ્રકારના દેહમાં પ્રવેશ એ જ જન્મ હોય, અને તે તે દેહમાંથી વિદાય એ જ મૃત્યુ હોય; તો જીવાત્માને કોઈપણ દેહની જ્ઞાતિ કે જાતિ ક્યાંથી લાગુ પડે ?

શ્રીહરિ સ્પષ્ટપણે કહે છે :

- ''તે આત્મા છે તે બ્રાહ્મણ નથી, ક્ષત્રિય નથી, કણબી નથી, કોઈનો દીકરો નથી, કોઈનો બાપ નથી, એની કોઈ જાત નથી, નાત નથી, એવો છે.'' (વચ. ગ.અં. ૩૯)
- ''જીવાત્મા તે પુરુષ પણ નથી ને સ્ત્રી પણ નથી, એ તો સત્તામાત્ર

ચૈતન્ય છે.'' (વચ. ગ.અં. ૨૨)

જીવાત્મા તો જેવા જેવા દેહમાં પ્રવેશ કરે, તેવા તેવા દેહને ક્રિયાન્વિત કરે છે. જેમ ઈલેક્ટ્રિક કરંટ પંખામાં પ્રવેશ કરે તો તે ફરવા માંડે, લાઈટમાં પ્રવેશ કરે તો અજવાળું આપે, એ.સી.માં પ્રવેશ કરે તો ઠંડક આપે અને હીટરમાં પ્રવેશ કરે તો ગરમી આપે. કરંટનો કોઈ આકાર નથી, તેનો કોઈ પ્રકાર નથી.

જીવાત્માનું બંધન

અત્રે વર્ણિત આવા જીવાત્માને અનાદિ કાળથી (પ્રથમથી) જ કારણ શરીર નામનું માયાનું આવરણ વળગેલું છે. આ 'માયા' જીવ, ઈશ્વર, માયા, બ્રહ્મ, પરબ્રહ્મ – આ પાંચ નિત્ય તત્ત્વોમાંનું જડતત્ત્વ છે, જે જડ દ્રવ્યરૂપ છે.

શ્રીહરિ આ આવરણને સુપેરે સમજાવે છે :

- ''જીવ જે તે સ્વરૂપ-સ્વભાવે કરીને તો સત્તામાત્ર છે ને ચૈતન્ય વસ્તુ છે અને અનાદિ અજ્ઞાનરૂપ એવું જે કારણ શરીર તેણે યુક્ત છે.'' (વચ. ગ.મ. ૬૬)

કારણ શરીરરૂપ માયા વિદ્યા કે જ્ઞાનને ઢાંકી દઈને વિપરીત જ્ઞાન ઉત્પન્ન કરતી હોવાથી તેને 'અવિદ્યાત્મક' કે 'અજ્ઞાનરૂપ' કહેવામાં આવે છે.

કારણ શરીર કઈ રીતે જીવાત્માને બંધન ઊભું કરે છે, તે તે અંગે શ્રીહરિ સમજાવે છે : જીવાત્મા સ્વરૂપ સ્વભાવે કરીને શુદ્ધ છે, નિર્વિકાર છે, સુખરૂપ છે (વચ. લો. ૧૦). કારણ શરીરે અનાદિ કાળથી જીવાત્માના શુદ્ધ સ્વરૂપને ઢાંકી દીધું છે. આથી તેને પોતાના શુદ્ધ સ્વરૂપનું જ્ઞાન નથી. જેમ મેશ ફાનસના ગોળા પર જામી જવાથી ફાનસની જ્યોત ઢંકાઈ જાય છે, તેમ જીવાત્માનું મૂળભૂત શુદ્ધ સ્વરૂપ ઢંકાઈ ગયું છે.

જીવને પોતાના શુદ્ધ સ્વરૂપનું અજ્ઞાન હોવાને લીધે એ જે દેહમાં પ્રવેશ કરીને રહે છે, તેને જ પોતાનું રૂપ માની લે છે. આ જ વિપરીત જ્ઞાન કે વિપરીત ભાવના છે, એવું શ્રીહરિ સમજાવે છે :

- ''એ તો એ જીવને વિપરીત ભાવના થઈ છે જે, 'પોતાને દેહથી પૃથક્ જે જીવાત્મા તે રૂપે નથી માનતો ને દેહરૂપે માને છે.'' (વચ. ગ.પ્ર. ૪૪)

જીવને પૃથ્વી, જળ, તેજ, વાયુ, આકાશ – આ પંચભૂતનો સ્થૂળ દેહ

પ્રાપ્ત થાય છે, જે ઉદ્‌ભિજ્જ, સ્વદેજ, અંડજ અને જરાયુજ – એ ચાર પ્રકારનો હોય છે. તેની સાથે સાથે –

જીવને પાંચ જ્ઞાનેન્દ્રિયો (આંખ, કાન, નાક, જીભ, ત્વચા);
પાંચ કર્મેન્દ્રિયો (વાણી, હાથ, પગ, મળદ્વાર, મૂત્રદ્વાર);
પાંચ પ્રાણ (પ્રાણ, અપાન, વ્યાન, સમાન, ઉદાન);
ચાર અંતઃકરણ (મન, બુદ્ધિ, ચિત્ત, અહંકાર)

– આ ઓગણીશ તત્ત્વે યુક્ત સાધનરૂપ સૂક્ષ્મ દેહ પ્રાપ્ત થાય છે. (વચ. સા. ૧૪ને આધારે)

આમ, જીવ કારણ દેહરૂપ માયાના આવરણને કારણે પોતાનું મૂળભૂત શુદ્ધ સ્વરૂપ અનુભવી શકતો નથી, પરિણામે જે સ્થૂળ-સૂક્ષ્મ દેહમાં તે રહેતો હોય તેને જ પોતાનું રૂપ માની લે છે. આ જ વિપરીત ભાવના છે, જેને દેહાભિમાન કહે છે. આવા દેહાભિમાને સહિત જીવ જે જે કર્મ કરે છે, તે તે કર્મનું તેને બંધન થાય છે (વચ. સા. ૧૪); અને સંચિત કર્મ સંસ્કારરૂપે તે જીવના કારણ શરીર સાથે જમા થયા કરે છે (વચ. વર. ૬). આ જ જીવની વાસના, પ્રકૃતિ કે સ્વભાવ છે (વચ. ગ.અં. ૨૦). પંચવિષય પ્રત્યેની આ વાસનાઓ જ જીવને જન્મ-મરણનું નિમિત્ત બને છે (વચ. અમ. ૩). અજ્ઞાન-મૂલક આવી વાસનાઓને કારણે જ જીવ લખચોરાસી દેહમાં ભટકતો રહે છે, ને અનંત પ્રકારનાં દુઃખ-ક્લેશને પામે છે. સૃષ્ટિકાળે કર્માનુસારે માયામાંથી ઉદય થઈ જન્મ-મરણમાં ભટકવું (વચ. ગ.અં. ૧૦) અને પ્રલયકાળે પાછા માયામાં પોતપોતાના સંચિત કર્મ સહિતના કારણ દેહયુક્ત થકા લીન થવું (વચ. ગ.પ્ર. ૧૨), આ જ જીવનું બંધન છે.

જીવની ત્રણ અવસ્થા

■ "આ જીવાત્મા જે તે જેને વિષે રહીને વિષયભોગને ભોગવે છે તેને અવસ્થા કહીએ; તે અવસ્થા જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિ એ ત્રણ પ્રકારની છે." (વચ. સા. ૬)

- **ત્રણ દેહથી ભિન્ન આત્મારૂપ માનવા અંગે ભગવાન સ્વામિનારાયણનો આગ્રહ**

પોતાના સ્વરૂપને આત્મા માનવા અંગે ભગવાન સ્વામિનારાયણ

વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૨૦માં કહે છે :

- "આ દેહમાં રહેનારો જે જીવ છે તે રૂપને જુએ છે અને કુરૂપને જુએ છે તથા બાળ, યૌવન અને વૃદ્ધપણાને જુએ છે, એવા અનંત પદાર્થને જુએ છે, પણ જોનારો પોતે પોતાને જોતો નથી અને કેવળ બાહ્યદૃષ્ટિએ કરીને પદાર્થને જોયા કરે છે પણ પોતે પોતાને નથી જોતો તે જ અજ્ઞાનીમાં અતિશય અજ્ઞાની છે. અને જેમ નેત્રે કરીને અનંત પ્રકારના રૂપના સ્વાદને લે છે તેમ જ શ્રોત્ર, ત્વક, રસના, ઘ્રાણ ઈત્યાદિક સર્વ ઈન્દ્રિયોએ કરીને વિષયસુખને ભોગવે છે ને જાણે છે, પણ પોતે પોતાના સુખને ભોગવતો નથી ને પોતે પોતાના રૂપને જાણતો નથી, એ જ સર્વ અજ્ઞાનીમાં અતિશય અજ્ઞાની છે અને એ જ ઘેલામાં અતિશય ઘેલો છે અને એ જ મૂર્ખમાં અતિશય મૂર્ખ છે અને એ જ સર્વ નીચમાં અતિશય નીચ છે."

ઉપરોક્ત વચનોમાંથી ફલિત થાય છે કે –

૧. 'આ દેહમાં રહેનારો જે જીવ...' – જીવાત્મા દેહમાં રહે છે, એટલે કે જીવાત્મા દેહથી જુદો જ છે.
૨. 'જીવ છે તે રૂપને જુએ છે અને કુરૂપને જુએ છે... પણ પોતે પોતાને નથી જોતો...' – બાહ્યદૃષ્ટિએ દુનિયાનું બીજું બધું જોવા તથા જાણવાને બદલે અંતર્દૃષ્ટિ કરીને જીવાત્માએ પોતાના આત્મ-સ્વરૂપને જોવાનું અને જાણવાનું છે.
૩. 'સર્વ ઈન્દ્રિયોએ કરીને વિષયસુખને ભોગવે છે ને જાણે છે, પણ પોતે પોતાના સુખને ભોગવતો નથી;' – જીવાત્મામાં અપાર સુખ રહેલું છે, આત્મસ્વરૂપને ઓળખીને તે સુખ ભોગવવાનું છે.
૪. જો આ મુજબ જીવાત્મા પોતાના આત્મસ્વરૂપને ન ઓળખે કે તેનો અનુભવ ન કરે, તો ભગવાન સ્વામિનારાયણ આ ચાર ઉપમાઓ આપે છે કે –

   'એ જ સર્વ અજ્ઞાનીમાં અતિશય અજ્ઞાની છે અને એ જ ઘેલામાં અતિશય ઘેલો છે અને એ જ મૂર્ખમાં અતિશય મૂર્ખ છે અને એ જ સર્વ નીચમાં અતિશય નીચ છે...'

જીવાત્મા દેહથી જુદો જ છે, તે કેવી રીતે સમજાય?

સૌને હંમેશાં દેહ અને તેની સંવેદનાઓનો જ અનુભવ થતો રહે છે. વળી, અનાદિથી જીવ સાથે કારણ શરીરરૂપ માયાનું આવરણ વળગ્યું છે, તેને લીધે જીવાત્માનો અનુભવ થતો નથી. આથી દેહથી જુદા આત્માની હકીકત સમજી શકાતી નથી. પરિણામે, દેહ જ પોતાનું સ્વરૂપ છે, તેવું લાગે છે. આવા સંજોગોમાં દેહથી જુદો આત્મા છે, તે કેવી રીતે મનાય?

તે અંગે ભગવાન સ્વામિનારાયણે વચનામૃતમાં કેટલાક ઉપાય સમજાવ્યા છે:

૧. ભગવાનનો પ્રતાપ વિચારવો

ભગવાન સ્વામિનારાયણ જણાવે છે:

- "જે ભગવાનના પ્રતાપને વિચારીને અંતર્દષ્ટિ કરે છે, તે તો પોતાના સ્વરૂપને અતિશય ઉજ્જ્વલ પ્રકાશમાન જુએ છે અને તે પ્રકાશને મધ્યે પ્રત્યક્ષ એવા જે પુરુષોત્તમ ભગવાન તેની મૂર્તિને જુએ છે અને નારદ-સનકાદિક જેવો સુખિયો પણ થાય છે." (વચ. ગ.પ્ર. ૨૦)

ભગવાનનો પ્રતાપ વિચારવો એટલે ભગવાનના સામર્થ્યનો વિચાર કરવો. 'ભગવાન સ્વામિનારાયણ મને ગુરુહરિરૂપે પ્રત્યક્ષ મળ્યા છે. તેમના બળે અને તેમની કૃપાથી હું આત્માનો અનુભવ જરૂર કરી શકીશ.' આવો વિચાર કરવો જોઈએ, કારણ કે વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૫૬માં જણાવ્યા મુજબ પોતાના બળે આત્મદર્શન શક્ય જ નથી.

૨. ભગવાન અને સત્પુરુષમાં વિશ્વાસ રાખવો

ભગવાન સ્વામિનારાયણ જણાવે છે:

- "ભગવાન અને સંત તે જે જે વચન કહે તેને પરમ સત્ય કરીને માને, પણ તે વચનને વિષે સંશય કરે નહીં. અને સંત કહે જે, 'તું દેહ, ઈન્દ્રિય, મન, પ્રાણથી જુદો છું અને સત્ય છું અને એનો જાણનારો છું, અને એ દેહાદિક સર્વે અસત્ય છે,' એમ વચન કહે તેને સત્ય માનીને તે સર્વથી જુદો આત્મારૂપે વર્તે પણ મનના ઘાટ ભેળો ભળી જાય નહીં." (વચ. ગ.પ્ર. ૧૬)

આમ, ભગવાન અને સત્પુરુષના વચનમાં વિશ્વાસ રાખીને જ માનવાનું છે કે જીવાત્મા દેહ, મન વગેરેથી જુદો જ છે. સીધી રીતે ઇન્દ્રિયાતીત એવા જીવાત્માનો અનુભવ થવાનો જ નથી.

૩. દેહ અને જીવાત્માનાં લક્ષણોની ભિન્નતા સમજવી

દેહ અને જીવાત્માનાં લક્ષણો તદ્દન ભિન્ન છે, તે જણાવતાં ભગવાન સ્વામિનારાયણ કહે છે:

- "આત્મનિષ્ઠા તો એવી રીતની જોઈએ જે, 'હું ચૈતન્ય છું ને દેહ જડ છે, અને હું શુદ્ધ છું ને દેહ નરકરૂપ છે, અને હું અવિનાશી છું ને દેહ નાશવંત છે, અને હું આનંદરૂપ છું ને દેહ દુઃખરૂપ છે." (વચ. સા. ૧)

વળી, તેઓ જણાવે છે:

- "પોતાને દેહથી પૃથક્ આત્મા જાણવો. અને તે આત્મા છે તે બ્રાહ્મણ નથી, ક્ષત્રિય નથી, કણબી નથી, કોઈનો દીકરો નથી, કોઈનો બાપ નથી, એની કોઈ જાત નથી, નાત નથી, એવો છે. અને એ આત્મા તો સૂર્ય તથા અગ્નિ જેવો તેજસ્વી છે ને જાણપણે યુક્ત છે." (વચ. ગ.અં. ૩૯)

આ બે સંદર્ભ તથા વચનામૃતના બીજા અનેક સંદર્ભોના સારરૂપે દેહ અને જીવાત્માની નીચે મુજબ ભિન્નતા સમજી શકાય:

દેહ	જીવાત્મા
જન્મ-મરણયુક્ત	જન્મ-મરણ રહિત, અનાદિ-અનંત
નાશવંત	અવિનાશી
સાધન	ચાલક
જડ	ચૈતન્ય
વિકારી	અવિકારી
નરકરૂપ	શુદ્ધ
દુઃખરૂપ	સુખરૂપ

દેહ અને જીવાત્માની આવી ભિન્નતાનો વિચાર કરવાથી ધીરે ધીરે

દૃઢતા થાય છે.

૪. અક્ષરબ્રહ્મ સત્પુરુષ સાથે એકતા કરવી

અક્ષરબ્રહ્મ સત્પુરુષ અનાદિથી માયા પર છે. તેઓ સદૈવ દેહભાવથી રહિત આત્મારૂપે જ વર્તે છે. સત્પુરુષને જ પોતાનું સ્વરૂપ માનવાથી આત્મનિષ્ઠા દૃઢ થાય છે. આ અંગે ભગવાન સ્વામિનારાયણ જણાવે છે –

- ''આત્માનો એમ નિશ્ચય કરવો જે, પ્રગટ ભગવાન જેને મળ્યા હોય એવા જે સંત તેને વિષે આત્મબુદ્ધિ રાખવી ને તેને જ પોતાનું સ્વરૂપ માનવું.'' (વચ. જેત. ૧)

'સત્પુરુષને પોતાનું સ્વરૂપ માનવા એટલે શું?' આ પ્રશ્નના ઉત્તરમાં બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ જણાવે છે:

'સત્પુરુષ જેમ સમજે છે તેમ સમજવું, તેઓ જેમ વર્તે છે તેમ વર્તવું, તેઓ જે રીતે પુરુષોત્તમ ભગવાનની ભક્તિમાં પોતાનો દેહ સમર્પિત કરી દે છે તેમ સમર્પિત થઈ જવું. તેમની નાની-મોટી પ્રત્યેક આજ્ઞા-મરજીનું પાલન કરવું.'

ટૂંકમાં, અક્ષરબ્રહ્મ સત્પુરુષનું અનુકરણ કરવાથી અને તેમને જ જીવનના કેન્દ્રસ્થાને રાખવાથી તેમના જેવી સ્થિતિ ધીરે ધીરે દૃઢ થાય છે.

૫. પરબ્રહ્મ પુરુષોત્તમ ભગવાનનું અખંડ સાંનિધ્ય સમજવું

પુરુષોત્તમ ભગવાન અંતર્યામીરૂપે જીવાત્માને વિષે અખંડ બિરાજમાન છે, એમ સમજવા અંગે ભગવાન સ્વામિનારાયણ જણાવે છે:

''(ભક્ત એમ સમજે કે) 'મારા ચૈતન્યને વિષે ભગવાન સદાય વિરાજમાન છે; તે જેમ દેહમાં જીવ હોય તેમ મારા જીવને વિષે ભગવાન રહ્યા છે, અને મારો જીવ છે તે તો શરીર છે અને ભગવાન તો મારા જીવના શરીરી છે.' અને પોતાના જીવાત્માને સ્થૂળ, સૂક્ષ્મ અને કારણ એ ત્રણ શરીર થકી પૃથક્ માને અને તેને વિષે અખંડ ભગવાન વિરાજમાન છે એમ જે સમજે, તો તે સંત (ભક્ત) થકી ભગવાન અથવા ભગવાનનાં ધામ તે અણુમાત્ર છેટે નથી.'' (વચ. સા. ૧૦)

૬. પોતાને વિષે વિરાજમાન પરમાત્માનો મહિમા વિચારવો

'મારે વિષે વિરાજમાન પરમાત્મા સર્વોપરી, સર્વકર્તાહર્તા, સદા દિવ્ય સાકાર, પ્રગટ અને સર્વ સુખના સાગર છે. તેઓ મારાથી અણુમાત્ર દૂર નથી.'

આ મુજબ મહિમા વિચારવો જોઈએ. (વચ. સા. ૧)

આત્મવિચારની દૃઢતા એટલે કે જીવાત્માના યથાર્થ જ્ઞાનથી થતા લાભ

ભગવાન સ્વામિનારાયણે વચનામૃતમાં આત્મનિષ્ઠાના અનેક લાભ વર્ણવ્યા છે, જે આ મુજબ છે:

- ✧ ટાઢ, તડકો, ભૂખ, તરસ, માન, અપમાન, સુખ, દુઃખરૂપી નદીને તરી જવાય. (વચ. ગ.પ્ર. ૬૧)
- ✧ પંચવિષયની વાસના ટળે. (વચ. ગ.પ્ર. ૬૦, સા. ૧, ગ.મ. ૧)
- ✧ ભગવાન અને સત્પુરુષમાં મનુષ્યભાવ ન આવે. (વચ. ગ.પ્ર. ૨૩)
- ✧ ગુણમાત્ર આવે. (વચ. લો. ૬)
- ✧ પરબ્રહ્મની પરાભક્તિની યોગ્યતા આવે. (વચ. લો. ૭)
- ✧ પરમપદ કહેતાં આત્યંતિક કલ્યાણ થાય. (વચ. ગ.મ. ૩)

ઉપસંહાર

વચનામૃતના આધારે, અક્ષરબ્રહ્મ સત્પુરુષોએ ચીંધેલ માર્ગે, આપણે પરબ્રહ્મ, અક્ષરબ્રહ્મ, ઈશ્વર ચૈતન્ય, જીવાત્મા અને માયા અર્થાત્ જગતના સ્વરૂપનું જ્ઞાન સમજ્યા.

આ પુસ્તિકામાં આપણે કેવળ માહિતી જ મેળવી છે. જ્ઞાનના આ સિદ્ધાંતોનું જીવનમાં પળે પળે, પ્રસંગે પ્રસંગે સતત અનુસંધાન રહે, તે મુજબની વિચારશૈલી તેમ જ જીવનશૈલી બને ત્યારે જ્ઞાન પામ્યા કહેવાય. 'ખપમાં આવે તે જ્ઞાન.' જો એવું વર્તાય તો વચનામૃત લોયા પ્રકરણ ૧૦ મુજબ અલમસ્ત આનંદમાં રહેવાય, વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણ ૧ મુજબ નિર્મોહી બની જવાય, આત્યંતિક મુક્તિ - અક્ષરધામની પ્રાપ્તિ થઈ જાય. પરંતુ વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણ ૧માં જ શ્રીહરિએ સમજાવ્યું છે કે "એક દિવસે જ એમ કરી લઉં...' એમ ઉતાવળે એ કામ થતું નથી; એ તો હળવે હળવે આદર રાખે તેને થાય છે."

એ આદર રાખવો એટલે શું? તે અંગે શ્રીહરિએ, જ્ઞાન સાંભળ્યા પછી તેનું મનન તથા સતત નિદિધ્યાસન (વારંવાર યાદ કરવું તે) કરવાનો આદેશ


આપ્યો છે. (વચ. સા. ૩, ગ.અં. ૨૭)

જ્ઞાનની વાત સાંભળીને તેનો મનમાં વેગ લગાડી દેવા અંગે પણ શ્રીહરિ વચનામૃત ગઢડા અંત્ય પ્રકરણ ૩૯માં આદેશ આપે છે. આ રીતે પુરુષપ્રયત્ન કરવાથી, પ્રગટ અક્ષરબ્રહ્મ સત્પુરુષના જીવન અને આદેશોને નજર સમક્ષ રાખવાથી તેઓની જ કૃપાથી આ જ્ઞાન અવશ્ય જીવનમાં ચરિતાર્થ થાય છે.

અંતમાં, બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજનું એક વાક્ય યાદ કરીએ: ‘‘જ્ઞાનનો અર્થ શું?... બ્રહ્મભાવ વધે, પ્રેમ વધે, મહિમા વધે, છેલ્લી પંક્તિનો (ભક્ત) હોય તેને નમે, સુહૃદપણારૂપી ચીકાશ આવે, મહિમા દરેકનો સમજાય, ત્યારે જ્ઞાન વર્યું કહેવાય.’’

પુરુષોત્તમ ભગવાન સ્વામિનારાયણ, અક્ષરબ્રહ્મ શ્રી ગુણાતીતાનંદ સ્વામી મહારાજ તથા પ્રગટ અક્ષરબ્રહ્મ સત્પુરુષ મહંત સ્વામી મહારાજનાં ચરણોમાં અંતઃકરણપૂર્વક પ્રાર્થના કરીએ કે આપણને સૌને આ જ્ઞાનના પરમ અધિકારી બનાવે.


બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ
(૧૯૨૧-૨૦૧૬)



બ્રહ્મસ્વરૂપ
પ્રમુખસ્વામી મહારાજ

પ્રમુખસ્વામી મહારાજ એટલે 'બીજાના ભલામાં આપણું જ ભલું છે...!' જીવનસૂત્ર સાથે લાખો લોકોને હૂંફ આપનાર એક વિરલ સંતવિભૂતિ. ભગવાન સ્વામિનારાયણની ગુણાતીત ગુરુપરંપરાના પાંચમા ગુરુદેવ આ વિશ્વવંદનીય સંતે નિર્વ્યાજ વાત્સલ્યવર્ષામાં બાળકો, યુવાનો, વૃદ્ધો, ભણેલા કે અભણ, દેશ કે વિદેશના સૌ કોઈને ધન્ય કર્યા હતા. બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાની અનેકવિધ આંતરરાષ્ટ્રીય પ્રવૃત્તિના સૂત્રધાર સ્વામીશ્રીએ, કઠિન પુરુષાર્થથી એક વિરાટ ચારિત્ર્યવાન સમાજ ખડો કર્યો છે. ૧૭,૦૦૦થી વધુ ગામોમાં વિચરણ; ૨,૫૦,૦૦૦થીય વધુ ઘરોની મુલાકાત; ૭,૦૦,૦૦૦થીય વધુ પત્રોનું લેખન; કરોડોની વ્યક્તિગત મુલાકાત વગેરે દ્વારા આ મહાન સંતે અસંખ્યનો જીવન-ઉત્કર્ષ કર્યો છે. અક્ષરધામ જેવા જગવિખ્યાત સંસ્કૃતિધામ ઉપરાંત, જગતભરમાં ૧,૧૦૦થીય વધુ મંદિરોનું સર્જન કરીને તેમણે સંસ્કૃતિનાં ચિરંતન સ્મારકો સ્થાપ્યાં છે. ભારત અને વિશ્વના અનેક દેશોમાં અનેક કુદરતી આપત્તિઓમાં તારાજ થયેલા લોકો માટે આ કરુણામૂર્તિ સંતની કરુણા વહી છે. એટલે જ, આંતરરાષ્ટ્રીય ધુરંધરોથી લઈને આદિવાસી સુધીના અસંખ્ય લોકોએ તેમને હૃદયપૂર્વક ચાહ્યા છે. સાધુતાના શિખર સમાન આ મહાન સંતની વિરાટ સિદ્ધિઓનું રહસ્ય એટલે પરમાત્માનો સાક્ષાત્કાર. અસંખ્યોએ તેમના સાંનિધ્યમાં પરબ્રહ્મની દિવ્ય અનુભૂતિ કરી છે, ઉચ્ચ અધ્યાત્મ-શિખર પ્રાપ્ત કર્યું છે

પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજ
(જન્મ : તા. ૧૩-૯-'૩૩, જબલપુર, મધ્ય પ્રદેશ)



પ્રગટ બ્રહ્મસ્વરૂપ
મહંત સ્વામી મહારાજ

પ્રેરણામૂર્તિ પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજના આધ્યાત્મિક અનુગામી તરીકે બિરાજમાન પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ એક વિરલ સંતવિભૂતિ છે. બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના પુરોગામી ગુરુદેવ બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજે સન ૧૯૬૧માં તીર્થધામ ગઢડા ખાતે એક સાથે ૫૧ સુશિક્ષિત નવયુવાનોને દીક્ષા આપ્યા બાદ નવદીક્ષિતોના મહંત તરીકે તેમને નિયુક્ત કર્યા ત્યારથી તેઓ 'મહંત સ્વામી'ના નામે વિશેષ આદરણીય બન્યા. તપ, વ્રત, સંયમ, ભક્તિ, સાધુતા, વિનમ્રતા સરળતા ને બુદ્ધિમત્તા વગેરે અનેક સદ્‌ગુણો અને સેવામય જીવનથી તેઓ બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ અને બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજની સતત પ્રસન્નતા પામતા રહ્યા. પ્રમુખસ્વામી મહારાજની આજ્ઞા અનુસાર બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાની અનેક સેવા-પ્રવૃત્તિઓમાં નેતૃત્વ પૂરું પાડીને તેમણે સેવકભાવે અનન્ય સેવાઓ આપી છે. સંસ્થાના વિરાટ આંતરરાષ્ટ્રીય મહોત્સવો, અક્ષરધામ જેવાં મહાન સર્જનો, બાળ-યુવા પ્રવૃત્તિઓ વગેરેમાં તેમનું યોગદાન અનન્ય રહ્યું છે. તેમનાં ગહન ચિંતનશીલ વ્યાખ્યાનોએ લાખો લોકોને આધ્યાત્મિક પ્રેરણાઓ આપી છે; તેમની ભગવન્મય પ્રતિભા અને સાધુતાએ સંતો, હરિભક્તો અને અસંખ્ય ભાવિકોનાં જીવન પર ઊંડો પ્રભાવ પાથર્યો છે. પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજની આજ્ઞાથી બી.એ.પી.એસ. સંસ્થાના છઠ્ઠા ગુરુદેવ તરીકે બિરાજીને તેઓ પ્રમુખસ્વામી મહારાજે વિસ્તારેલાં વિરાટ આધ્યાત્મિક અને સામાજિક કાર્યોના સૂત્રધાર તેમજ લાખો આબાલવૃદ્ધ ભક્તોના ગુરુદેવ બન્યા છે. પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજના પગલે પગલે તેઓ, બી.એ.પી.એસ.ના અસંખ્ય ભક્તો-ભાવિકોને ભગવાન શ્રી સ્વામિનારાયણે ચીંધેલા આધ્યાત્મિક માર્ગે વેગ આપી રહ્યા છે.

1819–2019

વચનામૃત

દ્વિશતાબ્દી મહોત્સવ

પરબ્રહ્મ પુરુષોત્તમ ભગવાન શ્રી સ્વામિનારાયણે આ વસુંધરા પર અવતરીને
એક વિરાટ અને કલ્યાણમય આધ્યાત્મિક આંદોલન આદર્યું હતું.
એ આંદોલનના એક ભાગરૂપે હતાં – એમનાં જ્ઞાનસત્રો.
એમની એ પરાવાણીને પ્રમાણિત રીતે સંગ્રહીને તેમના સમકાલીન વિદ્વાન
અને સમર્થ સંતશિષ્યોએ તેનો સંપાદિત ગ્રંથ તૈયાર કર્યો.
નામ આપ્યું – વચનામૃત, જેને સ્વયં ભગવાને પ્રમાણિત પણ કર્યો.
આ વચનામૃત ગ્રંથ આધ્યાત્મિક ઇતિહાસમાં એક અજોડ શાસ્ત્ર છે.
જેમાં વેદ-વેદાંત-પુરાણ-ઇતિહાસ-સ્મૃતિ ગ્રંથો વગેરે તમામ શાસ્ત્રોનો
અનુભવ અને સાક્ષાત્કારયુક્ત અર્ક ટપકે છે. આધ્યાત્મિક માર્ગે પ્રગતિ કરવા
ઇચ્છતા કોઈપણ મુમુક્ષુ માટે વચનામૃત એક અનિવાર્ય ગ્રંથ છે.
તેમાં સૌ કોઈને સમજાય તેવું સરળ, અદ્‌ભુત, અનુભવપૂર્ણ માર્ગદર્શન છે.
આધ્યાત્મિક માર્ગે મુમુક્ષુને ઉદ્‌ભવતા પ્રશ્ન માત્રનું સર્વોત્તમ સમાધાન છે.
પ્રેરણામૂર્તિ મહંત સ્વામી મહારાજના આશીર્વાદ સાથે
વચનામૃત દ્વિશતાબ્દી પર્વે વિવિધ દૃષ્ટિકોણથી વચનામૃતનું આચમન કરાવતી
આ પુસ્તિકા-શ્રેણીને માણીએ અને વચનામૃતને હૈયે ઊતારીએ...

स्वामिनारायण

BAPS

Vachanamrutma
Jnan Nirupan USD 0 75
1 5 9 2 0
B G 3 6 5
ISBN 978-81-7526-956-9